THE DINKARD.

THE ORIGINAL PÉHLWI TEXT; THE SAME TRANSLITERATED IN ZEND CHARACTERS; TRANSLATIONS OF THE TEXT IN THE GUJRATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT TERMS.

BY

PESHOTUN DUSTOOR BEHRAMJEE SUNJANA.

VOL. IV.

PUBLISHED UNDER THE PATRONAGE

OF THE

SIR JAMSEDJI JIJIBHAI TRANSLATION FUND.

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS

BY RUSTOMJEE NOWROZJEE KHAMBATTA,

87 COWASJEE PATELL STREET, FORT.

IN THE YEAR 1252 OF YEJDAJARD AND 1883 OF CHRIST.

દીંનકર્દ કેતાબ

તેહની

અસલ પેહલવી એબારત, જંદ અક્ષરે ઉચ્ચાર, ગુજરાતી તથા ઈંગરેજી તરજુમો, શરેહ, અને અગતજોગ પેહલવી શબદોની ફરહંગ સાથે.

બનાવનાર,

પેશોતન દસતુર બેહરામજી સંજાણા.

દફતર ચોથું.

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશન ફંડના આસરા હેઠળ

છપાવી પરગટ કરેલું છે.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાંનાંમાં,

રૂસતમજી નવરોજજી ખંબાતાએ છાપ્યું છે.

કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં ૮૭.

સને ૧૨૫૨ યજદજરદી.

ઇસવી સને. ૧૮૮૩.

સાંકલીઉ.

સફો.

સવાબ અને ગુનાહનું કાંમ કરવાને માટે કીઉં ઇનસાંન સકતીવાલું તથા વગર સકતીવાલું છે? ૧૮૩

માંણુસનાં આએ દુનીઆંનાં કાંમ આવતી દુનીઆંનાં એતેકાદ સાથે એકમલતાં હોવાથી, તે આદમી સુધરેલું (ઇઆને સવાબકાર) બનેછે. અને અહેર-મનનાં નાસકારક કઉઅતનાં સંબંધથી, તે ખરાબ થાએછે.... .... ૧૮૪

સઘલા સવાબકારો, તેમજ ગુનેહગારો, ભલાં અને બુરાં મુલની પખશવાલા અને તેને લગતો સંબંધ ધરાવનાર, આએ દુનીઆંની શરૂઆતથીછે. ૧૮૭

આદમીની ઓલાદને લગતી દીનની સકતી વીશે.. .... ૧૮૯

દીનની સાથે સંબંધ ધરાવનારાં અને દીનથી જુદાઈ રાખનારાં માણસો કીહાંછે? તે વીશે ૧૯૦

માંણુસની અંદર ચહડતે દરજેની અકલને લગતા બે ઓત્તમ ગુણોછે. તેમજ તેની અંદર નીચ દરજજેની ઉલટી અકલને લગતા બે દુરગુણોછે, તે વીસે. ૧૯૦

રોશની તથા અંધારાં વીસેનો ઓલાસો ૧૯૨

આએ દુનીઆંનાં માંણુસોને અહેરેમનને લગતાં કાંમ કરવાનો વીચાર કેમ મલેછે? ૧૯૬

સારી અને નરસી દાંનાઇ વીસે ભલી દીનને લગતો ઓલાસો.. .... ૧૯૭

આએ દુનીઆંને સારી રીતે ચલાવવું, એ પાદશાહોની તરફથીછે.... .... ૧૯૮

અગમબુધ્ધિ, ચહડતો દરજો, પીછાંણુસકતી, દાંનાઈ, એતેકાદ, એકીન, તરકસકતી, હોશ, અકલ, વીચાર, વાચા અને કરણી વીસે ૧૯૯

માંણુસની દાંનાઇ, ઇચ્છા અને વાચાના એક એકબીજા સાથના સંબંધ વીસે.. ૧૯૯

અહેરેમનને આએ દુનીઆંમાં હાંણી પોહચાડનારો કોણછે? અને ઇનસાનને હાંણી પોહચાડવાથી હાંણી પાંમેલો કોણછે? તે વીસે.. .... ૨૦૨

દીનને લગતું કીહું ઇનસાંન, ભલાઇ અને બુરાઇના સંબંધવાલુંછે? અને તેનો તોલ સાથી થાઈ સકેછે? તથા સાથી, તેની ભલાઈ અને બુરાઇ ઓળખાઇ સકેછે? ૨૦૩

આદમીથી અંઘરમઇનીઉશને જુદું પડવું, કોઈ દીનની મારફતે નથી, પંણ એક મજદીઅસની દીનથીછે, તે વીસે ૨૦૪

દુનીઆંમાં ભલાં અને બુરાં કાંમથી, એકે બીજાની ઉપર ફાવવુંછે, તે વીસે.. ૨૦૬

કીઉં માણુસ પોતે પોતાને સારૂછે. અને કીઉં પોતાને સાર નથી; તે વીસે.. ૨૦૮

આદમીને તેના ધનધાને લગતી પુરતી સહમજ સાથી મલેછે? ૨૦૮

માંણુસોને મજદીઅસની દીનમાં લાવનારો પાદશાહ નેકીનો વધારો કરનાર અને બદીનો ઘટાડો કરનારછે ૨૦૯

ચહડતે દરજેનું કઉઅત, એ માણુસને સરવેથી ઉનચે દરજે પોહોચાડનારી, અને તેને પ્રકાશ આપનારી, નીશાંનછે. અને નીચ દરજેનુંક ઉઅત, એ માણુ-સને નીચ અને અસ પાંમતી હાલતમાં લાવનારી નીશાંનછે, તે વીશે.. ૨૧૦

મજદીઅસની દીનને વધારૂ પ્રકાશ આપનારા તથા તેને જાંખી કરનારા વીચાર વીસે.. .... ૨૧૧

શરીર અને આતમાને લગતાં વધદકપણાંને લગતી બાબત.. .... ૨૧૨

માંણુસને આવતી દુનીઆંનું કાંમ કરવું ઘટારતછે, તથા નહી કરવાજોગ કાંમથી તેણે દુર રેહવું સજાવારછે, તે વીસે ૨૩૧

સફે.

કીઉં માંણસ પોતાને આએ દુનીઆંમાં અમરગ હાલતમાં ચલાવેછે ? તથા કીઉં ઇનસાંન સ્પન્તોમદઇનીઉશ અને અંઘ્રમઇનીઉશની પખ્શમાં પોતાને ચલાવનારુંછે ? તે વીસે.... .... ૨૩૩

શુરીઅને તેની અસલ જગોએથી આએ દુનીઆંમાં કેટલી વખત પ્રકાશવુંછે ? તે વીસે.... .... ૨૩૪

મજદીઅસની દીનની સહમજ અવસ્તાના તરંણુ ભાગમાં સહમજાવેલીછે, તે વીસે. ૨૩૬

આએ દુનીઆંમાં અંઘ્રમઇનીઉશની ઘાતનો જોર હોવા છતાં, દાદાર પોતાની પેદાએશને હમેશાં ચાલુ રાખનારછે, તે વીસે.... .... ૨૩૮

આદમીઓએ દશતુરાંન દશતુરને માંન આપવાની, અને સરવેથી વડા એક દશતુરના કેહવાને કબુલ રાખવાની જરૂર વીસે ૨૪૦

આદમીઓએ પોતાના પ્રમાંણીક પાદશાહના હોકમ પરમાંણે ચાલવું સજાવારછે, તે વીસે.... .... ૨૪૨

મજદીઅસની દીનના (હાતેમાંથ્રે-દાત-અને ગાથાને લગતા) અવસ્તા એકબીજાને લગતી મતલબને જાહેર કરનારાછે, તે વીસે ૨૪૨

દુનીઆંને લગતા સરવેથી સારા અને સરવેથી બુરા વખતની નીશાંણી તથા તે દરએક વખતને લગતી ચેઆર આએપત વીસે.... .... ૨૪૪

જાંહાંખી બદકારીનો ઘણો વધારો હોએ, તાંહાંથી તેનો ઘટારો કરવાનું દીનનું ફરમાંનછે.... .... ૨૪૫

આદમીની અંદર યજદાંની ભલી યાદ હમેશાં કરવાનો જે મારગ, વીચારસકતીથીછે, તે વીચારસકતી તેની અંદર બંધ પડવાથી, તે ભલી યાદ કરવાને લગતો સારો ખવાસ આદમીમાં મુતલક રેહતો નથી.. .. .... ૨૪૬

પસંદ કરવાજોગ સારી કીરીઆવાલાં ધરમી કાંમોછે. અને (તેથી) ઉલટાં, નરસી કીરીઆવાલાં બુરાઇ અને જાદુઇને લગતાં કાંમોછે. તેનું નીવારંણ કરવાના ઉપાએ વીસે ૨૪૭

બાપે, તેનાં ફરજંદ ઉપર, તે ફરજંદની બુચગીથી તે, તે મોટું થાએ તાંહાંશુધી, પોતાનો પેઆર રાખવો સજાવારછે, તે વીસે ૨૪૯

અશો લોકોના (સવાબના) બદલા વીસે, તથા તેઓની (ગુનાહને લગતી) સજા વીસે, અને પાપીઓની (ગુનાહને લગતી) સજા વીસે, તથા તેઓને મલતા બદલા વીસે, ભલી દીનને લગતો ખોલાસો ૨૫૦

પેદાના કરનાર દાદારને કોઇ જગોએથી, ઇઆ કોઈ ચીજથી હાંણી પોહચવીછે કે નહી ? તે વીસે.. .... ૨૫૧

જે કાંઇ મુલછે, તે ફલથીછે. અને જે ફલછે, તે મુલથીછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.. .... ૨૫૨

છુટકારો મેલવવાની ઇચ્છાવાલું કોણછે ? અને તેનું નાંમ અવસ્તામાં શું છે ? તથા છુટકારો મેલવવાની ઇચ્છાવાલું કરનાર કોણ છે ? અને છુટકારો મલવાની ઇચ્છાવાલું કરવાનો શબબ શું છે ? છુટકારો મેલવવાની ઇચ્છાવાલું માણસ, તેના દુશમનની તરફના તરીકા ઉપર શોક કરવાને માંટેનું કેમ નથી ? અને તેને કોણથી તથા સાને સારૂ ફાએદો અને નોકસાંનછે. તે વીસે. ૨૫૩

૧૩૫ (આએ દુનીઆંમાં), જે સકતીવાંન તથા વગર સકતીવાલું (ઈનસાંનછે), તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

—◦◎◦◎◦—

જાંણવું કે, જે આદમી (આએ દુનીઆંમાં) ચહુડતે દરજેનું, ઈચ્આ, ઉલટા એરાદાવાલું કાંમ કરવાથી, (મીનોઈ જેહાંનમાં સારો અથવા નરસો) બદલો મેલવવાને લાએકનું હોએછે; તે (આદમી) સકતીવાલા (સ્પન્તોમઈનીઉશ તથા અંગ્રમઈનીઉશ) ની તરફેનવાલું ગણાએછે. અને જે આદમી ચહુડતે દરજજેનું, ઈચ્આ ઉલટા એરાદાવાલું કાંમ કરવાથી, (સારો અથવા નરસો બદલો, મેલવવાને લાએકનું નથી; તે (આદમી) સકતીવાલા (સ્પન્તોમઈનીઉશ તથા અંગ્રમઈનીઉશ) ની તરફેનવાલું ગણાતું નથી. ૨ આએ ૩ સકતીવાલા (સ્પન્તોમઈનીઉશ તથા અંગ્રમઈનીઉશ) ની તરફેનવાલાં જે (ઈનસાંનો) છે, તેમજ જે ઈનસાંનો તેઓને લગતી સકતી વગરનાંછે, તેઓની વીગત દીનની રાહે ફતવો આપનારા દસ્તુરોએ, ચેઆર રીતે જણાવેલીછે. જેમાંનું એક ઈનસાંન તેછે, કે જે, મીનોઈ દુનીઆંને ૪ સારૂ, તેમજ આએ દુનીઆંને સારૂ, સકતીવાંન હોએ; જેની મતલબ હુશીઆરીવાલાં તથા અંદાંમના સઘલા અવયવોથી સલાંમત ઈનસાન વીસેનીછે. બીજું ઈનસાંન તેછે, કે જે, મીનોઈ દુનીઆંને સારૂ સકતીવાંન હોએ, પણ ૫ આએ દુનીઆં (નાં કાંમ) ને માંટે અસકત હોએ; જેહની મતલબ હોશવાલાં, પણ બદનના સઘલા અવયવોની સકતીથી અટકેલાં ઈનસાંનનીછે. તરીજું ઈનસાંન તેછે, કે જે, મીનોઈ દુનીઆંને લગતી હીલચાલની સકતી ૬ ધરાવતું નહી હોએ, પણ આએ દુનીઆંને લગતી સકતી ધરાવતું હોએ; જેની મતલબ હોશ વગરનાં, પણ બદનના સઘલા અવયવોની સકતીથી સલામત ઈનસાંનનીછે. આએ ઈનસાંન તેની વાચા સકતી છતાં, કોઈનીબી તરફેનવાલું (ગણાઈ સકતું) નથી. કેમકે મીનોને લગતી સકતી વગરનું ઈનશાંન હોશ વગરનું હોએછે, અને તે હોશ વગરનું ઈનશાંન, નથી આએ દુનીઆંને લગતી સકતી (દુનીઆને સહમજ) વાલું, કે નથી તે સકતીને મેલવવાને લાએકનું. ચોથું ઈનસાંન તેછે, કે જે, મીનોઈ દુનીઆંને સારૂ ૭ વગર સકતીનું, તેમજ આએ દુનીઆં (ની હીલચાલ) ને સારૂ વગર

કઉઆતનું છે; જેની મતલબ વગર હોશવાલાં તથા અંદાંમના સઘલા અવ-યોની હીલચાલથી અપંગ માંણસનીછે.*

૧ ૧૩૪ **(માંણસનો) આએ દુનીઆંને લગતો આપ (ઈઆને કાંમો), આવતી દુનીઆંના એતેકાદના સંબંધ સાથે એકમલતાં હોવાથી, આદમી સુધરેલું બનેછે. અને નાશકારક (અંધરમઈનીઊશની) કઊઅતબા સંબંધથી, ઈનસાંન ખરાબ થાએછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાંણવું કે, આએ દુનીઆંની આમીજશ, (ઇઆને ભેલસેલ હાલત) ની અંદર, માંણસના સુધારાને લગતાં કાંમોને સારૂ, આવતી દુનીઆંને લગતી સખાવતોછે. અને તે (સખાવત), એકબીજા સાથે, (ઇઆને આએ તથા આવતી દુનીઆંનો) સંબંધ ધરાવનારી કઉઅતની સાથે, એકમલતી હોવાએ બનેલીછે. (એટલે જે જે કાંમથી માણસનાં બદનને, તેમજ તેના આતમાને સુખ મલે, તેવાં કાંમ સખાવત ઇઆને ધરમને લગતાંછે.) તે ઉપરથી, નેકી સાથે જીનદગી ગુજારનારા દીનના પેશવા અને અશો ધરમગુરૂ, આદરબાદ એબને જરથુશતે,† પેલા અગમ બુધીવાલા શેહુ-

* આપણા પાક મજહબનું ફરમાંન એવુંછે કે, આએ દુનીઆંથી જે ઇન-સાંન ગુજરી જાએછે, તે ઇનશાંનની ચેહારૂમની બાંમદાદને. વખતે, તેહને મીનોઇ જેહાંનમાં ચાનવદપુલની નજદીક, પોતાનાં આએ દુનીઆંમાં કરેલાં કાંમનો હેસાબ, મેહર દાવર અને રશને રાસ્તની હજુરમાં આપવો પડેછે. અને તેયાં નેક કાંમ કર-નારને બેહસ્તનું મકાંન મલવાનો અને બદ કાંમ કરનારને દોજખનું મકાંન મલવા વીસેનો ઠેડાવ થાએછે. પણ આએ ઉપલાં પ્રાકરણમાં જણાવેછે કે, આએ દુની-આંનાં કરતુકનો જવાબ દેનારૂં ઇનસાન સહમજ સુકતી ધરાવનારૂં ઇનસાનછે. જે ઇનસાંનમાં, હોશ અને અકલ નથી. તે ઇનસાંન તેને લગતાં કરતુકનું જવાદાર નથી. તેમજ તે મીનોઇ જેહાંનમાં સારો માઠો બદલો મેલવી સકતું નથી.

† આએ 'આદરબાદ એબને જરતોશત' નાંમનો દસ્તુર, દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારાસ્પંદનો નબીરો થાઈ ગીએોછે, આએ કાબેલ દસ્તુરે આપણા મજહબને લગતાં ઘણુંએક લખાંણ કરેઆં હતાં. વંદીદાદની પેહલવી શરેહ, શાયસ્ત લાશાયસ્ત, અને બીજાં પેહલવી પુસ્તકોના લખનારાએ પોતાનાં લખાંણની અંદર આએ દસ્તુરનાં લખાંણોમાંથી ઘણીએક નોંધ કરીછે. 'આફરીને પંજી' માં આએ અશો દસ્તુરનાં રવાંનની યાદ બીજા બુજોરગ દસ્તુર દાવરોનાં રવાંનોની સાથે કરેઆમાં આવેલીછે.

નશાહ યજદગરદ એબને શાહપુર* ને, દીનને લગતા સકતીવાન વીચારની સારી સહમજ, નીચે પરગટ કરેલા એક નકશના આકારમાં બતલાવી હતી. અને સારી તથા નરસી ગેબી સકતીઓનું બલ, એકબીજાથી ખરાબ થવાએ, એકથી બીજાને નકામું થવાનું (એટલે સ્પન્તોમઈનીઉશની સકતીની ગાલેબીથી અંઘ્રમઈનીઉશની સકતીઓને હાંણી પોહચવા અને અંઘ્રમઈનીઉશની સકતીઓના ફાવવાથી સ્પન્તોમઈનીઉશની સકતીઓને દુર થવા) જણાવીઉં હતું; કારણ કે આએ દુનીઆંનું દરએક માંણસ, ગેતી અને મીનો, ૩ (ઇઆને આએ તથા આવતી) એ બેહુ દુનીઆંનાં સંબંધવાલી વસ્તુના વસીલાથી, (પોતાની) હયાતીને શુધારવાને માંટેનું જે કાંઈ જણાએલુંછે, તે સારી અકલને લીધેછે. અને તે બેહુ દુનીઆંના સંબંધવાલી વસ્તુની ૪ ખાહેશ, આએ દુનીઆંની અંદર મીનોને લગતા સાથી તરીકે, આતમાનાં કાએમ રેહેવાથીછે. એમાં ગેતીને લગતી એક વસ્તુ (આદમીની) કાયાછે. ૫ અને મીનોને લગતી વસ્તુ રવાનછે. અને તેઓના એકબીજા સાથના મેલાપથી, આદમી બનેલુંછે. બીજી આએ દુનીઆને લગતી (વસ્તુ) દોલતછે, અને ૬ મીનોઇ દુનીઆંને લગતી (વસ્તુ) સવાબછે. તુરીજી આએ દુનીઆંને લગતી ૭ (વસ્તુ) આબરૂછે, અને મીનોઇ દુનીઆંને લગતી (વસ્તુ) સારી હીલચાલછે. ચોથી આએ દુનીઆંને લગતી (વસ્તુ) હકુમતછે, અને આવતી ૮ દુનીઆંને લગતી વસ્તુ દીનછે. પાંચમી આએ દુનીઆંને લગતી ૯ (વસ્તુ), સારી સખાવતછે. અને આવતી દુનીઆંને લગતી (વસ્તુ), દાંનાઇછે. (માંણસ), રવાંનને લગતી સારી સકતીઓની મારફતે, ૧૦ આબરૂને લાએકનું થાએછે. અને સારી હીલચાલની મારફતે, દોલત અને ઓત્તમ સવાબવાલું બનેછે. (માંણસનું) બદન, સારી સાહવચેતી- ૧૧ વાલું રવાનને લીધેછે. અને આતમા (પોતે), તે, એકબીજાના સંબંધને લીધે ૧૨ (ઇઆને રવાંન તરફથી બદનને સાવધ રાખવાના સબબથી), જુઠા દરૂજના સંબંધથી દુર રેહી સકેછે. અને તે (આતમા અને બદન), એ દરએકની ૧૩ સકતીને કમજોર થવાથી, દરએકને સુસ્ત થવુંછે; કેમકે આતમાને લગતી કોઇબી સકતી નબલી થવાથી, બદનને લગતી દરએક સકતી અટકેછે. અને બદનને લગતા કોઇબી ભાગને હાંણી પોહચવાથી, તેની સાથે સંબંધ રાખનારા આતમાને ઇજા થાએછે. એટલા માંટે (માંણસની) આએ દુની-

* આએ પાદશાહ ઇસવી સને ૩૯૯ માં તખ્ત ઉપર બેઠો હતો.

આંને લગતી જાતને કીમતી થવું, એ રવાંનની પવીતરાઈને લીધેછે. અને ગેબી રવાંનને પવીતરાઈ મેલવવી, એ આએ દુનીઆંને લગતી કાયાની
૧૪ સકતીઓની મારફતેછે. આએ દુનીઆંની દોલતને બુજોરગી, આવતી દુનીઆંને લગતા સવાબને, તેની મદદ મલવાથીછે; (કારંણ કે), આવતી દુની-આંને લગતા સવાબનું મેલવવું, ઘણુંકરીને આએ દુનીઆંને લગતી
૧૫ દોલતથી બની સકેછે. આએ દુનીઆંને લગતી આબરૂની કીમત, આવતી દુનીઆને લગતી સારી હીલચાલ (ઇઆને કાંમ) થીછે.
૧૬ અને આવતી દુનીઆને લગતી સારી હીલચાલ (ઇઆને કાંમ) નો વધારો, આએ દુનીઆને લગતી આબરૂની કાલજી રાખવાથીછે.
૧૭ આએ દુનીઆની હકુમતનો સુધારો, લોકોની અંદર મીનોઈ (ઇઆને ખોદાઈ) દીનની અસર હોવાથીછે. અને મીનોને લગતી દીનનું (દુનીઆમાં) ચાલુ રાખવું, એ આએ દુનીઆંની હકુમતનો સંબંધ લોકોમાં ખુબીથી
૧૮ રાખવા સારૂંછે. આએ દુનીઆને લગતી સારી બખશેશ (ઇઆને સારાં કાંમ) ને બુજોરગી, મીનોઈ દુનીઆને લગતી દાંનાઈનો તેની સાથે સંબંધ હોવાને લીધેછે. અને આવતી દુનીઆને લગતી દાનાઈ, આએ દુનીઆંને
૧૯ માંટેની ઘણી સારી સખાવત કરવાથીછે. ગેબી રવાંનનાં પાપથી, આએ દુનીઆંની કાયાને સજા થવીછે. અને આએ દુનીઆંની કાયાને ઇજા થવાથી
૨૦ ગેબી રવાંનને તેનીથી જુદું પડેવુંછે. મીનોને લગતા સવાબનું અટકવું, આએ દુનીઆંની દોલતનાં ફના થવાથીછે. અને આએ દુનીઆની દોલ તના સંબંધનું નાલાએક થવું, એ મીનોને લગતો સવાબ તેનીથી
૨૧ દુરમલ થવાએછે. આએ દુનીઆને લગતી આબરૂની હાંણીથી, આવતી દુનીઆને લગતી સારી હીલચાલનું ટુટવુંછે. અને મીનોઈ દુનીઆને લગતી સારી હીલચાલના ટુટવાથી, આએ દુનીઆંની આબરૂનો સંબંધ
૨૨ માણસ સાથે રેહેતો નથી. આએ દુનીઆની હકુમતની ચહડતી કલાના પડી ભાગવાથી, મીનોને લગતી દીનને (દુનીઆંમાં) ચાલુ રેહવાનો અટકાવ થાએછે. અને મીનોને લગતી દીનની નાપાએદારીથી, આએ દુનીઆંને
૨૩ લગતી હકુમતનું કાએમ રેહવું નથી. આએ દુનીઆંને લગતી સારી બખશેશ (ઇઆને કાંમ) થી, સારા બદલાનું નહી મેલવવું, એ મીનોને લગતી દાંનાઈ વગરની નબલી બુધ્ધીથીછે. અને (મીનોને લગતી) દાંનાઈની ઇચ્છા નહી રાખવાથી (ઇઆને ખોદાઈ દીનની સમજ વગર) કરેલી, આએ દુનીઆંને લગતી શારી બખશેશ (ઇઆને કાંમો), સ્તુતી કરવા જોગ નથી.

(તે) નકશ આએછે.

મીનોને લગતાં રવાંનથી, આએ દુનીઆંને લગતું બદનછે.
મીનોને લગતી દાંનાઈથી, આએ દુનીઆંને લગતી બખ્શેશ
(ઇઆને કાંમો) છે.
મીનોને લગતી દીનથી, આએ દુનીઆંને લગતી હકુમતછે.
મીનોને લગતી સારી હીલચાલથી, આએ દુનીઆંને લગતી
આબરૂછે.
મીનોને લગતા સવાબથી, આએ દુનીઆંને લગતી દોલતછે.

૧૭૮ આએ દુનીઆંની શરૂઆતથી, સઘલા સવાબકારો ભલાઈને લગતાં મુલની તરફેનવાલાછે. અને સઘલા ગુનેહગારો, બુરાઈનાં મુલની પખ્શવાલા તથા તેહને લગતો સંબંધ ધરાવનારાછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૧

જાંણવું કે, સઘલી ભલાઈનું મુલ, અને સઘલી ભલાઈનો સરવેથી આગેવાંન જે છે, તે પેદાના કરનાર અહુરમજદની ભલાઈની ઘણી ઇચ્છાવાલો સ્પેનામીનોછે. માટે જે પાદશાહ, ભલાઈની પખ્શવાલોછે, તે સઘલા લોકોને બેહદ ફાએદો કરનારો તથા આએ દુનીઆને લગતાં કાંમથી તેઓને મીનોઈ જેહાંનમાં ચહુડતે દરજજે પોહચાડનારોછે. અને તે, પોતાથી નોકસાંનને દુર કરનારોછે. સઘલી બદીનું મુલ અને સઘલી બદીનો સરવેથી આગેવાંન, બુરી ઇચ્છાવાલો અંઘ્રમઈનીઉશ, જે (દુનીઆંને) ખરાબ કરનારો એહરેમનછે, તે છે. માંટે જે પાદશાહ બુરાઈની પખ્શવાલોછે, તે સઘલાં ઇનસાંનોને આએ દુનીઆંને લગતું, તેમજ આવતી દુનીઆંને લગતું, અતીશ્ય નોકસાંન પોહચાડનારોછે. અને તેથી તે, પોતાના ફાએદાનો અટકાવ કરનારોછે. માંટે, જે ઇનસાંન, આએ દુનીઆંમાં, સારી વલાણવાલી અકલનાં મુલની મારફતે, હમેશાં સવાબની સાથે જોડાએલું રેહછે; તે જેમ બનેછે તેમ, સારાં કાંમની ઇચ્છા રાખેછે. અને તેથી (આએ દુનીઆંમાં) તે સવાબની આએપતવાલી ઇચ્છાવાલુંછે. અને જે ઇનસાંન આએ દુનીઆંમાં, ઉલટી વલાંણ-

૨ ૩ ૪ ૫

વાલી બુરી બુદ્ધિનાં મુલની મારફતે, હમેશાં ગુનાહની સાથે જોડાએલું રેહછે, તે જેમ બનેછે તેમ, બુરાં કાંમ કરેછે. અને (આએ દુનીઆંમાં) તે, (પાપની) વગર આએપતવાલી, ઇચ્છાવાલુંછે.* (એટલા વાસ્તે) ધરમગુરૂઓમાના જે ધરમગુરૂના મજહબથી, બદીને લગતી ઇચ્છા તથા હોકમ આપેઆમાં આવેલો હોએ, તો તે ધરમગુરૂનો મજહબ, બુરો અને સઘલી બુરાઇથી તેહની કોમને નોકસાંન પોહચાડનારોછે. માંટે જે ધરમ, હયાતીને લગતી ઇચ્છાવાલો નથી, (ઇઆને જેમાં પેદાના કરનાર અહુરમજદની ઇચ્છાને લગતું ગણેઆંન નથી), તે ધરમ પેલા અગણેઆણી, નેસ્તીવાલા (અંગ્રમઇનીઉશ) ની ઇચ્છાને મલતોછે. આએ મજહબને જે કોઇ મજહબ તરીકે કબુલ રાખેછે, તે ગુમરાહીથી વગર હયાતીના ધરમને પસંદ કરનારછે. એવા ધરમને ધરમ તરીકે ગણવો સજાવાર નથી.

---

* 'અહુનવત ગાથા' ના બીજા, તરીજા અને ચોથા શલુકની અંદર આપણા અશો પેગમબર જરતોશ્તે, આપણને ધરમની કેલવણી લઇને, સ્પન્તમઇનીઉશનાં કાંમોને પસંદ કરવા તથા અંગ્રમઇનીઉશનાં કાંમથી દુર રેહવાનું ફરમાંન, નીચે લખી જણાવેઆ મુજબ આપેલું છે:—

[illegible]

તમોએ પોતાને ચહડતે દરજજે પોંહચાડવાની (ધરમને લગતી) કેલવણી લેવી, અને રોશનીવાલા વીચારની મારફતે જોવું અને દરએક મરદ તથા ઓરતે મોહટાં કાંમથી, (આવતી દુનીઆંમાં) તેઓની જાતને શારો બદલો મલે, તેહની માહીતગારી મેલવીને, તે (કાંમો) ને પસંદ કરવાં; એટલા સારૂ કે, (સ્પન્તોમઇનીઉશ અને અંગ્રમઇનીઉશ) એ બેહુ મીનોઓ વચ્ચે, તેઓના ભલા અને બુરા વીચાર વચન અને કાંમને લગતી વાત, (ઇઆને બંદોબસ્ત), દુનીઆંની શરૂઆતમાં થએલોછે. અને તેજ મુજબ તે બેહુ મીનોઓ, પેહલ્લી પેદાએશની અંદર, (ઇઆને ગયોમરદની જાતમાં), દાખેલ થાએઆ હતા. તેઓમાના એકનું કાંમ, બદકાર (માંણસ) ને બદકારીનો વીચાર આપીને તેની જીનદગીને ખરાબ કરવાનું છે. અને બીજાનું કાંમ, અશો (આદમી) ને ભલો વીચાર આપીને, તેહની જીનદગીને જાલવી રાખવાનુંછે. માંટે તમોએ તે બે મીનોઓમાંથી, જે સારી દાંનાઇવાલો (સ્પન્તોમઇનીઉશ) છે, તેહને પસંદ કરવો. અને જે બુરી દાંનાઇવાલો (અંગ્રમઇનીઉશ) છે, તેહને નાપસંદ કરવો.

૧૩૧ આદમીની ઓલાદને લગતી દીનની સકતી વીશે, ભલી દીનને લગતો ખોલાશો. ૧

જાંણવું કે, (આગે નેકી અને બદીથી) ભેલસેલ (દુનીઆંની) અંદર, ૨ આદમીની ઓલાદ, (નીચે જણાવેલી) સરવેથી ઓત્મ-મધ્યમ અને ઉતરતી તરંણ પદવીમાં વેહચાએલીછે. અને તેની વીગત આગે પરમાંણેછે. જે ૩ (ઓલાદ દીનને લગતી સકતીની અંદર) સરવેથી સરશછે, તે (દીનને લગતી સકતીમાં) મધ્યમ તથા સરવેથી ઉતરતી (ઓલાદ) ની અંદર ચહડતે દરજજેનીછે. જે (ઓલાદ દીનને લગતી સકતીની અંદર) મધ્યમછે, તે ૪ (જે ઓલાદ દીનની સકતીમાં) સરવેથી ઉતરતીછે, તેની ઉપર ચહડતે દરજજેનીછે. (ધરમને લગતી પદવીની અંદર), જે સરવેથી ઉતરતી ઓલાદ ૫ હોએછે, તે સરવેથી સરસ તથા મધ્યમ (દીનની સકતી ધરાવનારી ઓલાદ) ની ઉપર ચહડતે દરજજેની થાએછે. અને તેનું કારણ, ઘણુંકરીને ભલી દીન ઉપર તેઓનાં કરતાં વધારે સુસ્ત રેહવાની તેહની દીનને લગતી સકતી અને દીનને લગતો શોકછે. એ પરમાંણે કે જેમ ભલી દીનની ૬ ઉપર સુસ્ત રેહવા સારૂ ઉતરતી ઓલાદવાલાઓ મધ્યમ ઓલાદવાલાઓનાં કરતાં વધારે કાલજી રાખતા હોએ, તથા મધ્યમ ઓલાદવાલાઓ (દીન ઉપર) સરવેથી સરસ એતેકાદ રાખનારાઓનાં કરતાં વધારે કાલજી રાખતા હોએ, તે પરમાંણે તેઓ (દીનને લગતી કઉઅતની અંદર) ચહડતે દરજજેના, (તેઓમાંના) એકની બીજાનાં કરતાં વધારે કાલજી હોવાથીછે. અને (દીન ઉપર) સરવેથી સરસ એતેકાદ રાખનારા લોકો જે યજદોની ૭ મીસાલની જાતવાલા બનેછે, તે તેઓની પોતાની કાલજીથીછે. એજ પરમાંણે ૮ બુરી દીન ઉપર બેહદ એતેકાદ રાખવાએ, ચહડતે દરજજેની ઓલાદવાલાઓ, પોતાની મરજીથી, સરવેથી નીચ ઓલાદનાઓના જેવા અને તેઓની ઉતરતી પદવીના બનેછે. (બુરી દીન ઉપર એતેકાદ રાખનારાઓમાં), જે સરવેથી ૯ નીચ લોકોછે, અને તેઓ જે દેવ દરૂજની માફકની જાતવાલા બનેછે, તે પણ તેઓના પોતાના બુરા શોકથીછે.

૧ ૧૮૦ (માંણસોના દીનને લગતા) સંબંધ તથા જુદાઈ બીસે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, (આએ દુનીઆંમાં), સંબંધ અને જુદાઈ રાખવા જોગ આદમીઓ ઘણી તરેહનાંછે; તેમાં એક, ખોદાના તાબેદારોનો એકબીજાંની સાથે સંબંધ રાખવો, એ ખોદાની તાબેદારીમાં રેહવાના તેઓના (એકમલતા) ખવાસને લીધેછે. અને ખોદાના નહી તાબેદારોની સાથે તે તાબેદારોની ૩ જુદાઈ, તેઓની ખોદાની તરફની નાફરમાંનીના ખવાસને લીધેછે. બીજું—ખોદાના તાબેદારોને, (ઇઆને મજદીઅસની દીન ધરાવનારાઓને), ભલી દીનનાઓની સાથે સંબંધ રાખવો, એ ભલી દીનને લગતા તેઓના મજહબને લીધેછે. અને તેઓને બુરી દીનવાલાઓથી જુદું પડવું, એ તેઓના ૪ બુરી દીનને લગતા તરીકાને લીધેછે. તરીજું—ભલી દીનવાલાઓને, જે કાંઈ ભલા લોકો (ઇઆને અશોરનાંનો) શાથે સંબંધછે, તે યજદાંની આરાધના કરવા સારૂ બખશેશ આપવાનાં કારણને લીધેછે, અને તેઓને બુરા લોકોથી જુદાઈછે, તે યજદાંની આરાધનાં નહી કરવા માટે તથા તેઓની ૫ તરફથી બખશેશ નહી કરવાના સબબને લીધેછે. ચોથું—આએ તરણ જાતના મજદીઅસનાંનોમાં, જે સરવેથી ચહડતે દરજજેનાછે, તે યજદાંની આરાધના કરવાના સબબને લીધે, અને યજદોની દોસ્તી મેલવવાએછે. અને તેઓને દેવોથી જુદાઈ, દેવોની આરાધના તથા તેઓને લગતું કાંમ, તેવોની તરફથી મુતલક નહી થાવાને લીધેછે.

૧ ૧૮૧ (માંણસની અંદર), ચહડતે દરજેની અકલને લગતા બે ઓત્તમ ગુણોછે. તેમજ તેની અંદર નીચ દરજજેની ઊલટી અકલને લગતા બે ઘણાજ બુરા દુરગુણોછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, દીનની અંદર, (ઇઆને પાક અવસ્તામાં), જણાવેલુંછે કે, (માંણસની અંદર) ચહડતે દરજજેની અકલને લગતા જે બે ઓત્તમ ગુણોછે, તે (તેની અશો મરદને લગતી) સખાવત અને મોહબતછે. અને તે

(ગુણ), ખુદ ખોદાએતાલાને લગતાછે. અને એમાંનો દરએક (ગુણ), બીજા (ગુણ) ને લીધે, જલવાઈ સકેછે. (કેમકે), અશો મરદનો પેઆર મેલવવા સારૂ, તેહને ખાલેસ દીલથી આપવું, એ સખાવતછે. અને ભલા મરદને બખ્શેશ કરવાનો આહ, એ અશો મરદને લગતી મોહબતછે. જે (બેહુ ગુણો) થી, માંણસને બેહશતનો સંબંધ થાએછે. તેજ પરમાંણે (માંણસની અંદર), નીચ દરજાજેની ઉલટી અકલને લગતા, બે ઘણાજ ખરાબ દુરગુણોછે, તે (અશો મરદને ભલાં કાંમને સારૂ નહી આપવાની) બખીલી અને (તેને લગતી) દુશમનીછે. વલી આએ બેહુ દુરગુણો, ખુદ દેવને લગતાછે. અને તેમાંના એકને બીજાથી જોબ મલેછે. બખીલી તેછે કે, અશો મરદ જેકાંઈ વસ્તુ માંગે, તેની છત પેલાં ઇનસાન પાસે હોવા છતાં, તે (આદમી), અશો મરદની દુશમનીને સારૂ, તેહને તે નહી આપે. અશો મરદને લગતી દુશમની તેછે કે, જે ભલો મરદ (ઇઆને અશો પુરૂષ), માંણસની મોહબત મેલવવાને લાએકનોછે, તેહની મોહબત મેલવવાને બદલે, બખીલીની મારફતે, તેની દુશમની કરે.*   ૩

* વંદીદાદની ૧૮ મી પરગરદમાં 'સરોશ અશો' અને 'દેવી દરૂજ' વચ્ચે થાએલી વાતચીતની અલંકાર ભાશામાં, દાદાર અહુરમજદે, અશો મરદને મજદીઅસનાંનોની તરફની બખ્શેશ નહી થવાથી, તેઓને ગુનાહ લાગેછે, અને બખ્શેશ થવાથી, તેઓનો ગુનાહ કપાએછે, તે વીશેનું વરણન, આપણા પેગમબરને આએ પરમાંણે જાહેર કરેલું છે.

[illegible]

તે દેવી દરૂજે સરોશ અશોને આએ પરમાંણે જવાબ દીધો કે, ઓ ખુબસુરત સરોશ અશો! મારા તે જવાંનોમાંનો પેહલો જવાંન તેછે, કે જે પુરૂષ, માંગતા છતાં, તેની દોલત અને મતાની અંદરથી થોડો ભાગ, ભલા જવાબને સારૂ,

૧ ।૧। રોશની અને અંધારાં વીસે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, રોશની અને તારીકીથી, આએ દુનીઆંને લગતી ગરમી-સરદી-તરાવત અને સુકાસની મેલવણી (ઇઆને બનાવટ) છે. અને બીજી તેઓને લગતી જુદી જુદી પેદાએશ, તેની, (ઇઆને ઉપલી વસ્તુઓની), મતલબને લગતા અંગશવાલીછે. જેમકે તેથી, (ઇઆને રોશની અને તારીકીથી), આએ દુનીઆંની વસ્તુઓ રોશનીવાલી, અંધારાંવાલી, ગરમીવાલી, સરદીવાલી, તરાવતવાલી અને શુકાસવાલીછે. તેમજ, આએ દુનીઆં, રોશનીને લીધે રોશનીવાલી, અંધારાંને લીધે અંધારાંવાલી, ગરમીને લીધે ગરમીવાલી,
૩ તરાવતને લીધે તરાવતવાલી અને સુકાસને લીધે સુકાસવાલીછે. તેથી, (રોશની અને તારીકી), એ બેહુ એકબીજાના હરીફને, એકબીજાની સાથે રેહવું, તથા (તેઓને સાથે રેહવાથી), આએ દુનીઆંનો દેખાવ એકસરખો દેખાવો, એ નહી બની સકે હેવુંછે. તેમજ, ઘણીએક જુદી જુદી રીતોને લીધે, આએ
૪ દુનીઆંને એકની હરીફાઇમાં (અને બીજાની તરફેનમાં) રેહી સકવું નથી. વલી (આએ દુનીઆંને), ગરમી તથા તરાવત, રોશનીથીછે. જેઆરે આએ દુનીઆં રોશનીવાલી હોએછે, તેઆરે તેહને લગતી દરએક વસ્તુને ખુશબાઇ, પાકી, અને સારો દેખાવ હોએછે. અને બીજી સારી પેદાએશ, સારી હકુમતવાલી † રેહછે.
૫ તેમજ (આએ દુનીઆંને), સરદી તથા સુકાસ, અંધારાંથીછે. જેઆરે આએ દુનીઆં અંધારાંવાલી હોએછે, તેઆરે તેહને લગતી દરએક વસ્તુને બદબોઇ, નજીસી, અને ગુનાહ ભરેલી હીલચાલ હોએછે. અને બીજી બુરી પેદાએશને બુરૂ તેજ તથા બુરી હકુમત † મલેછે. માંટે આએ બેહુ (વસ્તુઓ) ની હરીફાઇ,

---

અશો મરદને નહી આપે. તે (પુરૂપ), મહને હમેલદાર કરેછે; જેમ બીજા જનાવરો પોતાનાં બુનથી માદાઓને હમેલદાર કરેછે તેમ. (ત્યારે) સરોશ અશોએ, લડાઇને સારૂ ઉઠાવેલા ગુરજને હેઠે નાંખીને, (ઇઆને નરમાસથી), (તે) દરૂજને પુછીઉં કે, ઓ સુખ વગરના અને ઉલટું કાંમ કરનારા દરૂજ ! તે (ગુનાહ) ની તોજશ (ઇઆને નીવારણ), શું છે ?-ત્યારે તે દેવી દરૂજે તેહને જવાબ દીધો કે, ઓ ખુબશુરત સરોશ અશો ! તે (ગુનાહ) ની તોજશ, એછે કે, જો તે પુરૂપ, વગર માંગવે તેની દોલત અને મતાની અંદરથી થોડો ભાગ, ભલા સવાબને સારૂ અશો મરદને આપે; તો જેમ એક ચોપગુ વરૂ, એક બચ્ચાંને (તેની) માએનાં પેટમાંથી બાહેર કાઢીને ચીરી નાંખેછે, તેમ તે (પુરૂપ), માહરા હમેલને તોડી પાડેછે.

† રોશનીથી—સારી પેદાએશ, સારી હકુમતવાલી રેહછે. તેહની મતલબ એછે કે, સારી ચાલ ચલણવાલા લોકો, સારાં કાંમો, રોશનીનાં બલથી કરી સકેછે. અને

તેઓનાં જુદાં જુદાં મુલવાલી ચહડતે દરજેની સકતીઓને આએ (દુની-આંની અંદર) એકબીજાની ઉપર ગાલેબ થવાથીછે. તેથી (તેઓમાંની) એક (સકતી) ને બીજાની સાથે રેહી સકવું નથી. (કેમકે, આએ વસ્તુઓમાંની) એક વસ્તુનું મુલ (સ્પન્તોમઇનીઉશ) છે, તેની મારફતે, આએ દુનીઆંની અંદર તેણે લડાઈ કરવી, હદની અંદર રેહવું, અને સારાં કાંમ કરવાંછે. અને બીજી વસ્તુનુ મુલ (અંગ્રમઈનીઉશ) છે, તેની મારફતે, આએ દુનીઆં-માં, (આદમીએ) પાપની સંઘટ કરવીછે. એ ઉપરથી કારંણ એવું જણા-એછે કે, (આએ બે સકતીઓમાંની) એક સકતી, (માંણુસની અંદર), સારા ઉપાએવાલી અને ફાએદાસરની સકતીઓ, જે યજદોને લગતીછે, તેહના સંબંધને દાખેલ કરનારછે. અને બીજી સકતી, (માંણુસની અંદર), તનપરવરીના સુંબંધને લગતી (જે ઉલટી સકતીઓછે), તેનો સંબંધ આપનારછે. આએ (ઉપલું) લખાંણ, દીનનો પેશવા અને નેકીથી જીન્દગી ગુજારનાર, આદરફ-રોબગ એબને ફરોખજાદ, 'આઈનીન નામે' (નાંમની કેતાબ) માં કરેલું હતું, તેહને આગલા દીનના પેશવાઓની તરફથી થાએલાં 'દીનકરદ' નાં આએ બાબતને લગતાં લખાંણની અંદર દાખેલ કરેઆમાં આવીઉંછે. ૬

ધરમગુરૂઓ મધેથી, જે ધરમગુરૂના વચનો, અંધારાંને માંટેના, (ઇઆને દોજખી હીલચાલને લગતા) હોએ, અને જેમાં રોશની, (એટલેજે બેહશતને લગતા વીચાર), મુતલક નહી હોએ; તો, તે (વચનો), અંધારાંને લગ-તાછે. અને જાંહાં, (ઇઆને જે ધરમગુરૂઓના વચનોની અંદર), રોશનીનો પ્રકાશ વધારે હોએ, (એટલેજે જેહના વચનોની અંદર બેહશ-તને લગતી સઘલી હીલચાલનું વરણુન કરેલું હોએ), ત્યાં રોશનીનું કાએમ રેહવું, (ઇઆને બેહશતને લગતા વીચારનું ચાલુ રેહવું), અને અંધારાંનું અસ પાંમવું, (ઇઆને દોજખી વીચારનું નાબુદ થાવુ) છે. જેમકે, જયાં અંધારાંનું પ્રકાશવું હોએચ, ત્યાં કોઈ ચીજને રોશનીનું મેલ-વવું નથી. તેમ (એક ધરમગુરૂના દોજખી વીચારથી, બેહશતને લગતું શુભ માંણુસને મલી સકવાનું નથી.) જયાંવેર, (સ્પન્તોમઇનીઉશ અને અંગ્રમઈ-નીઉશ), એ બેહુની હસ્તી આએ દુનીઆંનાં આદમીને ચલાવવાનો સંબંધ ૭

ચોરીનો અટકાવ, દુખનું નીવારંણ, બદબોહનો નાસ અને ખરાબ હવાનું દુર થવું, એ રોશનીથી થાઈ સકેછે. તેમજ અંધરાંથી બુરી પેદાએશ, બુરી હકુમતવાલી રેહછે. તેની મતલબ એછે કે, બુરી ચાલ ચલણવાલા લોકો—ચોરી, લુટફાટ અને બીજાં ગુનાહનં કાંમો, અંધારાંનાં બલથી કરી સકેછે. અને અંધારાંને લીધે રોગનો ઉપદરવ, હવામાં ખરાબ અસર અને પેદાએશની અંદર બદબોહની ઉતપનતી થાએછે.

ધરાવનારીછે, ત્યાંવેર ઉપલા, (રોશની અને અંધારાંને લગતા), સબબનું દેખાવુંછે; પંણ એ બેહુની, (ઇઆને સ્પન્તોમઇનીઉશ અને અંગ્રમઇનીઉશની), હદ, (આએ દુનીઆંમાં) પુરી થએઆ પછી, કોઈ ચીજની નેસ્તી નથી. આએજ કારંણને લીધે, (રોશની અને અંધારૂ), એ બેહુનું, કેદેબી, એક જગોએ સાથે રેહવું નથી; પંણ હમેશાં એકને બીજાથી, ઢંકાઈ જવું તથા વગર તેજનું બનવુંછે. અને એકને બંધ પડવાથી, બીજાનું ખોલ્લું થવુંછે. (એટલેજે રોશનીના પ્રકાશવાએ, અંધારાંનો નાસ થવો અને રોશનીની ગેરહાજરીએ, અંધારાંને પ્રકાશવુંછે. તેમજ અંગ્રમઇનીઉશને લગતી ઉલટા વીચારની સકતીઓ, માંણુસની અંદર બંધ પડવાથી, સ્પન્તોમઇનીઉશને લગતા નેક વીચારવાલી સકતીઓને, માંણુસની અંદર ખોલ્લાપણાંથી હીલચાલ કરવીછે.) જેમ ગરમીને લીધે સરદી રેહતી નથી. અને તરાવતને લીધે ખુશ્કી રેહતી નથી. તેમ (સ્પન્તોમઇનીઉશને લીધે, માંણુસની અંદર, અંગ્રમઇનીઉશનું રેહઠાંણ થાઈ સકતું નથી). એટલા વાસ્તે, જે એક (ઇઆને અંગ્રમઇનીઉશ), બીજાથી, (ઇઆને સ્પન્તોમઇનીઉશથી), ઢંકાવા અને વગર તેજનો થાવા જોગછે, તેહને સારૂ તેમ કેહવું વાજબીછે. કેમકે, (દુનીઆંમાં) ગરમીની હસ્તી વગર સરદી હોએછે. અને સરદીની હસ્તી વગર, ગરમી હોએછે. અને સુકાસની હસ્તી વગર, તરાવતછે. અને તરાવતની હસ્તી વગર, શુકાસછે. જે સબબને લીધે, તેઓમાંની કોઈ ચીજ વગર, કોઈનાં કાંમનું સેવટ, પારખી સકાત નહી. વલી દુનીઆંની સઘલી ચીજોની અંદર, એકબીજા સાથની હરીફાઇ તથા એકે બીજાને દાબી નાંખવુંછે. તેઆરે (આએ દુનીઆંની) સઘલી વસ્તુઓ, નેસ્તીને માંટેનીછે, એમ કેહવાવું જોઇએ.

૮ વલી એ વીસેનો (બીજો ખોલાસો) એ પરમાંણેછે કે, જે નેસ્તીવાલો (અંગ્રમઇનીઉશ) છે, તે પેહલ્લાને, (ઇઆને સ્પન્તોમઇનીઉશને), મેલવી સકવાનો નથી. અને તેહની તરફેનવાલો થાઈ સકવાનો નથી. તેઆરે, રોશની, (જે સ્પન્તોમઇનીઉશને લગતી વસ્તુછે), અને તારીકી, (જે અંગ્રમઇનીઉશને લગતી વસ્તુછે), તે એકબીજાને કેમ મેલવી સકે? તથા તે એકબીજાની તરફેનવાલી કેમ થાઇ સકે? જો રોશનીથી, જે તારીકીવાલી વસ્તુછે, તેને વગર તેજનું થવું નહી હોત. તેમજ જો ગરમીથી, સરદીનો નાસ થવો નહી હોત. તો, એકબીજાથી જુદી વસ્તુઓ, સાથે રેહી સકત. (તેથી) જે (ધરમગુરૂ), રોશની, (ઇઆને સ્પન્તોમઇનીઉશ) ની તરફેનવાલોછે, તે (માંણુસને) ખોલ્લી આંખવાલું બનાવનારોછે, અને જે (ધરમગુરૂ), તારીકી, (ઇઆને અંગ્રમઇ-

નીઉશ) ની તરફેનવાલોછે, તે (માંણુસની) આંખને બંધ કરનારોછે. (એટલેજે જે ધરમગુરૂનો મજહબ, આએ દુનીઆંમાં રોશનીવાલો, ઇઆને બેહશતનો મારગ બતલાવનારોછે, તે ધરમગુરૂ આવતી દુનીઆંનું સુખ મેલવવા સારૂ માંણસોની મનસકતીને ખોલ્લી કરનારોછે. અને જે ધરમગુરૂનો મજહબ, અંધારાંવાલો, ઇઆને આએ દુનીઆંમાં, લોકોને દોજખનો શેતાંની મારગ બતલાવનારોછે, તે ધરમગુરૂ આવતી દુનીઆંનું શુખ મેલવવા સારૂ માંણસોની મનસકતીને બંધ કરનારોછે.) એજ સબબને લીધે, (આએ દુનીઆંમાં) જે કોઇ (શખશ), નેસ્તીને લગતું, (ઇઆને પાપી), કાંમ કરનારોછે, તેને (દીનની અંદર) દેવના સંબંધવાલો કહેલોછે. અને જે શખશ, નેસ્તીને લગતો મુતલક નથી, તેને (સ્પન્તોમઇનીઉશની) હદની અંદર રેહી સકનારો કહેલોછે. માંટે જો, (કોઇ ધરમગુરૂ), તારીકીને લગતો, (ઇઆને દોજખનો મારગ લોકોને બતલાવનારો) હોએ, તો તે, નેસ્તીવાલો, (ઇઆને માંણસોને પાપી બનાવનારો) છે. અને એજ કારણને લીધે, જેટલે દરજજે, જે ધરમગુરૂઓ, તારીકીને લગતા (ઇઆને પાપી) હોએછે, તેટલે દરજજે તેઓ, દેવોના સંબંધવાલા, અને તેને લગતો એલકાબ ધારણ કરનારાછે. કેમકે, તેઓની તરફથી, એવાં ભાશાંણો કરેઆમાં આવેલાંછે કે, ગોએકા તેઓ પોતાની ઉમતને નેસ્તીવાલી, (ઇઆને પાપી), કરવા માંગતા હોએ. માંટે તે પાપી ધરમગુરૂઓ મુતલક કીરતીને લાએક નથી.* જેઓ મજદીઅશની

* જાંણવું કે, આપણા મજદીઅસની જરતોશતી ધરમની અંદર, જે, નીતી–શરઆઈ, પરહેજગારી અને પુણને લગતા તરીકાછે, તેહને સ્પન્તોમઇનીઉશ ને લગતા, (ઇઆને બેહેશતનું શુખ મેલવવાને લાએકના), કહેલાછે. અને જે, અનીતી, ખોટાઇ, નજીસી અને પાપને લગતા તરીકાછે, તેહને અંગ્રમઇનીઉશને લગતા, (ઇઆને દોજખની સજા ભોગવવાને માટેના), કહેલાછે. અને આએ ઉપલા બે તરીકાઓને, જુદાં જુદાં મુલમાંથી નીકલેલા જણાવેલાછે. માટે 'દીનકરદ' નું ઉપલું લખાંણ કરનારની તરફથી, જે મુજાહેમત કરવામાં આવીછે, તે, જે મજહબની અંદર મજદીઅસની દીનને લગતાં નીતીનાં ફરમાંનો આપેઆમાં આવેલાછે, તેને સારૂ નથી; પણ જે ધરમગુરૂઓની તરફથી, અનીતીના તરીકાને લગતાં ફરમાંનો પોતાની કોમને આપેઆમાં આવેલાંછે, તે વીસેછે. 'દીનકરદ' ના કાબેલ લખનારે પોતાનાં ઉપલાં લખાંણમાં, રોશની અને તારીકી–એ બે બોલો ઉપર જે શરેહ કરીછે, તેમાં તેનાં લખાંણનો સાર એજછે કે, જેમ આએ દુનીઆંમાં સરદી વગર ગરમીની કદર જણાતી નથી. અને ખુશકી વગર તરાવતની કીમત થાઇ શકતી નથી. તેમ અંધારાં વગર રોશનીની ખુબી માંણસથી સહમજી સકતી નથી. માટે આએ દુનીઆંમાં અશો અહુરમજદે આએ બેહુ સકતીવાલી વસ્તુઓને એકેકના હરીફ તરીકે પેદા કરેલીછે, તેમાં જે સારી અને ફાએદેમંદ વસ્તુઓછે, તેહને પોતાની પસંદ કરેલી સ્પન્તોમઇનીઉશને નાંમે ઓલખાતી સકતીને લગતી જણાવેલીછે. અને જે નરસી અને દુરગુણ ચીજોછે, તેહને પોતાની નાંપસંદ કરેલી, અંગ્રમઇનીઉશને

દીનવાલાછે, તેઓ, રોશની અને તારીકી, (ઇઆને કીહો બેહશતને લગતો મારગછે અને કીહો દોજખને લગતો તરીકોછે), તે બેહુને સારી રીતે સમહજી સકેછે. અને પોતાને (સ્પન્તોમઈનીઉશની) તરફેનમાં રાખી સકેછે. અને ઉલટાં મુલથી પોતાને સાવધ રાખેછે.

---

૧ ૧૬૩ એબ આપનાર (એહરેમન) ની શરૂઆતથી, તેહને લગતાં શેવટ શુધી, શઘલાં માણુસોને, (આએ દુનીઆંમાં), તેના સંબંધનાં કાંમ કરવાનો વીચાર કેમ મલેછે? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, (આએ દુનીઆંમાં), એબ આપનાર (એહરેમન) ની શરૂઆત થાઈ, તેઆરથી તે, (એહરેમન) નું શેવટ આવે ત્યાં શુધીનાં, તેને લગતાં સઘલાં માંણસો સાથનાં કાંમના સંબંધુનો વીચાર, એક (મજદીઅસની) દીન (જે જરતોશતને લગતીછે તે) ની અંદર જાહેર કરેલોછે. (તેથી), જે આદમી, (આએ દુનીઆંમાં), તે દીનને લગતા ખોલાસાની મારફતે, (આદમીનાં) રવાંનને ચહડતે દરજજે પોહચાડવાનો ઓત્તમ મારગ દેખાડનારૂંછે, તેહનો વીચાર (આદમીઓના) ઉલટા જોસ્સાઓને મારવાનો, અને નેકીને કઉઅત આપવાનોછે. (દુનીઆંની) શરૂઆતમાં, એબ આપનાર (એહરેમન) ને લગતાં કાંમી કરનારા આદમીઓને, (દીનમાં જણાવેલો) ઓતમ વીચાર પેહલલાં કેહનારો, ગયોમરદ હતો. અને આએ એક શખ્સ, (ઇઆને ગયોમરદ), જે દુનીઆંમાં પેહલો પેદા થાએલો હતો, તેનાં વીચારથી, સઘલાં આદમીઓ સારૂ વીચારનારાં, સારૂ બોલનારાં, અને

નાંમે ઓલખાતી સકતીને લગતી, જણાવેલીછે. અને આએ બેહુ મીનોઈ સકતીનાં અકરશંણની અંદર માંણસ જાતને મેલીને, બેમાંથી કોણુને રસ્તે તેણે ચાલવું, તેહને સારૂ તે સાહેબે પોતાનો મજદીઅસની જરતોશતી ધરમ આએ દુનીઆંમાં મોકલેલોછે, કે તે મજહબની સમહજ મેલવીને, માણસ અહુરમજદની મરજી મુજબ આએ દુનીઆંમાં ચાલી સકે, અને શેતાની મારગથી તદન દુર રેહે; કે જેથી આવતી દુનીઆંમાં રોશનાવાલું બેહશતનું મકાંન તે મેલવી શકે. અને પોતાને સંકટ અને મુજવાલાં અંધારાં દોજખથી છોડવી સકે. એટલા વાસ્તે દરએક ધરમગુરૂની ફરજ એજછે કે, માંણસોને દોજખથી છુટકારો મલે અને તેઓ ઓતમ બેહશતનાં મકાંનને લાએકનાં થાએ, તે મારગ તેઓને હમેશાં બતલાવે, અને કોઈબી જાતનું પાપ તેઓ નહી કરી સકે, તે વીશેની હમેશાં તેઓને ચેતવણી આપતા રેહે.

સારૂ કરનારૂં બનેઆં હતાં. અને હમણાં પણ આદમીઓ, સારૂ વીચારેછે, સારૂ બોલેછે, અને શારૂ કરેછે, અને હવે પછે છેલ્લા સુધારાના વખત સુધી, (ઇઆને રીસ્તાખેજ વેર), જે કાંઈ આદમીઓની અંદર તેને લગતો વીચાર કરવાની, બોલવાની અને કરવાની આદત ચાલુ રેહેશે, તે પણ, તે (ગયોમરદ) ના વીચારને લીધેજ રેહસે.† અને તેથી, એબ આપનાર (એહરેમન) ની તરફથી, જે કાંઈ પાપી કાંમો અને દુખોનો આપ, દુનીઆંમાં અપાએછે, તે ટાલેઆમાં આવશે. અને દુનીઆંમાં અશો અહુરમજદની મરજી મુજબનો છેલ્લો સુધારો થસે. અને આએ દુનીઆંનાં લોકો એબ આપનાર (એહુરેમન) ના બુરા જોસ્સા વગરનાં બનસે, અને સઘલી ભલી પેદાએશ હમેશાં અમરગ અને અનીતી વગરની રેહશે.

૧૪ શારી દાનાઈ, અને માઠી દાનાઈ વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, માંણસ શારૂ કાંમ કરનાર તથા નરશું કાંમ કરનાર, (પોતાની) દાનાઈથીછે. તેમાં, જે (માંણસ), સારાં કાંમ કરનારૂછે, તે સારી દાંનાઈવા- ૨

† આપણા પાક મજહબનાં ફરમાંણ પરમાંણે, આએ દુનીઆંમાં, જે ખોદાની બખ્શેશ અને તેને લગતા વીચારથી જણમ પામેલું પેહલું ઇનસાંન હતું, તે ગયોમરદ હતો. અને આએ દુનીઆંના આદમીની ઓલાદનો સેલ સેલો, તેહનીથી ચાલુ થાએલોછે. માટે જેમ, એક ખાંનદાંનની અદર, તેહના વડીઅલનો ખવાસ, તેહને લગતી દાંનાઈ, અને હીમત હોએછે; તેમ અહુરમજદી રાહ ઉપર ચાલનારાં સઘલાં માંણસોની અંદર, શાચા વીચાર, સાચા વચણ અને સાચાં કાંમોનો અંકશ હજુર શુધી રહેલોછે અને હવેપછી રેહસે, તે, તેઓના પેહલા પીતા (ગયોમરદ) ની બુનીઆદના સંબંધને લીધેછે. જેમકે આપણી દીનના પેશવા દસ્તુરાંન દસ્તુર આદરબાદ જરતોશતે પોતાનાં બખાંણમાં આએ દુનીઆંની વસ્તુઓને ૨૫ ભાગમાં વેહચી નાંખીછે; તેમાં પાંચને બખતની સાથે, પાંચને કરણીની સાથે, પાંચને આદતની સાથે, પાંચને બુનીઆદની સાથે અને પાંચને ખાંનદાંનની સાથે નીસબત આપેલીછે. જેમાં જીનદગી—ઓરત—ફરજંદ—હકુમત અને દોલતને, બખતને લગતી વસ્તુ કેહીછે. અથોરનાંનપણું—અરથેશતારપણું—વાસતરીઓશપણું—સવાબ અને ગુનાહને, કરણીને લગતી વસ્તુ કહીછે. ઓરત સાથે હમબીસ્તર થવું—કાંમ કરવું—ખાવું—ચાલવું અને શુવું ઇત્યાદી વસ્તુને, આદતને લગતી વસ્તુ કેહીછે. દયા—શરમ—સખાવત અથવા હીમત—સચ્ચાઈ અને ભલમણસાઇને, બુનીઆદને લગતી વસ્તુ કેહીછે. અને બદન—દેખાવ—હોશીઆરી—તકસકતી અને કઉઅતને, ખાંનદાંનને લગતી વસ્તુનું નાંમ આપેલુંછે. એમાના ચોથા વીભાગ વાલી પાંચ વસ્તુનો સંબંધ આપણામાં ગયોમરદથી હોવો જોઇએછે.

લુંછે. અને તે (ઇનસાંન), સારાં કાંમો કરવા સારૂં પોતાની દાંનાઇને વાપરવાથી, જે સાહેબની સાથે તેનો સંબંધ રાખવો જોઇએછે, તે એક (અશો અહુરમજદ) ની જાતની સાથે પોતાનો સંબંધ રાખી સકેછે. અને જે (આદમી), બુરાં કાંમ કરનારૂછે, તે બુરી દાંનાઇવાલુંછે. અને તે (ઇનસાંન), બુરાં કાંમો કરવામાં પોતાની દાંનાઇ વાપરવાને લીધે, બીજાના તરીકાવાલું, (ઇઆને અંગ્રમઈનીઉશની ચાલચલંણવાલુ), થાએછે; (કે જે ચાલચલંણ), ફરેહબુતને લગતીછે. શારી દાંનાઇ, (માંણસને) ગુનાહથી પાક રાખનારીછે. કેમકે, શારી દાંનાઇ, ઇનસાફની રાહે, (માંણસને) છુપી રીતે ખલકની ચોરી કરવાથી, અને તેહને ઇજા દેવાથી અટકાવનારી, તેમજ બીજાઓની માલમતાને એબ આપનારની મારફતે, (એટલેજે શેતાની વીચારથી), પોતાની કરવાથી, દુર રાખનારછે. તેમજ તે સારી દાંનાઇવાલો શખ્શ, લોકોની માલમતાને જાહેર રીતે ચોરવાની, અને રાહજંણપણાંથી લુટી લેવાની, સાહમણે થનારોછે.

૧ ૧૯૦ જે, દુનીઆંનો માલેક (ઇઆને પાદશાહ) છે, તેનીથી, દુનીઆંને શારી રીતે ચાલવુંછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાશો.

૨ જાંણવું કે, આએ દુનીઆંને સારી રીતે ચલાવવી, એ, પાદશાહોની, એક શારૂ કાંમ કરવાની અને બીજી નરસુ કાંમ કરવાની બે ઇચ્છાછે, તેમાંની પેહલ્લી સારી ઇછાની મારફતેછે. કેમકે, પાદશાહની શારૂ કાંમ કરવાની ઇચ્છાને લીધે, આદમીઓ (આએ દુનીઆંમાં, પોતાનુ) પાલણ કરી સકેછે. તેમજ પાદશાહની શારૂ કાંમ કરવાની ઇચ્છાથી, આદમીઓ, પોતાના આતમાને દોજખથી છુટકારો આપી સકેછે. અને તેથીજ આએ દુનીઆંને સારી રીતે ૩ ચલાવવુંછે. પણ જો, પાદશાહની ઇચ્છા, (દુનીઆંનું) બુરૂ કરવાની હોએછે' તો તેથી, આદમીની જાતનો ઘટાડો તથા તેઓના આતમાને નબલાઇ, (એટલે જે તેઓને સારૂ કાંમ કરવાની કમસકતી), થાએછે. અને તેથી દુનીઆંનાં લોકોની પાએમાલી થાએછે.

(૧૯૫) અગમબુદ્ધિ—ચહડતો દરજો—પીછાંણ સકતી—દાંનાઈ—એતેકાદ—એકીન—તરક સકતી—હોશ—અકલ—વીચાર—વાચા અને કરણી વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, દીનને લગતી સહમજથી, દરએક વસ્તુના સેવટને પીછાંણવું, એ અગમબુદ્ધિછે. એક વસ્તુની અંદરથી, ઘણી વસ્તુને બનાવવી, એ ચહડતો દરજોછે. ઘણી સંખીઆની અંદરથી, વસ્તુને પીછાંણવી, એ દાંનાઈછે. દરએક વસ્તુના નફા અને નોકસાંનને સારી રીતે ઓલખવું, એ પીછાંણ કરવાની સકતીછે. જે વસ્તુથી હયાતીનું મેલવવુંછે, અને જે વસ્તુથી હયાતીનું મેલવવું નથી, તેહને સહમજવાની મીસલ બતલાવનારી ઈમાંણી, એ (માંણસનો) એતેકાદ અને એકીનછે. (માંણસની) મતલબને સહમજી સકવી, એ તરક સકતીથીછે. હોશ, એ (માંણસનાં) અંદરૂનની (સઘલી) સકતીઓને જાલવી રાખવા વીસેની કઉતછે. (માંણસની અંદર) અકલ, (દરએક ચીજને) તપાસી જોવા તથા તેને પસંદ કરવા સારૂછે. (માંણસની અંદર) વીચાર સકતી, એ પસંદ કરવાજોગ અંદેશાથી, (તેની) સકતીઓને (આએ દુનીઆંમાં) ચલાવવા સારૂછે. (માંણસની અંદર) વાચા સકતી, એ માંણસની અંદરની છુપી બાબત તથા ગેબી સકતીઓને લગતું વરણન, (બીજાઓને) જાહેર કરવા સારૂછે. અને (માંણસની અંદર તેની) કરણી-એ (માંણસનાં) બદનના અવયેવોની મારફતે, તેની સકતીઓને, દાંનાઈથી ચલાવવાના સબબ તરીકેછે.

(૧૯૬) (માંણસની) દાંનાઈ-ઈરછા-અને વાચાના એકબીજા સાથના સંબંધ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, માંણસો દરએક ઈચ્છાવાલાં તથા બોલવાની સકતી ધરાવનારાં, દાંનાઈના સબબને લીધેછે. તેમજ ઈચ્છાવાલાં માંણસો દાંનાઈવાલાં, સઘલી રીતનું બોલવાની સકતી તેઓમાં હોવાને લીધેછે. અને બોલવાની સકતીથી, સઘલાં ઈનસાંનો દાંનાઈવાલાં તથા ઈચ્છાની કઉ-

૫ અત ધરાવનારાંછે. ઇચ્છાવાલાં માંણુસો બોલવાની સકતી વગર, દાંનાઇવાલાં
૬ માલુમ પડતે નહી. તેમજ આદમીઓ દાંનાઇ વગર, બોલવાની સકતીએ,
૭ ઇચ્છાવાલાં જણાતે નહી. અને વાચાસકતી વગર, માંણુસો ઇચ્છા અને
દાંનાઇવાલાં માલુંમ પડતે નહી. માટે દાંનાઇ—ઇચ્છા અને બોલવાની સ-
૮ કતી, (એ દરએક વસ્તુ), એક બીના સંબંધથી, જાંણઇતીછે. એટલા વાસ્તે,
ધર ગુરૂઓમાંના જે ધરમગુરૂઓ, (પોતાના) પેદા કરનારની ઇચ્છાવાલાછે,
તેઓની હયાતીનો નાસ, તે પેદાના કરનારની તરફનું અગણેઆંણપણું,
(તેઓની તરફથી) બતલાવવાએ તથા તે સાહેબને લગતી ખુબી, આલમનાં
૯ લોકોને નહી સહમજાવવાએછે. અને તેથી, તે ધરૂમગુરૂઓ ધરમી કેહવાતા
નથી.* વલી (માણુસની) ચાલચલંણુને લગતાં જે કાંઇ કાંમો, જણાએલાંછે, તે
બોલવું અને હીલચાલ કરવી, એ બે તરેહની (વસ્તુની) મારફતેછે. જેમાંનું
એક (કાંમ) ઇચ્છાને લગતું છે; કે જે આદમીથીછે. અને બીજું (કાંમ)
જોસ્સાને લગતુંછે, કે જે આતશથીછે. એમાં જે (આદમી) ની ઇચ્છા,
ધરમ વગરનીછે, તે (આદમી) હયાતીને લાએકનું નથી, (એટલેજે આએ
દુનીઆંમાં જીનદગી ગુજારૂવાજોગ નથી). અને જે (આદમી), જો-
સ્સાને લગતી હીલચાલની મારફતે, જે કાંઇ કાંમ કરનારૂંછે, તે તેહની હયા-
તી શુધી, વગર વીચારવાલુંછે. હયાતી ધરાવનારાં ઇનસાંનની હીલચા-
લનું કાંમ, તેની જીનદગી ખતંમ થાએઆ પછી નથી; તેમજ આતમાને
(આએ દુનીઆંમાં જણુમ લીધા) ની આગમચ, કાંમનું થાઇ સકવું નથી.
(વલી માંણુસની હયાઆતી, આએ દુનીઆંમાં) ખતમ થયા પછી, તેહનું કોઇ
કાંમ, જણાતું નથી; કેમકે, (ઇનસાંનો) કાયા વગર—વગર વીચારનાં, વગર હા-
૧૦ સેલવાલાં અને અવગર સેવટનાંછે. જે (માંણુસની) જાત, તેહના પેદા કરના-
રનો આભાર માંણુનારી નથી, તે (ઇનસાંન) તેહની, (ઇઆને દાદારની), હકુમતને
૧૧ તાએબે રેહનારૂં અને તેનાં ફરમાંન પરમાંણે ચાલનારૂં નથી. વલી દરએક
માંણુસ, ધરમના જોસ્સાવાલુ, ધરમને લગતો જોસ્સો ઉતપન કરનારા ધરમગુરૂની

* આએ ઉપલાં ફરમાંનની મતલબ આપણે એજ સહમજવી જોઇએછે કે, ધરમની માહીતગારી તથા કેલવણી લીધા વગરના શખ્શે, ધરમના પેશવાનો અથવા દસતુરનાં નાંમનો એલકાબ, ધારંણ કરવો વાજબી નથી; કેમકે દીનને લગતા એલમનાં બલ વગર, તે ધરમગુરૂ, તેની ઉમતનાં લોકોને કોઇબી રીતે ઘટતી રેહનોમાઇ કરી સકતો નથી. માટે તેવો અગણેઆંણુ ધરમગુરૂ, પોતાની નાવાકેફી છતાં, પોતાના ઓધાની ફરજને લીધે, જો તેની દીનના લોકોને ઉલટા ફતવાઓ આપેતો, તેથી ખરેખર તે ધરમગુરૂ પોતાની, તેમજ પોતાની ઉમતનાં લોકોની, હયાતીને નાસકારક, (ઇઆને દુખ ભોગવવાજોગ) બનાવેછે.

કઉઅતથી બાુહેલું હોએછે, અને તેથી તે (ઈનસાંન), પોતાના પેદા કરનાર ખોદા-
તાલાની તરફ ઈમાંન રાખીને રેહી સકેછે. જેના વગર, (ઇઆને મજહબ વગર),
પેદાનો કરનાર પેદાએશને માટેનો અને પેદાએશ તેના પેદા કરનારને માટેની, બની
શકતી નથી. જો કોઈ સવાલ કરે કે, જે ઈનસાંન ઇચ્છાની તરફેનવાલુંછે, (ઇઆને ૧૨
જેનામાં કુદરતથી ઇચ્છાનો જરો ઉતપન થાએલોછે), તે (ઈનસાંન), તે (ઇચ્છા
મેલવો) ને સારૂં વાજબી ગણાવું જોઈએ, તે છતાં તે, તેવી ચીજને માટે, નાંલાએક
કેમ ગણાએ? કારંણ કે, હાજત વગર, (કોઈ ચીજની) જરૂર પડતી નથી. અને
શોક વગર, (કોઈ ચીજની) હાજત રેહતી નથી. અને હયાતીના હરીફ વગર,
શોક નથી. (તો તેનો) જવાબ એ છે કે, જે કાંઈ વસ્તુ ધરમને રૂએ વાજ-
બીછે, તે દાંનાઈ સાથની અને દુનીઆંનાં લોકોની ઘાતને દાબી નાંખનારી
તથા તેઓને સકતી મેલવવા જોગ અને પેદાએશની અંદરથી, એબ આપ-
નાર (એહરેમન) નાં જોરને હાંકી કાહડનારી અને તેનો ઘટારો કરનારીછે.
અને તેહને લીધે (માંણુસ) અહડતે દરજજેની કઉવતવાળું, ફતેહમંદ
મોરાદનું અને તેહને લાગતી (ઇઆને ધરમનાં ફરમાંન પરમાંણેની)
ઘટતી ઇચ્છાથી, પોતાના પેદા કરનારનો આભાર માંણનારૂંછે. જો ૧૩
કબું (માંણસની) હાજતનાં કારંણને સારૂ, એબ આપનારને ખલકની
અંદરથી નહી દાબી નાંખવામાં આવેતો, તેથી તે (પાપી) નો ઘટારો મુતલક
નહી થાએ. અને સઘલી સહમજને લગતા લાંએક ઉપાએ છતાં, (દુનીઆંનાં)
લોકોમાંથી, ઘાતને ટાલી સકાએ નહી. (એટલે જે ધરમને લગતાં બંધારંણ
વગર, માંણસે તેહની મરજી મુજબની અનીતીને પસંદ કરવાથી, દુનીઆંમાં
ઘાતનો વધારો થાએછે). માટે જેમ બને તેમ, એબ આપનારી (શેતાની)
સકતીને, (દુનીઆંમાંથી) ટાલવી અને તેનો ઘટારો કરવો, શજાવારછે. વલી
(માંણસની) હયાતીના દુશમન, (અંધમઈનીઉશ) ની ફતેહથી, જોકે (માંણસ)
પોતાને મદદ કરી શકતું નથી; પણ તેથી, તે નેસ્તીવાલા (એહરેમનની તરફ) નું
નોકસાંન, દુનીઆંનાં લોકોને નાલાએક બનાવવા સારૂં, તેઓની અંદર નાંખે-
આમાં આવેછે. વાસ્તે, તે (ઈજા દેનાર) ને (દુનીઆંમાંથી) હાંકી કાહડવો, એ કાંમ
માણસને સારૂં ઘણું ફતેહમંદી ભરેલુંછે. માટે જે (ધરમગુરૂ) ઓ, જાંહાંબી પોતા-
ના લોકોમાંથી, તે એબ આપનારાનાં નાસકારક કાંમોનો ઘણો નાસ કરનારાછે,
અને જે લોકો, નોકસાંનકારક ઇચ્છાવાલાછે, તેઓની સાહમણે તે વીશેની
લડત કરનારાછે, તે (ધરમગુરૂ) ઓ, (દુનીઆંમાં) ફતેહમંદ જણાએલાછે.

૧ (૧૯૮) (આએ દુનીઆંમાં એહરેમનને) હાંણી પોહચાડનારો—ઘણી હાંણી પોહોચાડનારો અને હાંણી પોહચાડવાનું કાંમ કરનારો કોણછે ? તથા હાંણી પોહચાડવાથી હાંણી પાંમેલો તથા ઘણીજ હાંણી પાંમેલો કોણછે ? તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, જે (આદમી) સ્પેનામીનોની સકતી ધરાવનારૂંછે, તે (એહરેમનને) હાંણી પોહચાડનારૂંછે. અને જે (આદમી) સ્પેનામીનોની ઘણીજ સકતીવાલુંછે, તે (એહરેમનને) ઘણીજ હાંણી પોહચાડનારૂંછે. અને તે ઈનસાંન, એહરેમનને નોકસાંન કરનારાં કાંમો કરનારૂંછે. અને તે, (સ્પન્તોમઈનીઉશની સકતીથી) સકતીવાલું ઈનસાંન, પોતાના હરીફ (અંઘ્રમઈનીઉશ)ને હાંણી પોહોચાડનારૂં, (તેને) મારનારૂં અને (જમીનની અંદર) છુપો ૩ કરનારૂંછે. જે (આદમી), સ્પેન્તોમઈનીઉશનાં પુરતાં સારાં બલથી, ઘણુંજ સકતીવાંનછે, તેનીથી, જે હાંણી પોહચવાજોગ-હાંણીને લગતાં કાંમને માટેનો અને હાંણીમાં પોહચેલાછે, તે, પાપી બલવાલો અંઘ્રમઈનીઉશછે. અને તે અંઘ્રમઈનીઉશ, જે કાંઈ, (ઉપલી સ્પન્તોમઈનીઉશની સકતીવાલાં ઈનસાંનથી), ઘણીજ હાંણી પાંમવા જોગછે, તેહનું કારંણ, તે, દરએક ભલી પેદાએશને હાંણી પોહચાડવાને માટેનોછે, તે છે. અને તે હાંણી પોહચાડનાર દરૂજને, (ઈઆને અઘ્રમઈનીઉશને), જે કોઈ સ્પન્તોમેનીઉશની શકતીમાં સરવેથી ઉતરતી સકતી ધરાવનારાં માંણસોછે, તેવો પણ હાંણી પોહચાડી સકેછે.*

---

* આએ ઉપલાં લખાંણ ઉપરથી આપંણને ખોલલી રીતે માલુંમ પડેછે કે, આપંણ મજદીઅસનાંનોએ જેમ બને તેમ, પોતાની અંદર સ્પન્તોમઈનીઉશને લગતા જે સારા ગુણોછે, તેને સંઘરી રાખવા. અને તેહનાં બલથી, અંઘ્રમઈનીઉશને લગતા જે દુરગુણોછે, તેમાંનાં એકનેબી, પોતામાં પેવસ થવા દેવા નહી; કે તેથી, સ્પન્તોમઈનીઉશની સાહેતા આપણાંમાં ચાલુ રેહ, તો અંઘ્રમઈનીઉશની બદીની અસર, આપણાંમાં પેવસ થાએ નહી. અને તેથી બેહુ જેહાંનનું જે ખરૂં સુખછે, તે આપંણને મલી સકે.

(૧૯૧) દીનને લગતું કીહુ ઈનસાંન, ભલાઈ અને બુરાઈના સંબંધ વાલુંછે? અને તેહનો તોલ, સાથી થાઈ સકે? તથા સાથી, તેની (ભલાઈ અને બુરાઈ), ઓલખાઈ સકે? તે વીસે, ભલી દીનને લગતો ખોલાસો.

૧

જાંણવું કે, દીનને લગતું કીહું ઈનસાંન, ભલાઈ અને બુરાઈના સંબંધવાલુંછે? તેહનો ટોલ અને પીછાંણ, ઘણી દાંનાઈવાલી એક દીનથી થાઈ સકેછે. અને તેહના, તરણ તરીકાછે. તેમાં, એક તરીકો, દીનને લગતા ખવાસનોછે; બીજો તરીકો, દીનને લગતી આદતનોછે. અને તરીજો તરીકો, દીનને લગતી દાંનાઈનોછે. વલી આએ ઉપર જણાવેલા તરણ તરીકાને લગતો ખોલાસો, તેહને લગતાં પ્રાકરણમાં કરેલોછે, તેમાં કેટલાંએક (આદમી) ને કાએદાસરનાં ગણેલાંછે, અને કેટલાંએકને, કાએદાથી ઉલટાં ગણેલાંછે. આએ તરંણ તરીકાવાલાં ઈનસાંનો, જેમ નેક કાંમવાલાં, તેમજ બદ કાંમવાલાંછે. અને તે (નીચે જણાવેલી) આઠ તરેહનાંછે. ૨ ૩

પેહલ્લું (તે આદમી), કે જે, ખવાસ–આદત અને દાનાંઈ, એ તરંણેની મારફતે સારી દીનવાલું હોએ. બીજું– (તે આદમી), કે જે, ખવાસ અને આદતની મારફતે સારી દીનવાલું હોએ, પંણ દાંનાઈની મારફતે બુરી દીનવાલાના જેવું હોએ. તરીજું (તે આદમી), કે જે, ખવાસ અને દાંનાઈની મારફતે સારી દીનવાલું હોએ, પંણ આદતની મારફતે બુરી દીનવાલું હોએ. ચોથું (તે આદમી), કે જે, આદત અને દાંનાઈની મારફતે સારી દીનવાલું હોએ, પંણ ખવાસની મારફતે બુરી દીનવાલું હોએ. પાંચમું– (તે આદમી), કે જે, ખવાસ અને આદતની મારફતે બુરી દીનવાલું હોએ, પંણ દાંનાઈની મારફતે સારી દીનવાલું હોએ. છઠું (તે આદમી), કે જે, ખવાસ અને દાંનાઈની મારફતે બુરી દીનવાલાના જેવું હોએ, પંણ આદતની મારફતે સારી દીનવાલું હોએ. સાતમું (તે આદમી), કે જે, આદત અને દાંનાઈની મારફતે બુરી દીનવાલું હોએ, પંણ પોતાના ખવાસની મારફતે સારી દીનવાલું હોએ. આઠમું (તે માંણસ), કે જે, ખવાસ–આદત અને દાંનાઈ, એ તરણેની મારફતે બુરી દીનવાલાં (ઈનસાંન) ના જેવું હોએ. આએ આઠ તરેહનાં ઈનસાંનની અંદર, કીહું આદમી ભલાઈ અને બુરાઈના સંબંધવાલુંછે? તેહની તપાસ, જે કોઈ પીછાંણ કરનારો ગણીઆંણી પુરૂશ હોએછે, તે તેહને જોવાથી કરી સકેછે. ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

૧ (૧૦) બુરાં મુલવાલા (અંઘરમઈનીઉશ) ને (માણસથી) જુદું પડવું, એક મજદીઅસની દીનથીછે. નથી દેવની દીનથી— યાહુદીના ધરમથી, કે બીજા કોઈબી આએ દુનીઆંમાં આસમાની ધરમને નાંમે કબુલ રાખેલા 'માંની' ના જેવા ધરમથી. કેમકે, તે સઘલા, હોનરમંદીની ચીજોથી બનેલા ધરમોછે. અને તે, અસલ મુલ વગરના (અંઘરમઈનીઉશ)-ના, નીચ વીચારની દીનની ઉપર, ઈમાંન લાવવાને લગતાછે. તે વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, બુરાં મુલવાલા (અંઘ્રમઈનીઉશ)ને, (માંણસથી) જુદું પડવું તથા દુર રેહવું, તે એક (મજદીઅસની) દીનથીછે. દેવની દીનથી અને યાહુદીના મજહબથી, (તેહને દુર થવું) મુતલક નથી. કેમકે, તે (દીન) માં આએ વીચારછે કે, જેઆરે (સ્પન્તોમઈનીઉશથી) બીજો (ઇઆને અંઘ્રમઈનીઉશ), (સ્પન્તોમઈનીઉશના) હરીફ, (અથવા દુશમન) તરીકેછે, તેઆરે તેહને શું કાંમ બુરાં મુલવાલો અને (માંણસના) સંબંધથી દુર રાખવા કેહવો, અને તેને દેવોના સંબંધવાલો ગણવો જોઇએ ? સબબકે, તે બીજો (અંઘ્રમઈનીઉશ), પેહલ્લાનો, (ઇઆને સ્પન્તોમઈનીઉશનો), બેહદ મુદતવેર હરીફ હોએતો, તે, આએ દુનીઆંના સંબંધવાલું એક જોડું હોવાનું કારંણ કેહવાવું જોઇએ.

૩ વલી બીજા 'માંની'* ને લગતા બુરાં મુલવાલા, આએ દુનીઆંમાં આસમાંની ધરમને નાંમે કબુલ રાખેલા દરએક ધરમનું આએ મતછે કે, એક

---

* માની—આએ શખ્શ એક ઘણો વખણાએલો ચીતારો હતો. અને તે શને ૨૪૦ ઇસિવીમાં જણમેઓ હતો. માંની—યાહુદી, ખરીસ્ટી—બુધ—અને જરતોશતી ધરમને લગતો કેટલોએક અભીઆશ કરીને, પેહલ્લાં ખ્રીસ્ટીઓનો પાદરી બનેઓ હતો, અને તે પછી તેણે એક નવો મજહબ પોતાની તરફથી ઉભો કરીને તેમાં કેટલાએક લોકોને સામેલ કરેઆ હતા. એ પછી તેણે ઇરાંનના સાસાંની તખકાના પેહલ્લા પાદશાહ શાહપુર એબને અરદેશેરની દરબારમાં જાઇને પેગમબર તરીકેનો દાવો કીધો હતો. જે ઉપરથી પાદશાહ શાહપુરે પોતાની દરબારમાં તે વખતના ઇરાંનના વડા દશતુરને બોલાવીને, તેની સાથે માંનીને તકરાર કરાવી, અને તે જરતોશતીઓના વડા ધરમગુરૂ સાથની તકરારમાં માંની લાજવાબ થએઓ અને તેણે હાર ખાધી, તેથી, તે પાદશાહે, ફરીને બીજા ઠગારાઓ તેવું કાંમ કરવાની હીમત નહી કરે, એવી ધારણાથી, એબરત બેસાડવા સારૂ માંનીને કતલ કરાવેઓ હતો. મી૦ રાલીનશન, માંનીનો દાવો પાદશાહ શાહપુર પેહલાના વખતમાં થેડવેછે. પંણ શાહનાંમાનો બનાવનાર ફીરદોસી તુસી તેને શાપુર બીજો જેહને શાપુરે 'જુલ અકતાફ' કરીનેબી કેહછે, તેહના વખતમાં થેડવેછે. પાદશાહ શાપુરે દસતુરાંન દસતુર સાથે

આદમીને જાતે આસમાંની બની સકવું નહી કાંએ હોએ ? (એટલેજે આએ દુનીઆંનું એક માંણુસ પોતે જાતે પેગમબરનો દાવો કરવા માંગેતો તે બની સકે હેવુંછે). કેમકે, માંણુસની અંદર, તે (પેગમબરી) ની કઉવતનું જાણાવું, તેહની કાયા સેવાએની હયાતીને લગતી વસ્તુથી, (ઇઆને તેના આતમાથી) છે. પંણ (ઉપલા) બેહુ મજહબોમાંનો દરએક મજહબ, આએ દુનીઆમાં બનેલોછે, તે આ સમાંની કેમ ગણાઈ સકે ? જે સઘલા હોનરમદીની ચીજોનાં કાંમથી ૪ બનેલા ધરમોછે, તે બુરાં મુલવાલા (એહરેમન) ની નીચ વીચારની દીનની તરફ, ઇમાંન આપનારાછે. વલી તે ધરમોનો વીચાર એવોછે કે, જેહારે બંદોબસ્ત કરવા, મુજબ બેહદ વખત શુધી એક (સ્પન્તોમઇનીઉશ) (દુનીઆંમાં) રેહનારો હોએ, સો બીજા (અંગ્રમઇનીઉશ) ને દેવોને લગતો કાંએ ગણવો જોઇએ ? તો (તેનો જવાબ એ છે કે), દરએકને સારૂં, બેહદ મુદતવેરના, ઘણાંએક જુદા જુદા બંદોબસ્તો હોવા છતાં, તેઓ એક બીજાના સાથી કેમ કેહવાઈ સકે ? (એટલે જે આપણી દીનનાં ફરમાંન મુજબ, સ્પન્તોમઇનીઉશ અને અંગ્રમઇનીઉશને લગતી દીન એકબીજાથી તુદન જુદીછે, તેહને સારૂં તેઓને થકી, અશો અહુરમજદે જુદા જુદા નીઅમો બાંધેલાછે; તે છતાં ઉપલા મજહબવાલાઓ તે બેહુને એક કેહવા માંગેછે, તે વાત નહી બની સકે એવીછે.)*

માંનીને તકરાર કરાવી અને તેમાં તે લાજવાબ થએઓ હતો; તે વીસે ફીરદોસી પોતાનાં બનાવેલાં શાહનાંમાંમાં, નીચે મુજબ લખી ગીઓછે.

بیامد یکی مرد گویا ز چین   که چون او مصور نبیند در زمین
بدان چرب دستی رسیده بکام   یکی پر منش مرد مانی بنام
بصورتگری گفت پیغمبرم   ز دین آوران جهان برترم
ز چین نزد شاپور شد بار خواست   بپیغمبری شاه را یار خواست
سرش تیز شد موبدانرا بخواند   زمانی فراوان سخنها براند
کزین مرد چینی چیره زبان   فتادستم از دین او در گمان
بگوید وزو هم سخن بشنوید   مگر خوب گفتار او بگروید
بگفتند کاین مرد صورت پرست   نه پرمایه موبدان موبد است
ز مانی سخن بشنو اورا بخوان   چو بیند ترا که گشاید زبان
بفرمود تا موبد آمدش پیش   سخن گفت با او ز اندازه بیش
فروماند مانی میان سخن   ز گفتار موبد ز دین کهن

* કેટલાએક બીજા ધરમવાલાઓનું તેઓના ધરમ પરમાંણે એવું મતછે કે, શારૂ અને માઠું કરવાની બેહુ સકતીઓ માંણુસની અંદર પાક ખોદાએતાલાએ મેલેલીછે, માંટે એ બેહુ સકતીઓ, એકબીજાના સાથી તરીકેછે. અને એ

૧ (૧૦૧) દુનીઆંમાં, ભલાં અને બુરાં કાંમથી, એકે બીજાની ઊપર પ્રાવવુંછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, માંણસોનાં કાંમ, ઘણું કરીને જેને લગતો તેઓનો ખવાસ હોએછે, તેહને લગતાં હોએછે. અગત કરીને માંણસોનો ખવાસ, તેઓની જેવી દીન હોએછે, તેહની સાથે જોડાએલો હોએછે. અને તેઓને ગુનાહની તરફ ફરવું, એ (ભલી) દીનની બાબત નહી શાંભલીને (દીનથી ઉલટાં) કાંમો કર-
૩ વાથીછે. અને એ પરમાંણેનાં માંણસો, તરંણ તરેહનાંછે. (તેમાં) એક સારૂં કાંમ કરનારને સખાવત કરનારૂં, અને બુરૂં કાંમ કરનારને નહી બખ્ખશેશ
૪ કરનારૂં. બીજું-સારૂં કાંમ કરનારને, તેમજ બુરૂં કાંમ કરનારને બખ્શેશ
૫ કરનારૂં. તરીજું-બુરૂં કાંમ કરનારને બખ્ખશેશ કરનારૂં અને સારૂં કાંમ કરનારને નહી બખ્ખશેશ કરનારૂં. જે (આદમી) તેની દીન અને ખવાસથી બુરૂં કરનારને સખાવત કરનારૂંછે, અને સારૂં કરનારને સખાવત કરનારૂં નથી; તે (બખ્ખશેશના ઉલટા) ખવાસવાલું ઇનસાંન, દુનીઆંમાં માંણસોની અંદર, દાદારની ભલાઇની કઉઅતની મારફતે, જે અમરગીનું ચાલુ રેહવુંછે, તે ભલી વસ્તુનો અટકાવ કરનારૂં, અને બદકારીનો (તેહને) બોધ આપનારૂંછે. જે (આદમી) પોતાનાં ઉપલાં કાંમથી નીચ બનેલું હોએછે, તે તેના (આએ બુરા) ખવાસની મારફતે, પોતાને દોજખનું કેદી બનાવનારૂછે, તેમજ તે પોતાને ઘણી હલાકી પોહચાડનારૂંછે. જે આદમીઓ ઘણાંજ બુરાંછે, તેઓ દેવોનો ઘણો અતલગનો સંબંધ ધરાવનારાંછે, અને દુનીઆંનો ઘણો ઘટાડો કરનારાંછે. અને તેથી ખલકનાં લોકો બુરી નીતી તથા બુરી દીનવાલાં
૬ બનેછે. જે (માંણસ), જેમ નેક કાંમ કરનારને, તેમજ બદ કાંમ કરનારને, સખાવત કરવાના ખવાસનું હોએછે, તે (ઇનસાંન)-તેથી, (ખરી સખાવત

બેમાંની કોઇબી સકતીથી થાએલું કાંમ, પાપી નહી હોવું જોઇએ; માટે 'દીનકર્દ'-ના કામિલ લખનારે ઉપલાં મતવાલાઓના ધરમોને, આપણા મજદયસ્નની ધરમથી તદન ઉલટા અને દેવના તરીકાવાલા ગણેઆછે. કેમકે, જો ઉપલાં મત પરમાંણે, નેકી અને બદીનો આએ દુનીઆંમાં ફરક નહી હોએતો, મજદીઅસ્નની દીનમાં જે નેકી કરવાનાં ફરમાંનો આપેઆમાં આવેલાંછે, અને દરએક બદીથી માંણસને દુર રેહવાની જે ચેતવણી કરીછે, તે નકામી ગણાએ; અને આવતી દુની-આંમાં માંણસને નેકીનો સુખ સાથનો બદલો, અને બદીનો દુખ સાથનો બદલો મલવા વીસે જણાવેલું ખોટું થઇ. એટલુંજ નહી પંણ, આએ દુનીઆંમાં જે અનીતીનાં કાંમ કરનારાઓને ઇનસાફની દરબારથી સજા થાવાના કાએદાઓ બંધા-એલાછે, તે નકાંમા થાઇ પડે.

કરનારૂં નથી, પણ) ઘણાએક લોકો પાસે પોતાની પુંજા કરાવનારૂંછે. અને તે દુનીઆંમાં ઉલટા ખવાસનાં આદમીઓને બદીની આમેજશની અંદર તથા તેઓનાં ગુનાહનાં કાંમોને ખાતર, ઘણાં ચાલુ રાખનારૂંછે. તેમજ તે, સારૂં અને માંડું, (એ બેહુ જાતનું) કાંમ કરનારૂંછે. અને તેથી, એબ અને અનીતીને આદમીની અંદર ફાવવુંછે; તથા તેથી, દુનીઆંમાં અતીશય વેરાંની, સંકટથી ખલકનો ઘટારો થવો, અને આદમીઓને ઘણુંજ પાપી બનવુંછે. અને માંણસોનાં રવાંનને હાંણી પોહચાડનારાં પાપથી, તથા બુરા દરૂજના ઘણા જોલમથી, (માંણસોને) કીરતી બખશનારા યજદોની બખ્શેશનું ઢંકાઈ જાવુંછે. અને તેથી, ગોયા દુનીઆંમાં નજીસી, અપવીતરાઈ, અને ઘણીએક તરેહની હલાકીના દેખાવને, તે (આદમી) જાહેર કરનારૂં થાએછે; જે સબબને લીધે, તે આદમી, ખલકનું દુશમનછે.* ૭ વલી જે આદમી નેક લોકોને બખ્શેશ કરનારૂં હોએ, અને બુરા લોકોને નહી બખશેશ કરનારૂં હોએ, તે (આદમી) દુનીઆંની અંદર દીનને લગતો ફાએદો કરવાનો અને લોકોમાં અમરગીને લગતી ચાલચલણને ચાલુ રાખવાનો તથા માંણસોના ખવાસને ભલાઈની તરફ ફેરવવાનો, અને તેઓની દાંનાઈને, ભલાઈના વીચાર, વચન અને કાંમને લગતા ખવાસવાલી દાંનાઈથી, હુમત-હુખ્ત અને હવરશતને માંટેની બનાવવાનો, શોક રાખનારૂછે. અને (તે ઈનસાંન), સારા ગુણો અને સારા વીચારોની મારફતે, દુનીઆંને ચહડતે દરજજેની બનાવનારૂં, આદમીઓનાં રવાંનને (દોજખથી) છુટકારો આપનારૂં, અને આદમીઓને ચહડતે દરજજેના ફાએદાની અંદર ચલાવવાથી, (એટલેજે નેકીને લગતા કાએદાની અંદર જાલવી રાખવાથી), તેઓનાં રવાંન અને બદનને, દુનીઆંને પેદા કરનારની તરફની બખ્શેશને લાએક કરનારૂંછે. ૮ (વલી) દુનીઆંમાં (દીનને) હમેશાં ચાલુ રાખવાથી, તથા સઘલાં આદમીઓ દીન ઉપર ચુસ્ત રેહવાથી, તેઓ ખાલેસી ભરેલાં અને

---

* આએ બાબત ઉપર મજદીઅસનાનોએ ખુબ ધેઆંન આપવું જોઈએછે; કેમકે, તેઓમાંના ઘણાએકો, ઘટતી સખાવત કેહીછે? અને અણઘટતી સખાવત કેહીછે? તે ઉપર ધેઆંન આપતા નથી. પંણ ઘણી વેલાએ તેઓ, પોતાના પાક મજહબને લગતી ઘટતી સખાવતને એક કોરે મુકીને, મતલબ-મરવત અને કોઈ જાતનાં આએ દુનીઆને લગતાં માંનને ખાતર સખાવતો કરેછે, તે સખાવત, ખરી સખાવત તરીકે ગણાવાની નથી; પણ જેઓને તે સખાવત કરેઆમાં આવેછે, તેઓથી તે સખાવતે થતાં બુરાં કાંમોનો જોખમ, તે સખાવત કરનારાઓનેસર રેહછે. સાથી કે, તેઓ જે બુરાં, અને ભલા લોકોને ઇજા દેવાનાં કાંમ કરેછે, તે પેલા સખાવત કરનારના પઇસાનાં બલથીછે.

ભલાઈવાલાં થાએછે. અને તેથી દુનીઆં વગર ઘાતની અને હમેશની નેકી વાલી બનેછે. અને આલમનાં લોકોને તે વીસેની સહુમજ આંપનારી જે વસ્તુછે, તે ખાલેસ, ભલાઈવાલી, અને સઘલી દાંનાઈનો સીનગાર પાંમેલી મજદીઅસની દીનછે.

---

૧ (૧૦૪) (જે માંણસ) પોતે પોતાને સારૂછે, અને (જે માંણસ) પોતે પોતાને સારૂ નથી, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાણવું કે, જે ઈનસાંનનો વીચાર, વચન, અને કાંમ, તેહની માલેકની વલાંનના (ઈચ્છાને ખોદાએતાલાની મરજી મુજબના) હોએ, અને તેહનાં અન્તકરંણની અંદર, ભલી દીનના સંબંધની મારફતે, સરવેથી બુજોરગ પેદાના કરનાર અહુરમજદનો મેલાપ હોએ, તે આદમી પોતાને વાસ્તેનુંછે. અને તે ઈનસાંન પોતે, તે સાચ્ચા તરીકાની મારફતે, રોશનીવાલાં, હમેશની નેકી સાથનાં, અને પુરતી ખુશીવાલાં, (બુલંદ બેહેશતનાં) મકાંનમાં, પોતાને પોહચાડનારૂછે. ૩ જે આદમીનો વીચાર, વચન, અને કાંમ, ઉલટી અકલ, (ઈચ્છાને બુરા હવસ) ના એરાદાને લીધે, પોતાના માલેક (ની વલાંણ) થી ઉલટાં હોએ, તે ઈનસાંન ઉલટી અકલના બુરા તરીકાના સંબંધને લીધે, બુરી દીનવાલું, અને અંગ્રમઈનીઉશની પાપી કુશેશથી, હંમેશનાં હલાકીવાલાં અને પુરતાં દુઃખવાલાં, (દોજખનાં) મકાનમાં, બંદીવાંન થવાને લાએકનુંછે; તે ઈનસાંન પોતે પોતાને વાસ્તેનું નથી.

---

૧ (૧૦૫) આદમીને, તેહના ધનધાને લગતાં કાંમની પુરતી સહમજ મલવા વીસે, ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, માણુસને, તેહના ધનધાને લગતાં કાંમની પુરતી સહમજનું મલવું, અને (તેના ઉદીઓગમાં) ઘણુંકરીને તેને ફાવવું, એ, જેઆરે, તેનામાં, (તે કાંમને લગતો) ઘટતો વીચાર, અને સારી બખ્શેશવાલા (યજદાંની તરફ)

નો અંદેશો હોએછે, તેઆરીજ હોએછે. અને તેથી, તેના ધંધાને લગતી સહમજમાં તે ચહડતે દરજજેનું રેહછે. અને તેનાં દરએક કાંમમાં તે ઉપર આવેછે. અને તેહના વીચારને ખોલ્લો કરનારૂ તેહનું અન્તકરંણછે. જેમ એક ફતેહમંદ ઇચ્છાવાલું માંણસ, તેહની ફતેહને માંટે, વધારે ખુશી ભરેલું હોએછે; તેમ તે આદમી, હમેશાં, તેહના બદનની સકતીની અંદર, એક સરખી રીતનું રેહછે. વલી તે આદમીને હોશની મારફતે, અંદેશો કરવાની આદત રાખવાથી, ભલા વીચારની સકતીની મારફતે, તેહનાં કાંમને લગતી સહમજ મલેછે. તેથી તે (આદમી, તેહનાં કાંમની અંદર), વધારે મેહનત ભરેલું સંકટ આવવાથી, કંટાલતું નથી. તેમજ વધારે ચહડતે દરજજે સગવડ થવાથી, તે છકઇ જતું નથી.

(૧૦૯) **જે પાદશાહ હાલના વખતમાં, બીજી કોમના લોકોને આપણી મજદીઅસની દીનમાં લાવનારોછે, તે (પાદશાહ), ભલા લોકોના ખવાસનો-લાંબી જીંદગીવાલો અને દુની-આંની સંકટને અટકાવનારોછે. અને તે બુરા લોકોને ચહડતો દરજજો આપનારો નથી. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.** ૧

જાંણવું કે, ભલા (પાદશાહ)ઓની હકુમત, ધરમનીતિના પાકની અમોને સુધારનારીછે; સાથીજે ધરમનીતિનો પાકીજગી ભરેલો અને તાજગી આપનારો નીઅમ, અનીતીવાલાં તથા એબવાલાં ઇનસાંનને ધ્રુજાવેછે. માંટે જે (પાદશાહ), દુનીઆંનાં આદમીઓને તાજગી ભરેલાં રાખનારોછે, તે ગોઆ નાજુક-ખુબીવાલાં અને ખુશબોદાર પાંણીના જેવોછે. જેમ તે ખુબી આપનારાં પાંણીથી, (માંણસોને) તરાવત અને રાહતનું મેલવવુંછે, તથા તેઓથી સુકાસનું દુર થવુંછે, અને નાસકારક પાંણીથી, (માંણસોને) તુરત મરણ પાંમવુંછે. તેમ પેલા ભલા પાદશાહોની હકુમતથી, આએ દુનીઆંનાં આદમીઓને, પાક ખોદાએતાલા અને તેહના મીનો યજદોની યાદ કરવા સારૂ તથા તે ખોદાવંદ અને તેના યજદોની મારફતે પોતાની મોરાદ મેલવ્વા થકી, પાછું ઉભું થાવુંછે. (એટલેજે જેમ ખુબીવન્તાં પાંણીથી, આ- ૨

દમીઓની જીનદગીની હાલતમાં શુધારો થાએછે, તેમ ભલા પાદશાહથી તેઓની ધરમનીતીના ઉલટનો વધારો થાએછે); તેમજ તે પાદશાહોના પાક મજહબથી, આદમીઓને, તે મજહબનો સંબંધ મેલવવાનો ઉપાએ, તથા પાક યજદાંની નેકીને પીછાંણવાનો ઉદીઓગ, થાએછે.

૩ બુરા લોકોની હકુમત, એ અનીતીવાલા અને એબીઅલ (ફરેહબુત અને અઈબી બુત) ની હકુમતછે. તે (હકુમત) થી, નીતીવાલા ગણેઆંણી પુરૂષનાં ધરમનીતીનાં કઉઅતનું અસ પામવું થાએછે. વલી તાંહાં શુધીની હદ કે, દુનીઆંમાં ફરેહબુત અને અઈબીબુતને લગતાં જે કાંઈ કાંમો જાંણીતાંછે, તે કાંમો, આએ દુનીઆમાં કરનારો તે પુરૂષ હોએછે, (કે જે આગલ ધરમી પુરૂષ હતો.) અને તે સબબને લીધે, જેવો તે પુરૂષ દુનીઆંમાં તેનાં (સારાં) કાંમથી, કીરતી મેલવેલો હતો, તેવો તે કજલાએલો અને હાંણી પાંમેલો થાએછે. તે (બુરા લોકોની) હકુમત, જાતે ખરાબીને માંટેની હોવાને લીધે, તેનીથી પેલો (ભલો) પુરૂશ, તેની કીરતી હલકી થાવાએ, (આએ દુનીઆંમાં) પસ્ત દરજજેનો થાએછે. વલી તે બુરી હકુમત ધરાવનારાઓથી,

૪ ઘણીએક મેહનત તથા નોકસાંન અને દુઃખ, લોકોને પોહચવાએ, આએ દુનીઆંનાં આદમીઓને, પાક ખોદાએતાલાની અને મીનો યજદોની યાદમાં પાછું ઉઠવું નથી.

—⊚⊚⊚—

૧ (૧૦૭) અહડતે દરજેનું કશીઅત, એ માંણસોને, સરવેથી ઉનચે દરજે પોહચાડનારી, અને પ્રકાશ આપનારી, નીશાંનછે. અને નીચ દરજજેનું કશીઅત, એ માંણસોને, નીચ અને અસપાંમતી હાલતમાં લાવનારી, નીશાંનછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

—⊚⊚⊚—

૨ જાંણવું કે, અહડતે દરજેની સકતી માંણસોને ઉનચે દરજે પોહચાડનારી તથા પ્રકાશ આપનારી નીશાંન તરીકેછે. અને તેને લગતાં ઈનસાંનો તરણ તરેહનાંછે.

૩ તેઓમાં પેહલલાં જે ઈનસાંનોછે, તે એછે કે, જેઓ, દીનની ઘણી શાહમજ ધરાવનારા પુરૂષની સીખાંમણ તથા હોકમને માંનનારાં હોએ, અને તે ધરમગુરૂથી દીનને લગતી પુછપરછ કરીને, તથા તેનીથી

સારી વાત સાંભલીને, પોતાને તેહનીથી ઉતરતી પદવીનાં ગણુતાં હોએ. બીજાં તે આદમીઓછે, કે, જેઓ (પોતાથી) ઉતરતે દરજેના (ધરમના વીચારવાલા) ઓ ઉપર, પોતે સંપુરણ વીચારથી ચહડતાં હોએ, તે વીચારની બખ્શેશ, પોતાથી ઉતરતી પદવીવાલાઓને કરે, અને ઉતરતે દરજેનાઓને ખુબીની અંદર ચહડતે દરજેના બનાવે. તરીજાં તે આદમીઓછે, કે, જેઓ પોતાંના ચહડતે દરજેના એરાદાએ, ધરમ પાલનારા ઉતરતે દરજેનાઓની ઉપર, પોતે ચહડતાં હોએ, અને તેઓ પોતાની ચહડતે દરજેની (દીનની) તાબેદારીના નમનતાઈ ભરેલા વીચારથી, પોતાને, તેઓ કરતાં ઉતરતે દરજેના ગણે. ૪ ૫

વલી જે નીચ દરજેની સકતી, માંણુસોને હલકે દરજે પોહચાડનારીછે, તે ઉપર જણુવેલાં, તરણ તરેહનાં માંણુસોની વીગતથી, ઉલટી નીશાંનવાલીછે. જેમાં પેહલાં ઈનસાંનો તે છે, કે જેઓ, જે શખ્શ દેવની દીનને લગતું ઘણું ગણેઆંણુ ધરાવતો હોએ, તેની નસીહત અને હોકમને માનનારાં હોએ, અને તે ધરમગુરૂથી દીનને લગતી પુછપરછ કરીને, તેને લગતાં કાંમનો ઉલટ રાખનારાં હોએ. અને પોતાને, તે (ધરમગુરૂ) થી ઉતરતી પદવીનાં ગણુતાં હોએ. બીજાં તે (આદમી) ઓછે, કે જેઓ, પોતાથી ઉતરતે દરજજેના (બુરા વીચારવાલા) ઓને, પોતાની ધીકારવાજોગ ખાસીઅતોની તથા ઈજા દેનારી આદતોની બખ્શેશ કરનારાં હોએ, અને પોતાથી ઉતરતે દરજેનાંઓને, બુરાઈની અંદર ચહડતે દરજેનાં બનાવે. તરીજાં તે માંણુસોછે, કે જેઓ, ખોદાતાલાની નાંફરમાંનીમાં તથા દેવની દીનનો શોક રાખવામાં, બીજાઓ કરતાં વધારે હોએ, તે છતાં, પોતાના નીચ વીચારથી, લોકોને ઘણી ઈજા દેવામાં, પોતાથી ઉતરતાઓના કરતાં, પોતાને નીચાં ગણે. ૬ ૭ ૮ ૯

(૧૦૫) મજદીયરની દીનને વધારે પ્રકાશ આપનારા તથા (તેને) વધારે કજલાવનારા વીચાર વીસે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, જરતોશતી કોમના સરવેથી વડા ધરમગુરૂના એખતીઆર તલે, અશો લોકોએ પોતાની દીનના લોકોને, દીનને લગતી કેલવણી આપ- ૨

વાથી, તથા તે અશો ધરમગુરૂના સખુનો સાંભલીને, સઘલા લોકોએ તેહને તાએબે રેહવાથી, અશો ધરમગુરૂ મજદીઅસની દીનને વધારે પ્રકાશ આપ-
૩ નારોછે. મજદીઅસ દીનને વધારે જાંખ પોહચાડનારા 'ફરેહબુત' અને 'અઈબીબુત' છે;* આએ લોકો અંધ્રમઈનીઉશને લગતાછે, તેથી તેઓ, ભલી દીનના લોકોને ધાત કરનારા, તેઓમાં દુશમની અને મારામારી ઉતપન કરનારા અને તેઓને પોતાના દશતુરનો ધીકાર કરવાનું સીખવનારાછે.

---

૧ (૧૦V) **વઈદકને લગતું મુલ—તેને લગતાં ઘટતાં કારણ—તેના વીભાગના તરીકા, કાંમ અને ફાએદા વીસે. તથા વઈદકની સહેમજ વગરનું હકીમુ, બીમારીને માંટેનુંછે, તે વીસે. કેહલી પ્રકારનો વઈદ તેહનાં કાંમની અંદર ખુબીવન્તો, દાનાઈ ભરેલો અને કીમતીછે? વઈદ તેનાં કામમાં દાનાઈવાલો અને કીમતી, તેહની સારી દીઆનત અને સારી સખાવતથીછે. બદનને લગતા વઈદની પ્રીખ્શા, બદનને લગતી બીમારીને દુર કરવા-થીછે અને રવાંનને લગતા વઈદની પ્રીખ્શા, રવાંનને લગતી બીમારી (ઈઆને એબ)ને દુર કરવાથીછે. અને આએ બેહુ તરે-હના વઈદો, વગર અજમાવેલા નહી, પણ અજમાવેલા જોઈએ. જે શેહેરનાં આદમીઓને પોતાને સારૂ વઈદ બનાવવાની જરૂર હોએ, તેઓએ (પેહલાં તે વઈદની) અજમાએશ કરવી, કેમકે, વગર અજમાવેલા વઈદ પાસે વઈદુ કરાવવાથી, તેઓ સજાને લાએકનાં થાએછે. જે હકીમને અજમાવેલો હોએ, તેહ-નેજ (માંણસોએ) હકીમાંના ધંધાને સારૂ પસંદ કરવો. જે**

---

* આએ દીનને લગતાં ઉપલાં લખાંણમાં, જેઓને 'ફરેહબુત' તથા 'અઈબીબુત' નું નાંમ આપેઆમાં આવેલુંછે, તેઓને આપણે તે લોકો સહમ-જવા જોઈએછે કે, જે લોકો, જેમ પોતે અનીતીવાલા એહરેમના મારગ ઉપર ચાલતા હોએ, તે પરમાંણે મજદીઅસની દીનના લોકોને ચલાવવાની મતલબથી, તેઓની સુલેહ સંપજનો બીગાડ કરે, તેઓની અંદર એકબીજામાં અથરાંમણી કરાવે, મજદીઅસની દીનનાં પવીતર ફરમાંનોની મતલબને ઉંધી અને ઉલટી સહમ-જાવીને, દીનદારોનાં દીલમાં દીન વીશેનો શક અને વસવસો નાંખે, અને દશતુર મોબેદોની નીનદા તથા ગીબત કરીને, તેઓને જરતોશતી કોમના લોકોમાં હલકા પાડે. તથા દીનના દશતુરોનો ધીકાર કરવાનું જરતોશતીઓને સીખવે. આએ ઠગારા આશમોગો કોઈબી જાતના હોએ, પછી શું તેઓ દીનમાં રેહીને પોતાની મતલ-બને સારૂ ઉપલાં કાંમ કરતા હોએ, કે વગર દીને દીન દુશમનીથી તેમ કરતા હોએ.

વઈદ રવાંનને લગતા મરજનું તથા બદનને લગતા મરજનું નીવારણ કરનારોછે, તે 'બજશક' (ઈઆને 'મરજને મારનાર') નાં નાંમને લાએકનોછે. અને જે બદનના એવ્યવોને સાધનારો વઈદછે, તે 'દરવેસ્તપત' (ઈઆને બદનના ભાગેલા અવ્યવોને સાંધનાર) નાં નાંમને લાએકનોછે. વઈદકપણાંની અંદર, જે રવાંનને લગતો વઈદછે, તે બદનને લગતા વઈદથીછે. અને જે બદનને લગતો વઈદછે, તે રવાંનને લગતા વઈદથીછે. આએ બેહુ જાતની બીમારી અને એબને લગતા વઈદો, કેહવી પ્રકારે તેઓના ધનધામાં સકતીવાંન થાઈ સકેછે ? તે વીસે. તરેહ તરેહની દવાઓ એ લોકોને કીઅત આપનારી વસ્તુછે. હાડ વઈદું, એ બદનના (ભાગેલા) અવ્યયોને શુધારવાને લગતું કાંમછે. જે હાડ વઈદછે, તે હાડ વઈદાંની મારફતે, ગોયા પ્રાએદમંદ કાંમો કરવા સારૂ આતમાને લગતી સકતીઓને શુધારનાર તથા તેને લગતી બનાવટને બરોબર રાખનારોછે. અને એ દલીલ ઉપરથી, આદમીઓને તે વઈદનીબી જરૂરછે. આતમાને સારૂ બદનને શુધારેલું રાખવા સારૂ, દવાઈ તેહનાં પ્રમાંણ પરમાણે ખાવી સજાવારછે. તેમજ તે વઈદે, સારા શુધારાને સારૂ દવાઈ બનાવવાને લગતો અસબાબ રાખવો જોઈએછે. જેનું કાંમ બદનને લગતા મરજનું નીવારંણ કરવાનુંછે, તેણે બદનને લગતાં દરદોને સાફ કરવાનું કાંમ કરવું. અને જેનું કાંમ (આતમાને સારૂ), આકેબતને લગતા વીચાર દીનની મારફતે આપવાનુંછે, તેણે દીનને લગતો ખોલાસો (માંણસોને) કરવો સજાવારછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે, મરજનું નીવારણ કરનારૂં મુલ, (એટલેજે દરદને દુર કરનારો વઈદ), એવી પ્રકારની દુરઅંદેશીવાલો હોવો જોઈએ કે, દરએક મરજની ઉપર ફતેહ કેમ મેલવવી ? તથા આદમીનાં દુઃખનું નીવારણ કેમ કરવું ? તેહને લગતી ઘણી સારી સમજ તેહનામાં હોએ. હકીમાંની, (ઇઆને વઈદકપણાંની) મતલબ, આએ દુનીઆંનાં લોકોને એબ આપનારની ખાપણ ૨

(ઇઆને દરદ તથા દુરગુણ) થી સાચવવાની, તથા તેવોને સલાંમત રાખવા સારૂ, તેઓને લગતી બીમારીનું, ઘટતી રીતના ઉપાએઓથી, નીવારણ કરવાનીછે. બીમારીનું નીવારણ કરનારો વઇદ, (તેને લગતાં) વઇદક શાસ્ત્રથી અણજાંણો હોએતો, તે હકીમ હકીમાંને લગતાં ગણેઆંણ વગર, મરજનું

૩ નીવારણ મુતલક કરી સકવાનો નથી. દીનની અંદર, એક બદનને લગતા મરજોનું નીવારણ કરવાની સહમજ આપેલીછે, અને બીજી આતમાંને લગતા મરજનું નીવારણ કરવાની નસીહતો કરેલીછે. (તેમાં) આતમાને લગતા મરજોનું નીવારણ કરવાની નસીહતો, જે બીમારી તથા ખાપણ, દુનીઆંનાં લોકોમાં એબ આપનાર (એહરેમન) ની કઉઅતથી, (ઇઆને માંણસની અનીતીના બલથી), પોહચેલી હોએછે, તે (બીમારી તથા ખાપણ) ને, (એટલેજે પાપને), લોકોમાંથી ભલી દીનની કીરીઆની મારફતે દુર કરાઈ તથા ઘટાડી સકાએછે, તે વીસેનીછે. અને બદનને લગતાં દરદોનું નીવારણ કરવાની સહમજો, ભલી દીનને લગતી દાંનાઈની મારફતે, આએ દુનીઆંનાં લોકોનાં બદનને એબ આપનાર (એહરેમન) ની બીમારીથી દુર

૪ રાખવાની તથા તેઓને થાએલાં દરદનું નીવારણ કરવા વીશેનીછે. આએ (આતમા અને બદનને લગતાં) દરએક જાતનાં હકીમાંની અંદર, (આતમા તથા બદનને) અમરગ કરવાના અને તેને માંટે ધરમનો બોધ આપવાના, બે જુદા જુદા ભાગછે. તેમાં મીનોઈ દુનીઆંમાં રવાંનને અમરગ (ઇઆને વગર ઇજાનું) કરવા સારૂં, તેહને લગતા મરજનું (એટલેજે પાપનું), નીવારણ કરવું, એ ભલી દીનથીછે; અને રવાંનને અમરગ કરનારાં સઘલાં આદમીઓ, તેઓના રવાંનને લગતા મરજનું નીવારણ કરનારાં, તેઓના માલેક તથા પાદશાહ અને જરતોશતી કોમના વડા ધરમગુરૂની મારફતે, તેઓના ખવાસોને શુધારવાએછે.

૫ આદમીઓનાં રવાંનનાં દુઃખનું નીવારણ કરવા સારૂ, તેઓને (ધરમનો) બોધ આપવો, અને તેઓને દુશમત-દુશઓખ્ત અને દુશવરશત (એટલેજે બુરૂ વીચારવાના-બુરૂ બોલવાના અને બુરૂ કરવા) ના એરાદાથી અટકાવી, તેઓને હુમત-હુખ્ત અને હુવરશત (ઇઆને સારૂ વીચારવાનો-સારૂ બોલવાનો અને સારૂ કરવા) નો ઉલટ આપવો ઘટારતછે; કે જેથી દાહપણવાલા દીનદારલોકો, ભલી દીનને લગતી સૂહમજથી, પોતાનો ખવાસ સુધારવાને વધારે સકતીવાંન થાએ.

આએ દુનીઆંને લગતાં દુઃખનું નીવારંણ કરી, માંણસનાં બદનને ૬ અમરગ (ઇઆને વગર ઇજાનું) કરવું, એ ભલી દીનની સહમજ ધરાવનારા જરતોશતી કોમના દશતુરાંન દશતુરની ધરમને લગતી હકુમતથી તથા પાદશાહનાં ખુબી ભરેલાં ફરમાંનોથીછે. તેમજ આદમીઓનાં રોગનું નીવારંણ કરવું, તથા જે લોકોનાં શરીરો, વગર વઇદે ખરાબ થતાં હોએ, તે ઉપર ચોકસી રાખીને, તેઓનો સંભાલ કરવોબી તેઓથી, (ઇઆને દશતુરાંન દશતુર તથા પાદશાહની તરફથી) છે. દરએક આદમીનાં બદનને લગતાં દરદનું નીવારંણ, તેને લગતો બોધ આપનારા નેક હકીમોથીછે, કે જેઓ માણસોને તેવોને લગતાં દરએક દરદનાં નીવારંણની સહમજ આપી સકે. વલી આદમીની જાતને લગતાં દરદોનું નીવારંણ, જે ચીજથી તેઓને લગતા અવ્યઓને નોકસાંન થાઇઉં હોએ, તેનો સંભાલ કરનારા દરવેસ્ત પદો (ઇઆને તે ભાગોને સારૂં કરનારા વઇદો) થીછે.* બદનને લગતા, તેમજ આતમાને લગતા, જે ભાગો નોકસાંન પાંમેલા હોએ, તેઓનાં દરદનું ૭ નીવારંણ કરવાને માંટે, આએ (નીચે લખી જણાવેલી) વસ્તુઓછે. અને તે (વસ્તુ) ઓનાં દીનને લગતાં નાંમો, (આએછે). (એક) દરદનું નીવારંણ કરનારી પવીતરાઇ; (બીજું) દરદનું નીવારંણ કરનારો આતશ; (તરીજું)

---

* આએ ઉપલાં લખાંણ ઉપરથી, આપણને એવું સીધ કરવાને બની આવેછે કે, જરતોસ્તી દીનનાં ફરમાંન પરમાણે, આપણી હકુમતના વખતમાં, રવાંન અને તન, એ બેહુને લગતાં દરદોનું નીવારણ કરવાનો ઓહદો, ધરમની કેલવણી લીધેલા અથોરનાનોને સવાધીન હતો; તેથી તેઓ, જેમ ટોલા ઉપર Doctor of Divinity એટલેજે દસતુરીનો, તેમજ Doctor of Medicine ઇઆને શરીરના વઇદ તરીકેનો, ઓહદો ચલાવતા હતા. જો આએ બીજી પદવી, તે વખતમાં અથોરનાંન સેવાએ, વાસ્તરીઓશ બેહદીનને મલતી હતી; તો તે હકીમને ધરમને લગતું પુરતું ગણેઆંણ, અથોરનાંનની તરફથી મલતું હતું. કેમકે ઉપલાં લખાંણમાં આપણે જોઇઉંછે કે, તનને લગતા વઇદને સારૂં ધરમનાં ગણેઆંણની જરૂરછે. અને જો તે ધરમનું ગણેઆંણ તેઓમાં હોએ, તોજ તેઓ શરીરને લગતા મરજોનું નીવારણ, આદમીઓ અપવીત્તર નહી થાએ અને ધરમી રેહી સકે, તેવી સહમજથી કરી સકે. સાથી જે, જરતોશતી ધરમમાં, નજીસ ચીજો-મુરદાંને લગતી વસ્તુઓ અને બીજી તેવીજ હવાને ખરાબ કરનારી અને મરજો ઉતપન કરનારી બદબોઇવાલી ચીજોને ઓલખીને, તેને નહી અડકવાનું તથા તેથી દુર રેહવાનું ફરમાંન આવેલુંછે, તે સઘલી જાલવણી, ધરમનાં ગણેઆંણ વગર, જરતોશતી ડાકટરોથી કવચીત બની સકે નહી. ઉપલાં લખાંણની અંદર, રવાંન-અનેતનને લગતા ડાકટરોને [illegible] રોબાંન બજશક, [illegible] તનુ બજશક, અને [illegible] દરવેસ્તપત, એવાં તરણ નાંમ આપેલાછે, તેમાંનો પેહલો દીનનો દશતુરછે; બીજો શરીરનો વઇદછે; અને તરીજો હાડવઇદછે.

દરદનું નીવારંણ કરનારાં જાડપાંન; (ચોથું) દરદનું નીવારંણ કરનારાં વાડ-કાપનાં હથીઆરો; (પાંચમું) દરદને બાલી નાખનારો તેજાબ; અને (છઠું) મરજનું નીવારંણ કરનારૂં અવસ્તાનું પઢાંણછે.* તેમાં મરજનું નીવારંણ કરનારાં અવસ્તાનાં પઢાંણને લગતી સહમજ એછે કે, આએ દુનીઆંમાં બદનને લગતા બુરા ખવાસના જે કાંઈ જખમો, દરદો અને ઇજાઓ તરેહ-વાર ઉપાએઓ કરવા છતાં દુર નહી થાઈ સકે, તો બદનની અંદરથી તેહને લગતી બીમારીને જલદીથી દુર કરવા સારૂં, ચહડતે દરજજેનો ઉપાએ,

૮ અવસ્તાને લગતાં ભણતર અને તેની કીરીઆએોછે. બીજો—દુઃખનું નીવારંણ કરનાર આતશછે, તેની મતલબ એછે કે, આતશની કઉઅત, કોહાત અને નાસનો ઉપદરવ કરનારી હવાની બીમારીને બરતરફ કરવાનો સબબછે; તેથી આતશ ઉપર ફતેહમંદ સુંધંધીવાલી જરીબુટીને મેલીને, તેહની ધુંઇ તથા તાબેશ બદનને આપવાથી, તેને લગતી ઘણીએક બીમારી

૯ દરે થાએછે. અને તેથી શરીરને આરાંમ મલેછે. તરીજું—જાડપાંન અથવા જરીબુટીથી જે કાંઈ દુઃખનું નીવારંણ કરવુંછે, તેની મતલબ એછે કે, જખમ અને ઘર ગુમરાંનો ઉપાએ, વાડકાપનાં હથીઆરો તથા તેજાબથી થઇ સકેછે; પણ બીજી તરેહની બદનને લગતી બીમારીઓ દવાદારૂ પીધા-થી તથા શુંગવાથી બરતરફ-કરી સકાએછે. વાડકાપનાં હથીઆરો તથા તેજાબની દવાઇથી દરદનું નીવારંણ કરવાની અંદર, પેહલલાં દરદનું નીવારંણં હથીઆરથી કરવું. અને શેવટે તેજાબથી દરદનો ઉપાએ કરવો સજાવારછે.

૧૦ રવાંનને લગતું હકીમું, (ઇઆને તેના મરજનો ઉપાએ), તરણ તરીકાથીછે. (તેમાં એક) ભલી દીનને લગતું પઢાંણ કરવાથી, (બીજું) ભલી દીન ઉપર ઇમાંન લાવવાથી, અને (તરીજું) ભલી દીનને લગતાં કામ કરવાથીછે. એમાં ભલી દી-નને લગતું પઢવું અને કામ કરવું, એ બેહુની અંદર (ભલી દીનને લગતાં) ઇમાંનનું કઉઅત હોવાથી, આદમીનાં રવાંનને લગતાં મરજનું નીવારંણ થાઇ

---

* 'અશવહેશત' (ઇઆને અરદીબેહશત) યશતના પાક અવસ્તામાં 'આતશ' અને તેની સાથે [illegible] અશ, [illegible] દાત, [illegible] કેરૈત, [illegible] ઉરવર, અને [illegible] માંથ્ર, ઇઆને પવીતરાઇ, નીતી, હથીઆર, જાડપાંણ, અને અવસ્તાનું ભણતર, એ પાંચ વસ્તુઓને મરજનું નીવારણ કરવાનાં સાંધણ તરીકે જણાવેલીછે. અને 'અશવહેશત' ને લગતી "અઇરીઅમન" નામની અશો અહુરમજદે પેદા કરેલી કુદરતી સકતીને, મરજને તોડવામાં ઉપલી ચીજોને મદદ કરનાર તરીકે જણાવેલીછે.

શકેછે. દુનીઆમાં (માણસને) સલાંમતી સાથની હાલતમાં રાખનારા બે લાએક ૧૧
ધણીઓછે, તેમાં એક આદમીનાં રવાંનને ગુનાહથી અમરગ (ઇઆને વગર
ઇજાનું) કરનારોછે. અને બીજો, આદમીનાં બદનને બીમારીથી જાલવનારો-
છે. દુનીઆંમાં જે કોઇ, આદમીનાં રવાંનને લગતા ગુનાહનું, અને તેહનાં
બદનને લગતી બીમારીનું, નીવારંણ કરનારછે, તે હકીમનાં નાંમને લાએકનો-
છે. અને જે કોઇ, દરએક આદમીને ગુનાહથી અને તેનાં બદનને બીમા-
રીથી જાલવનારછે, તે, માંણસોની અંદર, દરએક (ઇનસાંન) ને સલાંમત
રાખનારા માલેક (ઇઆને ધરમગુરૂ) નાં નાંમને ઇઓગીયછે. આદમીઓની ૧૨
અંદર જે કોઇ, દરએક માંણસનાં રવાંનને લગતા ગુનાહનું અને બદનને
લગતી બીમારીનું દુઃખ ટાલનારછે, તે દરએક જણ હકીમનાં નાંમને લાએકના-
છે. અને વલી એમાં, જે બદનને લગતા હકીમછે, તે બે તરેહનાછે; એક બદનને
લગતાં હાડને દરૂસ્ત કરવાને માંટેનો, અને બીજો બીમારીથી બદનને સાજ્જુ
કરવાને માંટેનો. તેજ પરમાંણે રવાંનને લગતા હકીમબી બે પરકારનાછે,
એક રવાંનને જાલવનારો અને બીજો તેના ગુનાહનું નીવારંણ કરનારો.
હકીમાંનું અમરગીને લગતું કાંમ, અમરગીવાલાં આદમીઓનાં રવાંન તથા ૧૩
બદનને બીમારીથી જાલવ્વાએ તથા તેહનાં દુઃખનું નીવારંણ કરવાએછે.
અને તેહને લગતો જે ફાએદોછે, તે, દુનીઆંને સલાંમત—પવીતર અને
સારી સહમજ સાથે રાખવાનોછે. હકીમાંને લગતું, આપેરશને લગતા ૧૪
સારા ખવાસનું કાંમ, દરએક માંણસનાં રવાંનને ગુનાહથી, અને બદનને
બીમારીથી, સાચવ્વાનુંછે. અને તેથી, જે ફાએદો થાએછે, તે માંણસોનાં
બદનને તનદરૂસ્ત રાખવાંનો અને તેઓનાં રવાંનની પવીતરાઇને લગતાં
કાંમો કરવાનોછે. આએ પરમાંણેના વીચારવાલા, અને અગમબુધ્ધીવાલા ૧૫
હકીમો, પાદશાહની તરફથી મુકરર થવા જોઇએછે. અને તે ભલી દીનની
સહમજ ધરાવનારા રવાંનને લગતા તથા બદનને લગતા બંધે હકીમો ઉપર,
રવાંનને લગતો વડો હકીમ, જે જરતોસ્તીઓનો દસ્તુરાંન દસ્તુરછે, તેહનો
હોકમ ચાલવો જોઇએછે; કે જે વડો દસ્તુર, ખાલેસ ખસલતનો, જાતી
અકલવાલો, દીનને પુરતી આરાસ્તગી આપનારો, યજદાંની યાદ કર-
નારો, અહુરમજદને માંનનારો, આતમાને જોનારો, શુધ અવસ્તા
પઢનારો, અવસ્તાની માએનીની મતલબને સહમજનારો, દીનથી વાકેફ-
કાર, વગર શકની ચાલચલણવાલો, મોહટાં દીલનો, ઉનચા વીચારનો,
ભલા વીચારવાલાને પીછાંણનારો, ગોસ્સા વગરનો, ઉલટા વીચારને રોકનારો,

લોભને મારનારો, ગુનેહગારોને સજા કરવા સારૂં તુરત હોકમ આપનારો, નેકીના બદલા તથા હીસ્સાને લાએકના લોકોને ઘટતી બખ્શેશ કરનારો, અને અહુરમજદના તાબેદારની સવારથ કરનારો હોએ. અને આંખ—મોહડું—જબાંન—કાંન અને દોક, એ પાંચ ચીજને પ્રમાંણુની અંદર રાખનારો હોએ; તેમાં આંખને નજર લગાડવાથી, મોહડાંને વગર નીઅમના ખોરાકથી, જબાંનને બેહુદું બોલવાથી, કાંનને અણુઘટતું સાંભલવાથી અને ગરદનને વારેઘડીએ હીલવવાથી (અંદાજામાં રાખે). કે જેથી, તે, કેટલીએક એબવાલો નહી થાએ. અને ચેહારે પેશાના લોકો, (તેનેથી) ગુનાહની ચાલચલણવાલા નહી થાઈ સકે. એ ઉપરાંત (તે દશતુર), લોકોને દૂેવોની ઈજાથી, વગર ઈજાએ રાખનારો, ખલકને (દોજખથી) છુટકારો બતલાવનારો, અને પાદશાહ તથા રઈઅત વચ્ચે, સાચ્ચો ફતવો આપનારો હોએ. સાંચો દસ્તુર, સઘલી દોલત તથા પુરતી આએપતની મારફતે, તેહની દીનને લગતાં રાજનું તેજ તથા તે (દીન) ને લગતી મતલબને, જાલવી સકેછે, અને સઘલાં દીનને લગતાં ફરમાંનો આપી સકેછે, તથા તેને અમલમાં લાવી સકેછે.

૧૬ ૧૭ ૧૮ જે વગર શકતીવાલાં, શરીરને, (દવાદારૂને લગતી) ચીજથી શુધારનારો હકીમછે, તે ભલી દીનના લોકોને તનદરૂસ્ત રાખનારો ગુરૂછે. વલી જે હકીમ દરએક ઠેકાંણે, સારી તદબીરથી.ફતેહ મેલવનારો, રવાંનને ચાહનારો, બારીકીથી મરજની તપાસ કરનારો, ઘણું વાંચનારો, લખાંણુની યાદ રાખનારો, અને ઘણી અજમાએશવાલોછે, તે (હકીમ) અસલ (મરજ) ના ઉપાએ કરનારો

૧૯ અને બદનને હલાકી આપનારા મરજો ઉપર ફતેહ મેલવનારોછે. (જે હકીમ), અંદામ (ઇઆંને બદનના ભાગો) ને પીછાંણુનારો, તેઓના ફેરફારને જાણુનારો, બીમારીના ઉપાએની સહુમજ ધરાવનારો, વગર આમેજશની વસ્તુવાલો, (ઇઆને અપવીતર દવા નહી કરનારો), જાતે દરદીનો એલાજ કરનારો, તથા તેહના મદદગાર દોસ્ત તરીકેનો, અદેખાઈ વગરનો, શીરીન જબાંનથી બોલનારો, તુચકાર વગરનો, સંભાલ કરવાજોગ સારા ઉપાએ કરનારો, બીમારીનો શતરૂ, બીમારોનો દોસ્ત, વગર શરમે (દરદીઓની) ચાકરી કરનારો, નીરદોશ, દરદ વગરનો, (દરદીથી) કોઈબી રીતની મદદને નહી છુપી રાખનારો, સઘલી કીરતી સાથે દરદીનો સંભાલ કરનારો, દુઃખનાં નીવારંણુના ઉપાએ બતલાવનારો, નેકનાંમીને જાલવનારો, (ઇઆને કનજસ નહી મેલવનારો), (આએ દુનીઆંની) વગર આવકે, પણ મીનોઈ દુનીઆંમાં સારો બદલો મેલવ્વાની ઉમેદથી, દવા કરનારો, અને (દરદીને લગતી) દરએક બનેલી બાબ-

તને શાંભલનારો હોએ; તે કમિલ હકીમછે. અને તે (હકીમ) અઈરીઅમન*ની અહડતે દરજજેની મદદ તથા મોહબતના સંબંધને લીધે, જાડપાંણુની દવાની કઉઅતની મારફતે, મરજનું નીવારંણ કરનારો, સારી રીતનો અસરકારક ઉપાએ કરનારો, બીમારીને બરતરફ કરવાને લગતી પરહેજથી આજારી માંણસને રાખનારો, તથા મરજની ખરાબી તથા નાપાકીને ફેરવીને, (બીમારની) જીનદગીને સુખ, સવાદ અને આરાંમ આપનારોછે.

રવાંનને લગતા હકીમની ખુબી તથા મરતબો, રવાંનને લગતા મરજનું નીવારંણ કરવામાં અરદીબેહશત અમેશાસ્પંદની (ઇઆને અમરગીના અહડતા દરજાવાલી ઓતમ નેકીની) સાચ્ચી તાબેદારીનો આએ દુનીઆંમાં શોક રાખવાથીછે. ૨૦ અને તનને લગતા હકીમની ખુબી તથા મરતબો, તનને લગતા મરજનું નીવારંણ કરનાર યજદોમાં 'અઈરીઅમન' જે અરદીબેહશત અમેશાસ્પંદની સાથે કાંમ કરનારી ગેબી શકતીછે, તેનો પ્રતાપ મલવાથીછે. ૨૧ વલી, જે રવાંનને લગતા મરજનું નીવારંણ કરનારો (હકીમ) છે, તેહેનું આદમીઓની અંદર જે કાંમછે, તે પેહલ્લે દરજ્જેનુંછે; (કારંણ કે) રવાંનને લગતો (હકીમ), સઘલાં આદમીઓનો (હકીમ) છે, અને તેનું મુખ્ય કાંમ (આદમીને) ભલી દીનને લગતાં કાંમ કરવાની તથા ઉલટાં કાંમથી દુર રેહવાની કેલવણી આપવાને લગતુંછે. અને તે અરદીબેહશત અમેશાસ્પંદ (ઇઆને બેહશતને લગતી અમરગ તથા બુજોરગ નેકીવાલી સકતી) નો પ્રતાપ મેલવ્વાથી, રવાંનને ગુનાહથી જાલવ્વાનું તથા ભલા શવાબે કરી, (આદમીઓને) અશો બનાવ્વાનુંછે. ૨૨ જે તનને લગતો હકીમછે, તેનું મુખ્ય કાંમ, દરએક આદમીના આતમાંવાલાં બદનનાં માદદાને લગતુંછે, તેથી તેનું કાંમ, બદનના માદદાને પરહેજ તથા ઉપાએથી સકતી આપવાનું, તથા અઈરીઅમનના પ્રતાપથી માણસોનાં શરીરને સલાંમતીની અંદર જાલવી રાખવાનું, અને તેને બીમારીથી સાહજુ કરવાનુંછે. ૨૩ રવાંનને લગતા ગુનાહનું નીવારંણ કરવું, અને તેને કીમતી બનાવવું, એ તનને લગતાં બલથીછે; (કારંણ કે), તનની હયાતીને લીધે, રવાંનને લગતા ગુનાહનું સાફ થવુંછે. ૨૪ તનને લગતા ૨૫

* અઈરીઅમન—આએ નાંમવાલા એક યજદને અરદીબેહશત અમેશાસ્પંદના સાથી તરીકે અશો અહુરમજદે પેદા કરેલોછે, જેને લગતું વરણન વંદીદાદની ૨૨ મી પરગરદમાં આવેલુંછે, તેમાં જણાવેલુંછે કે 'અંગ્રમઇનીઉશ' થી ઉતપન થનારા સઘલા અજારોને તોડવાની એજમતી સકતી અશો અહુરમજદે આએ યજદને 'માંથ્ર સ્પન્ત' ના સંબંધથી બખશેલીછે. માંટે સચાઈ અને પરહેજગારીથી હકીમું કરનારા દીનદાર હકીમનો તેહનાં કાંમની અંદર, અશો અહુરમજદથી મદદ પાંમેલો 'અઈરીમન', મદદગારછે.

મરજનું નીવારંણુ કરવું અને તેહને કીમતી બનાવવું, એ રવાનને લગતી કઉવ્અતથીછે; (કારંણુ કે,) બદનની તરફથી જે કાંમ થવુંછે, તે,
૨૬ રવાંનને લગતી સકતીઓનાં બલને લીધેછે. રવાંનને લગતું હકીમું, દીન પોતેછે. અને તનને લગતું હકીમું, દીનને લગતી સકતીઓનું
૨૭ કઉવ્અતછે. રવાંનને લગતો હકીમ ખુબીવંતો, આતમાને લગતી ઉલટી સકતીઓને, તથા તે સકતીઓને લગતા દરેક ગુનાહને, પીછાંણીને, તે ગુંનાહુથી માંણુસને પાછું રાખવાના સબબથી, તથા તેના દરએક ગુનાહનો નાસ કરી, તેને તોડીને, તેના આતમાને સલાંમતી ભરેલી હાલતમાં પાએદાર કેમ રાખવો? તેહની સહમજ રાખીને, રવાંનને લગતા મરજનું નીવારંણુ કરવા-
૨૮ થીછે. બદનને લગતો હકીમ ખુબીવંન્તો, બદનના અવ્યપો (ઇઆને ભાગો), જે તેઓના જોસ્સાની અંદર ખરાબ થાએલા હોએ તેઓને, જેમ બદનને લગતાં વઇદકપણુંથી શુધારવા તથા એકસરખી હાલતમાં બેસ્તા કરવા જોઇએ,
૨૯ તેમ કરવાથીછે. રવાંનને લગતા હકીમની તપાસ, રવાંનને લગતા મરજનું નીવારંણુ કરવા સારૂ તેને લગતા સ્વભાવ અને અકલની સકતીની મારફતે, પેહલ્લી અથેરનાંનોની અંદર; બીજી ઘરધણીઓની અંદર; તરીજી મોહલ્લાનાં માલેકોની અંદર; ચોથી ગાંમના માલેકોની અંદર; અને પાંચમી પાદશાહુઓની અંદર થવી જોઇએ. (અને એ તપાસની અંદર) ઉતરતે દરજજેથી, જેમ જેમ રવાંનને લગતાં હકીમાંને સારૂં, તે લાએક થડે, તે પરમાંણે મરતબાની અંદર તેને વધતાં વધતાં, છેક જરતોશતી કોમના
30 વડા દસ્તુરાંન દસ્તુરના ઓધાને સારૂં તેને પસંદ કરે. જે રવાંનને લગતો સરવેથી સરસ હકીમ હોએ, તેહની તપાસ આદમીઓથી થવી જોઇએ નહી; કારંણ કે ઉતરતે દરજજેની સકતીવાલાં માંણુસની મારફતે, ચહડતે દરજજેની સકતીવાલાં માંણુસની તપાસ તથા પસંદગી થાઇ સકતી નથી.
31 બદનને લગતા હકીમની તપાસ, બદનને લગતાં હકીમાંને સારૂં, પેહલ્લી દેવપસ્ત,* નાં બીમાર બદન ઉપર થવાથી, તથા તે બીમારનો તે મરજથી છુટ-

---

* 'દેવપસ્ત' એ ઘણુંાજ તકસીરવાર ઇનસાંનને સહમજવું જોઇએછે, કે જે ઇનસાંન, તેનાં પાપી કરતુકથી હમેશનાં બંદીખાંનાંની સજા તથા ફાસીની સજાને લાએક થડેલું હોએ. વંદીદાદની સાતમી પરગરદની અંદર બદનને લગતા મરજોનું નીવારંણુ કરનારા હકીમની પ્રીખ્શા કેમ કરવી? તે વીસેની જેકર આવેલીછે. તેમાં 'દેવ પ્રસ્ત' (ઇઆને પાપી) ઇનસાંનનાં તરંણુ જાતનાં જુદાં જુદાં દરદની ઉપર દવાઇની અજમાએશ કરવાથી, જે હકીમ તેહનાં દરદનું નીવારંણુ કરી સકે, તેહને હકીમ તરીકે કબુલ રાખવા સારૂં આપણા પેદા કરનાર અશો અહુરમજદે આપંણુને ફરમાવેલુંછે, અને ઉપલી તપાસમાં તે હકીમ ફતેહમંદ નહી ઉતરે, તો તેહને હકીમાંનાં કાંમથી રદ કરવાનો હોકમ કરેલોછે.

કારો હોવાથી, તેહને બદનને લગતા આજમુદેહ હકીમ તરીકે ગણવો. જો તે (હકીમ), આદમીઓની અંદર, તનને લગતા મરજનું નીવારણ કરવાનાં કાંમની તપાસમાં, વધારે ચહડતી કઉઅતવાલો જણાએ તો, તેહને પુરતાં મતથી, આખાં ઈરાંન શેહરનાં લોકોએ તનદરૂસ્તી આપનારા હકીમ તરીકેના ઓધધાને સારૂં ચુંટી કાહાડવો અને મુકરર કરવો વાજબીછે. પણ જો, તેહની તરણ જણ ઉપર તપાસ કરતાં, તેઓ મરણ પાંમે, તો તે હકીમને, તપાસમાં ફતેહમંદ ઉતરેલો ગણવો નહી. અને તેહને હકીમુ કરવાની છુટ આપવી નહી.

હકીમને તેહનાં કાંમને લગતી ફરજ, આદમીઓને સાહજાં કરવાનીછે; તેથી તે હકીમે, પજદાંની પેદાએશની બીમારીને સારૂં પુછપ્રછ કરવા થકી તથા તે બીમારીને પીછાંણવા સારૂ, હમેશાં ગાંમડાંઓમાં જવું. અને દરરોજ દરએક દરદીને તંહાં મુકરર વખતે હાજેર થવું અને બીજે દાહડે તે બીમારનાં અંદામના બીજા ભાગને, ચહડતે દરજેની દવા તથા હથીઆરથી સારી મદદ આપવી. મરજને પીછાંણીઆ પછી, ચહડતે દરજજેની દવાઈની સાહેતાથી, બીમારનો ઉપાએ કરવા સારૂં, તેની બીમારીની સાંમણે (તે બીમારીના) દુશમન તરીકેની તેણે કુશેશ કરવી. અને તે આજારીનાં દુઃખનું નીવારંણ એવી રીતે કરવું કે, તેહની કુશેશથી, તે ગાંમની અંદર, કોઈબી દરદીનું દુઃખ, તેહનો એલાજ કરેઆ વગરનું નહી રેહ. આદમીઓએ તેવા હકીમને હમેશાં પોતાનો સાથી કરવો. અને તેહની સારા ખોરાકને લગતી, ભપકાદાર પોશાકને લગતી, તેજ ચાલના ઘોડાને લગતી, વરચે જગાવાલાં ઉનચાં મકાંનને લગતી, તથા તેહને લગતા પઈસાની અને વલી તે ઘરને લગતા અસબાબની, હાજેત (ઇઆને ખુટ) ને, પુરી પાડવી. ૩૨

જો ઘરને લગતા હકીમની પાસે ઘરની અંદર, મોહલ્લાને લગતા હકીમની પાસે મોહલ્લાની અંદર, ગાંમને લગતા હકીમની પાસે ગાંમની અંદર, અને શેહરને લગતા હકીમની પાસે શેહરની અંદર, જાંહાંબી તેને જોઈતી વસ્તુ અને સવારીનું જાંનવર નહી હોએતો, તે હકીમ તે ઘટતી વસ્તુ તથા હમેશની સવારી વગર, દરદીઓનો ઉપાએ નહી કરી સકે. માંટે બીમારોને સારૂં કરવા સારૂ, (સકતીવાનોએ) તે હકીમને તેજ ચાલનો ઘોડો, તથા પુરતી દવાંઈ, અને હથીઆરો, ઘટતે વખતે પોહચાડતા રેહવું. ૩૩

તનની અંદરના મરજનું નીવારંણ કરવાને માંટેના હકીમ, આએ નીચે જણાવેલી પાંચ તરેહનાછે. તેમાં એક (હકીમ) સરવેથી ચહડતો, એક (હકીમ) સરવેથી ઉતરતો, અને તરણ મધ્યમ હાલત વાલા હકીમછે. એમાં ૩૪

જે (હકીમ), આદમીઓના મરજનું નીવારંણ પુણનાં હેતુથી, અને તેનેજ લગતી નાંમદારીને સારૂં કરેછે, તે શરવેથી સરસ હકીમછે. જે (હકીમ) આએ દુનીઆંના બદલા અને નાંમદારીનાં હેતુથી (હકીમું) કરેછે, તે મધ્યમ દરજાવાલોછે, અને તે મધ્યમ દરજાવાલો હકીમ, સાધારંણ હકીમ તરીકેછે. જે પુણ અને પઈસાના હેતુથી (હકીમું કરેછે), તેમાં જે હકીમ, (પઈસા કરતાં) પુણની તરફ વધારે ખાહેશ રાખનારોછે, તે જોકે મધ્યમ ગણાએછે, તોપણ તે સરવેથી સરસ હકીમની પદવીને વધારે નજદીકનોછે. જે (હકીમો) પઈસા અને પુણના હેતુથી (હકીમું કરનારા) છે, તેઓમાં જે (પુણનાં કરતાં), પઈસાનો વધારે શોક રાખનારછે, તે મધ્યમ દરજાનો હકીમ, સરવેથી ઉતરતા દરજાના હકીમની વધારે નજદીકીવાલોછે. એમાં જે ખાલેસ પુણને લગતા આવાજાને લગતો હકીમછે, તેને સરવેથી ઓત્મ મરતબાવાલો ગણવો, તેની ઉપર વીસવાસ રાખવો અને તેને માંન આપવું. અને જે હકીમ પઈસાથી બદલો મેલવ્વાને માંટેનોછે, તેહનો દરજો પુણના આવાજાવાલા હકીમની અંદર મધપમછે; કેમકે, તેનું જે કાંઈ પુણછે, તે (સવછ નથી); પણ (પઈસાની) ભેલસેલ સાથનુંછે. અને તેથી તે (હકીમ) આમીજશ ભરેલાં પુણવાલોછે. અને સરવેથી ઉતરતો હકીમ પાપી અને દુઃખનું નીવારંણ કરવામાં ઘાતકી હોએ, તે છે. તેવા હકીમને દીનની અંદર નાંપસંદ કરવા, નહી

૩૫ માંન કે નહી બદલો આપવા સારૂં ફરમાવેલુંછે. તનને લગતાં દુઃખનું નીવારંણ કરવાનાં કાંમમાં જે આજમુદે હકીમછે, તેને સરવેથી ઉતરતાં ગોસપંદથી, તે સરવેથી ચહડતાં ગોસપંદનાં સરીરને લગતા મરજનું, તેમજ સરવેથી ઉતરતાં ઈનસાંનથી, તે સરવેથી ચહડતે દરજજેનાં ઈનસાંનનાં બદનનાં દરદનું, નીવારંણ કરવાથી, તેને શું મુજદ આપવું ? તે વીસે ચહડતી સંખીઆથી, તે છેક ઉતરતી સંખીઆ શુધીનું વરણન, દીનની અંદર જાહેર કરેલુંછે.*

૩૬ તેમજ તપાસ કીધા વગરના હકીમને, હકીમું કરવાની મનાઈ કરેલીછે. જો વગર અજમાએશવાલો હકીમ આરાંમ કરેતો, તેહને મુજદ આપવા જણાવેલું નથી; પણ જો તે, (નાં આજમુદે હકીમ) થી, માણસ જખમી થાએતો, તે

---

* વંદીદાદની સાતમી પરગરદના પાક અવસ્તામાં, અથોરનાંનના મરજનું નીવારંણ કરનાર હકીમને, તે અથોરનાંનની તરફની દુઆ કરવા સેવાએ કસ્સું મુજદ આપવાને ફરમાવેલું નથી; પંણ અથોરનાંન સેવાએના ચડતી ઉતરતી પદવીનાં લોકોના મરજનું નીવારંણ કરવાની કીમત, ચહડતાં ઉતરતાં ગોસ્પંદ અને બાર બરદાર જાંનવરોને લગતી કીમતનું મુજદ તે હકીમને આપવાને ફરમાવેલુંછે; તેમજ ચહડતાં ઉતરતાં ગોસ્પંદો અને બાર બરદાર જાંનવરોના મરજનું નીવારંણ કરવાનું મુજદ, તેનાં પરમાંણ પરમાંણે, હકીમને આપવાને જણાવેલુંછે.

જખમને લગતી સજા કરવા તથા તેહનાં બદનની ઉપર સખતી ગુજારવા સારૂં દીનમાં જણાવેલું છે. જે તપાસ કરેલો અને ચુટી કાહડેલો દસતુર ૩૭ હોએ, તે રવાંનને લગતા મરજનું નીવારંણ કરનારો હકીમછે. અને તેની ઉપર (સરદાર તરીકે), આખી જરતોશતી કોમનો વડો દસ્તુરછે. જે (તપા- ૩૮ સથી ચુટી કાહડેલો) તનને લગતો હકીમછે, તેની ઉપર વડો, ઇરાંન દેશનો 'દર્વેસ્તપત' (ઇઆને સઘલા ભલી દીનવાલા લોકોના બદનને લગતા મર- જોનો નીરમલ ઉપાએ કરનારો વડો હકીમ) છે. વઇદકનો ધનધો કરનારાઓમાં, ૩૯ અથોરનાંન ટોલાની અંદરથી, જે દુઃખનું નીવારંણ કરવાને માટેનો હકીમ, (ઇઆને દસ્તુર) છે, તે ગોયા આતમાને લગતો હકીમછે. અને વાસ્તરી- ઓશ ટોલાની અંદરથી, જે દુઃખનું નીવારંણ કરનારો હકીમછે, તે ગોયા તનને લગતો હકીમછે. * દુઃખનું નીવારંણ કરવું, અને તનદરૂસ્તી આ- ૪૦ પવી, એ ધારણાની મારફતે જોતાં એકછે; પણ વીચાર કરીને જોતાં, બીમા- રીનાં પ્રમાંણ બેછે. તેમાં હદની ઉપર જવું તથા એબીઅલ થવું, એ આ- તમાની બીમારીનું મુલછે; અને તેજ તનને લગતી બીમારીનુંબી મુલછે. અને એ બેહુ તરેહની બીમારીનું મુલ, માણસને હદની બાહેર લેઈ જવાનું કાંમ કરનારો તથા માંણસને એબવાલું બનાવનારો અંગ્રમઈનીઉશછે. બીમારી, એ ૪૧ (માંણસને) એબીઅલ કરનારા અંગ્રમઈનીઉશની તરફનો, આતમાને લગતી સકતીઓને ગુનેહગાર બનાવવાની હરીફાઇને લગતો સબબછે. આતમાને એબીઅલ કરવા સારૂં બુરી સહમજ, ઠગાઈ, પવીતરાઇને હાંણી પોહચા- ડવી, કાહેલી, મગરૂરી, તીરસકાર, બુરો હવસ, ચુગલી, જનાંકારી અને આલ- સાઇછે. અને એ વસ્તુઓ, (માણસને) ગુનાહ તથા બદીનો સંબંધ આપનારીછે. બદનને લગતાં તત્વોમાં, જે (ચીજો) બદનની અંદર રોગ ઉતપણ કરવાને માટે- ૪૨ નીછે, તે થંડી—સુકાસ—બદબોઈ—કોહાટ—ભુખ—પેઆસ—જઈફી અને ચીનતાછે. અને એ વસ્તુઓ (માણસને) બીમાર તથા મોહતવાલું બના- વવાના સબબ તરીકેછે. જે વસ્તુ, (આદમીઓને) તેઓની ચાલચલણથી ૪૩ બીમારી કરવાને માટેનીછે, તે તેઓના આતમાને ઉલટે મારગે લેઈ જનારી લાગણી તથા જોસ્સોછે. જેમકે આતમાને લગતો ગોસ્સો, એ, કેટલાએક સારૂં કાંમ કરનારા જોસ્સાઓને હાંણી પોહચાડનારી (વસ્તુ) છે. ઇત્યાદી.

* આએ લખાંણ ઉપરથી જણાએછે કે, વાસ્તરીઓશ લોકો જાડપાંનના ગુણોને સારી રીતે પીછાંણવાની સહમજ ધરાવનારા રેહછે, તેથી શરીરનાં દરદોનો એલાજ કરનારા હકીમ તરીકેની કેલવણી, તેઓ સેહલાઇથી લેઈ સકતા હતા, એટલા વાસ્તે શરીરના હકીમ તરીકેની પદવી તેઓને મલતી હતી.

બદનને દુરબલ કરનારી ઘણીએક તરેહની બીમારીછે, કે જે અંઘ્રમઈનીઉ-
શની તરફથી પેદાએશની શરૂઆતથી ઉતપન કરેઆમાં આવેલીછે. અને તે
દરદોને ટાલવા સારૂ, દાદારની તરફથી, 'અઈરીઅમન' સકતી ને ફરમાવે-
આમાં આવેલું છે; અને તે વીસે જેમ મજદીઅસની દીનની અંદર (ઇઆને
પાક અવસ્તામાં) જાહેર કરેલું છે, તેમ તે પજદ, ૪૩૩૩ તરેહનાં દરદોને તોડેછે.
જેમકે તે દરદોનાં નામ (અવસ્તાની અંદર) નીચે મુજબ જણાવેલાંછે.
અખિર—અઘૂર—અઘ્રાંમ—ઉગ્રાંમ—દાજુ—તફ્નુ (તાપ)—સારન—સાર-
સ્ત્ય—અઘ્રષી—અને બીજાં, કે જેઓની ઓલખ જાંણઈતીછે. (આએ)
ઉપર લખી જણાવેલી વીગતવાલાં દરદો, (આદમીનાં) બદનનાં તત્વોમાં,
આમેજ થવાની કઉઅત ધરાવનારાંછે. અને તે 'ફ્રશોકેરેત' (ઇઆને સેવટના
શુધારાના) વખત શુધી, રેહસે. અને તે સઘલાં દરદોનો 'ફ્રશોકેરેત' ના વખત
ઉપર, નાસ થવા સારૂં તથા તેઓનો અન્ત આવ્વા થકી, (દીનમાં) જાહેર
૪૪ કરેલું છે. આએ તનને લગતી બીમારીના જુદા જુદા વીભાગોછે. તેમાં
દરએક બીમારીની અંદરથી, બીજી તરેહની બીમારીની ઉતપનતી થાએછે.
એમાં કેટલાંએક દરદો પારખી સકાએ એવાંછે, અને (તેવાં દરદો) ને
'પતુશક' ઇઆને બાહેર નીકલી આવેલાં (દરદ) ને નાંમે જણાવેલાંછે; જેવાંકે
વધારે વરસાદથી નાબુદ થનારાં દરદો—તથા ઘર-ધુમડાં, ઇત્યાદીછે. અને
બીજી (બદનને લગતી બીમારીમાં) કેટલાંએક દરદો, જે માલુમ નહી પડે
એવાંછે, તેને 'અપતુષક' ઇઆને બાહેર નહી નીકલી આવેલાં દરદોને નાંમે
જણાવેલાંછે. જેવાંકે—તાપ—તથા અંદરથી લાગતી લાગણીને લગતાં દરદો,
૪૫ (જેમકે, નજલો—દુખારો—પેન ઇત્યાદી) છે. એજ મુજબ આતમાને લગતી
દરએક બીમારીને, બે ભાગમાં વેંહચી નાંખેલીછે. તેમાં એકને, આગલા
એરાદાવાલા દુરગણનું નાંમ આપેલું છે, જેમાં લોભ, ગોસ્સો ઇત્યાદી (દુરગુણો)
છે. અને બીજાને પાછલા એરાદાવાલા દુરગુણનું નાંમ આપેલું છે, અને
તેમાં દેવપ્રસ્તી (ઇઆને બુરી હીલચાલ) તથા (ગુનાહને લગતાં) છુપેઆં
કાંમો, ઇત્યાદી દુરગુનોનું નાંમ આપેલું છે. (આએ ઉપર જણાવેલા) બદનને
લગતા મરજોની દવા, તરેહ તરેહનાં જાડ-પાંણુની જાતથી જણાવેલીછે,
કે જે બેહદ જાડપાંણો જમીન મધેથી ઉગેછે. અને તે દવાઈ ઇનસાં-
નની સકતીનાં પરમાંણ મુજબ આપવાને ફરમાવેલું છે. આગલનાં કરતાં,
હમણાં જે કાંઈ, દવાઈની અંદર શુધરેલી અને ઘણી ઉમદા, દવાઈ
તરીકે મુકરર થાએલીછે, તે 'અરીરકને કાબુરી' નાંમની દવાછે. આએ

દવાઈ, આગલ ઘણીજ જોહરી હતી, પણ હમણા તે દવાઈ, બીજી દવાઈની સાથે મેલવીને આપવાથી, તે, (દરદી) ના ઉપાએ તરીકે થાઇ પડીછે. અને માંણસ તથા ગોસ્પંદનાં ખાંનાંમાં, જે કાંઈ જેહર પોહચેલું હોએચ, તો આએ દવાથી, તે સઘલું ચહડતે દરજજેનું જેહર, (તેમાંથી) દુર કરેઆમાં આવેછે. વલી એમ કેહછે કે, આજાર અને દરદ તથા તેહને લગતાં બીજાં નવાં નવાં (દરદોના) ઉપદરવનું નીવારંણ કરવાના તરેહવાર એલાજ, તથા તનદરૂસ્તી આપવાની સરવેથી વધારે કઉઅતવાલી જે કાંઈ વસ્તુઓછે, તે જાડ પાંન તથા શુખ્ખડનાં જેવાં લાકડાંનાં જાડથી જુદી રીતે જમીનની અંદરથી ઉગેલાં 'ગોકરતન'* નાંમનાં જાડથીછે. અને સઘલી દવાદારૂ આએ 'ગોકરતન'

---

* 'ગોકરતન' એ વંદીદાદની ૨૦ મી પરગરદમાં જણાવેલાં [illegible] 'ગઓકેરેન' નામનાં જાડને કેહેછે. 'બુન્દેહશને' નાંમની પેહલવી કેતાબમાં, એ જાડને [illegible] એઆને 'આજારને ટાડનારાં સઘલાં બીઆંવાલું જાડ' એવું સેફાતી નાંમ આપેલુંછે. પ્રોફેસરો સીગલ, સુસ્ટી અને વેસ્ટે આએ જાડની 'હોમે શુફેદ' ને નાંમે આપણને ઓલખ આપીછે; પણ પાક અવસ્તાનાં તેમજ 'બુન્દેહશને-મીનોખેરદ', 'આફ્રીનેપંજી' અને 'દીનકરદ' નાં ઉપલાં લખાંણની સાથે સરખાવતાં, આપણને જણાએછે કે, 'ગઓકેરેન' અને 'હોમે શુફેદ' એ બે જાડો તદન એકેકથી જુદાછે. 'ગઓકેરેન' જાડ, દરીઆનાં કીનારા વાલી જમીન ઉપર ઉગેલુ છે. અને 'હોમે શુફેદ' નું જાડ 'ફ્રાકર્દ' નામના દરીઆની અંદર ઉગેલુંછે. 'મીનોખેરદ' નાં લખાંણ મુજબ, પેહલ્લું જાડ જે જમીનની ઉપરછે, તેની ઉપર સીમુરગનું રેહઠાંણછે; અને બીજું જાડ જે દરીઆની અંદરછે, તેની આગલ તેના પાસબાંનીને સારૂ 'કર' નાંમની મછીછે, કે જે માસલી તે જાડને નોકસાંન કરનારાં ખરફસ્ત્રોથી તેનો સંભાલ કરેછે.

વંદીદાદની બીસમી પરગરદમાં મરજોને દફે કરવાની જેકર આવેલીછે, તેમાં 'ગઓકેરેન' જાડવીસે પાક દાદારે પેગમબર અશો જરતોશતને આએ રીતે કહીઉછે કે, 'હું અહુરમજદે, આદમીઓનાં બદનને લગતા સઘલા મરજોને દુર કરવા સારૂ, 'ગઓકેરેન' નામનાં એક જાડથી, તનદરૂસ્તી આપનારાં સો, હજાર, અને દસ હજારથી વધારે જાડોને (જમીન ઉપર) દરએક ગમ ઉગાડુંઆછે.' અને એ વીસેના પાક અવસ્તા આએછે:—

[illegible]

વલી 'અહુરમજદ યશત' ના છેલ્લા ભાગમાં 'ગઓકેરેન' જાડને લગતી સંપુરંણ સહમજ મેલવીને, તેને આધારે માંણસોને તનદરૂસ્તી આપનારા 'એરમોખ્યવાઓ' નામના એક અશો મરદનાં પાક ફ્રોહરની તથા 'ગઓકેરેન' જાડની, આપણા અશો પેગમબરે યાદ કીધી હતી, તે અવસ્તાનો દાખલો આએ રીતનોછે.

[illegible]

નાંમનાં એક ઝાડથી ઉતપન થાએલીછે. વલી *'હોમે શુફેદ'† નાંમનું એક ઝાડ, જે 'ફ્રાંકરદ' નાંમના દરીઆની અંદર ઉગેલુંછે, તે (હોમેશુફેદ) થી, સેવટના

૪૬ શુધારાને વખતે, માંણસોને અમરગ કરવા વીસે, (દીનમાં) જણાવેલુંછે. (માંણસની જાતને) તનદરૂસ્તી, બે તરેહનીછે; તેમાં એક તનદરૂસ્તી, તેનાં રવાંનને માંટેનાં સારાં પ્રમાંનો, (ઇઆને સારા ગુણો) ની મારફતે, નેકી મેલવવાએ

૪૭ તથા આતમાને લગતી સકતીઓને, સુધરેલી રાખવાએછે. બીજી તનદરૂસ્તી, તનને લગતીછે; તે બદનને લગતા અવયોને સલાંમતી ભરેલી તરતીબથી

૪૮ રેહવાએછે. (માંણસના) આતમાને સુધારવાની જરૂર, તેહને લગતી સક-

[illegible]

'હજાર ગણી અને દસ હજાર ગણી તનદરૂસ્તી આપનારાઓમાંના, તે અશો મરદની હમો યાદ કરીએ છઇએ કે, જેણે 'એરમોખ-વાઓ' નું નામધારણ કરીઉં હતું; અને બીજા અશોઓનાં કરતાં, અહુરમજદનાં પેદા કરેલાં એજમતી 'ગઓકેરેન' ને લગતી પુછપરછ (ઇઆને શોધ) કરનાર, યાદ રાખનાર અને તેને લગતો એતેકાદ રાખનારો હતો. (તે) અહુરમજદનાં પેદા કરેલાં 'ગઓકેરેન' ની હમો યાદ કરીએ છઇએ.' આએ ઝાડ વીસે 'બુન્દેહશને' કેતાબમાં લખેછે કે:—"દર વરસ, પેલું મોરગ, તે ઝાડને જખમી કરેચ, (એટલેજે તે ઝાડને હીલવેચ, તેથી તે ઉપર થાએલાં બીઆં ખેરી જાએછે), અને તેથી તે બીઈ, દરીઆનાં પાંણીમાં પડેછે, અને વરસાદની સાથે તેશતર યજદ, તે બીઓને જમીન ઉપર વરસાવેછે." 'મીનોખેરદ' માં લખેછે કે, તે બી ખરી પડેછે, તેને 'ચમરૂસ' નામનું એક પક્ષી દરીઆવનાં પાંણીની અંદર નાંખેછે.

† 'હોમે શુફેદ' નું ઝાડ 'ફ્રાંકરદ' નામના દરીઆવની અંદર ઉગેલુંછે. 'બુન્દેહશને' નાંમની પેહલવી કેતાબમાં લખેછે કે, "'હોમે શુફેદ' નું ઝાડ અરદુઇસુરનાં પાંણીના ચશમાની અંદરછે. અને તે 'ગઓકેરેન' ઝાડની નજદીકછે, (એટલેજે 'ફ્રાંકરદ' દરીઆવના જે કીનારા ઉપર 'ગઓકેરેન' ઝાડછે, તે ઝાડની સાંમણે દરીઆની અંદર 'હોમે શુફેદ' નું ઝાડછે.) આએ બેઆઝાર કરનારા હોમે સુફેદની સલીઓને કુટીને તેનો રસ પાવાથી (આખેરશના વખતમાં અશો અહુરમજદ) માણસોને અમર કરશે." ઇજશનેના ૧૦ મા હાની સેવટે, તરણ જાતના હોમની ઇઆદ કરેઆમાં આવેલીછે, તેમાં પેહલ્લી પાહડ ઉપર ઉગનારા હોમનીછે, બીજી દુનીઆંનાં લોકોને ચહડતે દરજજેનું શુખ આપનારા હોમ યજદનીછે, અને તરીજી (ઇઆને છેલ્લી) યાદ, આખેરશને વખતે મોહતને દુર કરનારા હોમનીછે. જેમકે:—

[illegible]

એટલેજે 'પાહડ ઉપર ઉગનારા શુનેરી (ઇઆને પીલા રંગના), હોમની હમો યાદ કરીએ છઇએ; દુનીઆંના લોકોને ચહડતે દરજજેનું શુખ આપનાર હોમની હમો યાદ કરીએ છઇએ; અને મોતને દુર કરનારા હોમની હમો યાદ કરીએ છઇએ.'

આએ અવસ્તામાં યાદ કરેલો પેહલ્લો 'હોમ', જે હોમશલીને ઇજશનેગાહમાં અથોરનાંનો વાપરેછે, તેછે; બીજો 'હોમ' હોમયજદછે; અને તરીજો મોતને દુર કરનારો 'હોમ', તે ઉપર જણાવેલો હોમે શુફેદછે.

તીઓની અંદર આમેજ થએલી ઘાતથીછે. જેમકે (માંણસની) સહમજ સકતી, જે આતમાને લગતી સકતીછે, તેની અંદર, તેના દુશમન તરીકે, બુરી વકુફ—જનાંકારી—દીનની નાવાકેફીથી થતા ગુનાહ, ઇત્યાદી વસ્તુછે. અને દાંનાઇની સકતીથી, જે સારો ખ્વાસછે, તેની અંદર જનાકારી, દીનની ઉપર નહી ધેઆન આપવાની આતમાને લગતી દુશમની તથા પવીતરાઇને હાંણી પોંહચાડનારાં ગુનાહને લગતાં કાંમ અને ઠગાઇ હોએછે. વલી (માંણસની) બલ સકતી જે આતમાનું કઉઅતછે, તેની અંદર તેહના દુશમન તરીકેની દેવપરસ્તી કરવાનો તથા પવીતરાઇને હાંણી પોહચાડવાનો ગુનાહ રેહછે. વલી પુરતી વીચાર સકતી, જે આતમાનું બલછે, તેમાં અશોઇને હાંણી પોંહચાડનારા દુશમન તરીકે, દેવપ્રસતીને લગતો ગુનાહ, મલેલો હોએછે. તેમજ આતમાને લગતી શબીઅતા સકતીની અંદર, તેના દુશમન તરીકે, (ભલી પેદાએશની) ગીબત કરવાનો ઉલટી અકલને લગતો દુરગુણ મલેલો હોએછે. વલી (આતમાની) જોવાની લાએક સકતીની અંદર, તેના દુશમન તરીકે, ઉલટી અકલને લગતો જનાકારીનો દુરગુણ મલેલો હોએછે. તેમજ આતમાની હીલચાલ કરવાની સકતીની અંદર, તેના દુશમન તરીકે, આલસાઇ તથા બદકારીને લગતો દુરગુણ મલેલો રેહછે. વલી (ઇનસાંનને) ચુપ રેહવાની સકતીની અંદર, તેના દુશમન તરીકે, બદકારીને લગતું બોલવાનો દુરગુણ તથા આલસાઇને લગતો ગુનાહ મલેલો હોએછે. માંટે જાંહાંસુધી માંણસ, તેહને લગતા સુધારાવાલી સકતીઓના સારા મેલાપથી, બદીના સંબંધથી પોતાનો સુધારો નહી કરે, તાંહાંસુધી તે ઘાતવાલું રેહછે. તથા તેહના આતમાની સકતીઓને, તે ઘાતથી ઇજા ભોગવવીછે. (માંણસે) ગુમરાહીનો પરદો નાંખનારાઓની ગાફેલીને, પોતાના આતમાથી દુર કરવી, એ આતમાને પવીતરાઇની મારફતે સુધારવાએ, તથા ગુનાહથી દુર રેહીને, સવાબને લગતી કુશેશ કરવાએ, અને અપવીત્તર થએઆ વગર, પવીત્તર રેહવાએછે. બદનને લગતાં દુઃખનું નીવારણ કરવાની જરૂર, જે ૪૯ થંડી અને શુકાસવાલાં દરદ, એબ આપનાર (અંધમઇનીઉશ) ની ઘાત તરીકેછે, તેનો ઉપાએ કરવાનાં કારણસરછે. વલી લોહી, એ (માંણસનાં) બદનના સીનગાર તરીકેછે, (માંટે બદનના) જે ભાગની અંદર, તે લોહીને ખલલ પોંહચેછે, ત્યાં તે બંધાઇ જાએછે. અને સરદીને લીધે લોહીને લગતી ગરમી થંડી પડી જાએછે. અને શુકાસને લીધે (લોહીને લગતી) તરાવત શુકાએછે. તેથી બદનને શીનગાર આપનારૂં જે લોહીછે, તે

બદનની અંદર તેનો સંભાલ કરવા સારૂ, મુતલક કઉઅતદાર રેહતું નથી. અને તેથી પેદાએશ આએ દુનીઆંમાં ચાલુ રેહવાથી તથા 'ફ્રશકેરેત'

૫૦ (ઇઆને સેવટના સુધારા) ને લગતો સંબંધ મેલવવાથી, અટકેછે. દાદારના હોકમથી કાંમ કરનારા (ગેબી યજદો), વગર ધીલે, જે તત્વોની તરફથી, સરદીને લીધે, ગરમીને એકદમ ઠંકાઈ જવાએ, તથા શુકાસથી, તરાવતનો નાસ થવાએ, બદનને નોકસાંન થઈઉં હોએચ, તે વગર સંકતી વાલાં બદનનાં લોહીને, બદનની અંદર પાછી હયાતી આપેછે. અને તેથી તત્વો, એકબીજાની સાથે બરોબરરીતે ચાલનારાં તથા (બદનમાં) શુધારો કરનારાં થાએછે. અને સરદીને લગતી બદીનો અટકાવ થવાથી, બદનને પાછી તરાવત મલેછે. અને શુકાસને લગતી બદીનો અટકાવ થવાથી, બદનનો પાછો ઉપાએ થાએછે. એટલેજે બદનને લગતું લોહી તથા કુઉઅત, જે કાંઈ ખરાબ શંબંધથી, જીનદગીને નોકસાંન કરનારૂ થઈઉં હોએચ, તે બદનને લગતાં મુલને ઉધારનારી સકતીઓની મારફતે, ફાએમીવાલું તથા શુધરેલું થાએછે. (દીનની અંદર) એમ જાહેર કરેલુંછે કે, સઘલાં જાનદારોનાં બદનની અંદર બીમારી, એબ આપનાર (અંઘ્રમઈનીઉશ) ની હરીફાઈ તથા બદકારીથી થાએછે. અને બદનની અંદર તનને લગતી જે ઘાત પાકેછે, તે, તેની અંદર, ખોટારાંવાલી સકતીનું રેહઠાંણુ હોવાને લીધેછે. અને બદનને લગતાં લોહીનો શુધારો અને તેહની કઉઅત, તેની (અંદરના) જોસ્સાઓથીછે. લોહીનો જોસ્સો, બદનની અંદરના ભાગને, તેમજ બદનના બાહેરના ભાગને, તેહને લગતી દવાઈ અને ઉપાએ કરનારા સારા હકીમથી, તનદરૂસતી આપેછે. અને તેથી એબ આપનાર (એહરેમન) ની ઘાત કરવાની આમીજશ ભરેલી હાલત છતાં, આએ દુનીઆંમાં ખલકનું તથા તેહની ઓલાદનું, ચાલું રેહવું થાએછે. વલી (દીનમાં) એમ જાહેર કરેલુંછે કે, (આએ દુનીઆંમાં) એબ આપનાર (અંઘ્રમઈનીઉશ) ની ઘાતને લગતી આમીજશની હાલતમાં, માંણુસે પોતાને, જેમ તેની જાત સલાંમત રહી

૫૧ સકે, તેવી રીતે, શુધારવું જોઈએછે. માંણસનાં બદનની તનદરૂસ્તીને શુધારવા સારૂ, બદનના આકારને બનાવનારાં તત્વોછે. અને ઇનસાંનના આતમાને ફાએદો કરવાને માંટેની સકતીઓ, 'અખો' ને (ઇઆને

૫૨ અગમચેતી આપનારી ગેબી સકતીને) મલતી છે. બદનને લગતા જોસ્સાને હાજતમંદ રાખવો, એ તેહને લગતો હરીફ જે ભુખછે, તેથીછે; માંટે તે હરીફ તરીકેની ભુખને બેસાડી દેવા સારૂ, બદ-

નના જોસ્સાને, (ખોરાકની) મદદ આપવી; (કેમકે,) હયાતીવાલાં ઈનસાનની કઉવ્અતને ચાલુ રાખવા સારૂ, (તેને લગતુ) ખાંણું પીનુંછે. ઈનસાંન તેહના પેટમાં ખોરાક બરોબર હોવાથી, તત્વોની મદદને લીધે, કઉવ્અતદાર અને જોસ્સાવાલુ રેહછે. વલી જો ખોરાકની અંદર તરાવત વધારે હોએચ તો, ઉનસરોની અંદર તરાવતવાલુ (ઈઆને આબી) તત્વ, (બીજા તત્વોની ઉપર) વધારે ગાલેબ થાએછે. એટલેજે, જાંહાંશુધી તરાવતવાલું, (ઈઆને આબી) તત્વ, નુકસાંનકારક શુકાસને સારૂ હોએછે, તાંહાંશુધી, (ઈનસાંન) હલાક થતું નથી. અને જાંહાંશુધી ગરમીનું તત્વ, નોકસાંનકારક શરદીને સારૂ હોએછે, તાંહાંશુધી, તે (ઈનસાંન) થંડું થતું નથી. જો ખોરાકની અંદર પવનતું તત્વ, (ઈઆને બાદી ઉનસર), વધારે હોએછે તો, બીજાં તત્વોની ઉપર તે પવનનુ ગાલેબ થાએછે. ઈઆને જાંહાંશુધી, તે પવનને લગતું તત્વ, (ઈઆને બાદી ઉનસર), નાતવાંનીને સારૂ, (એટલે જે કમસકતીને દૂર કરવા થકી), હોએછે, તાંહાંશુધી તે, માંણસના દમને બંધ કરતું નથી. જો ખોરાકની અંદર ખાક, (ઈઆને આતશ-બાદ-અને આબ સેવાએની પદારથ વધારે) હોએચ તો, બીજાં તત્વોની ઉપર તે ખાકી તત્વ, ગાલેબ થાએછે. એટલે જે જાંહાંશુધી ખાકી તત્વ, શુસ્તીથી દમને બંધ કરતું નથી, અને તેને ખોલ્લો રાખેછે, તાંહાંશુધી તે, આએ સઘલાં તત્વોની અંદર, કેથેબી કોઈ તત્વ, જો ભુખના ગલબાથી, કેટલેએક દરજજેની નાસકારક અસુખાકારીવાલું હોએ, તો તેહનો શુધારો કરેછે. આદમીની જીનદગીનો જે શુધારો રેહેછે, તે માફકસરના પરમાંણીક ખોરાકથીછે. તેમજ વલી જાંહાં દવાઈ ખોરાકનાં પ્રમાંણ કરતાં વધારે થાએછે, તો તે દવાની કઉવ્અતથી માંણસ બેજાંન થાએછે. કેટલેએક દરજંજેની દવા થોડી ખાવાથી, (માંણસને) ફાએદો થાએછે. અને તેનાં તત્વોને પ્રમાંણ પરમાંણેની કઉવ્અત મલેછે. દાદારની તરફથી (માંણસને, તેની) હયાતીને સારૂ મલેલી વસ્તુમાં, ઘણુંકરીને આતમાને શુધારવા સારૂ, દાંનાઈછે; જેની મારફતે આતમાને લગતી સકતીઓ, તેને લગતા ગુનાહ અને અપવીતરાઈનો ઉપાએ કરનારી વસ્તુ તરીકેછે. તેમજ બદનને તનદરૂસ્ત તથા શુધરેલું રાખવા સારૂં, દાંનાઈની મારફતે બદનને લગતાં તત્વો, તેને લગતી બીમારી અને મોહતનો ઉપાએ કરનારી વસ્તુ તરીકેછે. તે દાંનાઈ વગર, બીજી વસ્તુથી, (આતમા અને બદનને લગતી) ઘાતનો, નાસ થાઈ સકે નહીઃ તનને લગતો હકીમ, રવાંનને લગતા હકીમથીછે. અને રવાંનને લગતો હકીમ, તનને લગતા હકીમથીછે; કારંણ કે 43

રવાંનને લગતા મરજનું, (ઇઆને પાપનું), નીવારંણુ કરવામાં, ભલી દીન સીખવનારો રવાંનને લગતો હકીમ, જે ફાવેછે, તે (માંણસનું) બદન (તનદરૂસ્તીની અંદર) યોગીઅ હોવાને લીધેછે. અને તનને લગતાં દરદનું નીવારંણુ કરવામાં, જે તનને લગતાં દરદોને સાફ કરવાની કેલવણી લીધેલો હકીમ ફાવેછે, તે (માંણસનું) રવાંન ઘટતી, (ઇઆને વગર ફીકર ચીનતાવાલી), હાલતમાં હોવાથીછે. આએ બેહુ (તરેહના) હકીમો, તેઓને લગતાં દરદોનું નીવારંણુ કરવા સારૂ, તેઓના ઓધા તથા કાંમની તરતીબને લગતી સહમજને લાએકના, પાદશાહની તરફથી મુકરર થવા જોઇએછે. એમાં, જે બદનને લગતા મરજનું નીવારંણુ કરવાનાં મુખ્ય કાંમોછે, તે નીચે જણાવેલી પાંચ તરેહનાંછે. પેહલ્લું—(કાંમ) અસલને (ઇઆને બદનને) તથ હયાતીને, (ઇઆને આતમા) ને, શુધારવાનુંછે. બીજું—(કાંમ) તત્વોને એકસરખી હાલતમાં ચલાવવાનુંછે. તરીજું—(કાંમ) આતમા તથા બદનના અથયો (ઇઆને ભાગો) ને, તેહને લગતાં નોકસાંનથી, નવેસરથી સુધારવાનુંછે. ચોથું—(કાંમ) જનમેલાંને ઉધારવાનુંછે. પાંચમું—(કાંમ)
૫૪ અંદાંમના જોસ્સા તથા ખવાસને કાએદામાં રાખવાનુંછે. હકીમાંના તરીકાની અંદર, બદનનાં દુઃખનું નીવારણુ કરવાનાં કાંમ, દુનીઆંની (વસ્તુઓની) ઉતપનતી કરનારાં ચેઆર ઉનસરોને, (તેને લગતાં) નોકસાંનથી, સંભાલમાં રાખવાનું તથા બદનનાં તત્વોની અંદરથી, તેહનું સેવટ લાવનારા વધારા અને એબને બાહેર કાહડવાનું, અને પ્રમાણીક ઉપાએથી,
૫૫ તેહને સુધારવાનું અને બદનને સલાંમતી ભરેલું રાખવાનુંછે. રવાંનને લગતાં દરદ (ઇઆને પાપ) નું, નીવારણુ કરવાનું કાંમ, આતમાને લગતી ચેઆર સકતીઓ* ને, સારાં કાંમ કરવા સારૂ એકબીજાની સાથે જોડેલી રાખવાનું, તથા ગુનાહને લગતા હરીફથી તેહને જાલવી રાખવાનું, અને માંણસની વીચાર સકતી, વાચા અને કરણીને, બુરા વીચાર, બુરા વચન અને બુરાં કાંમથી પાછી રાખીને, સારા વીચાર, સારા વચણુ અને સારાં કાંમની મારફતે, તેની સેવટની હાલતને, (ઇઆને આવતી દુનીઆંને લગતી જીનદગીને), આરાસ્તગી આપવાનું, અને રવાંનનો (દોજખથી) છુટકારો કરવાનુંછે.

---

* રવાંનને લગતી ચેઆર સકતીઓ—તે જાંન-ઓએ-અઓ અને ફરોહરને સહમજવાં.

(૧૦૮) (માંણસને) આએ દુનીઆંમાં નવી હયાતી (ઈઆને બીનોઈ દુનીઆં) ને લગતું કાંમ કરવું, તથા નહી કરવા જોગ કાંમથી દુર રેહવું, સજાવારછે. તે વીસે ભલી દીનનો ખોલાસો. ૧

જાંણવું કે, કીહાં કાંમ (આએ દુનીઆંમાં માંણસે) કરવાં, અને કીહાં નહી કરવાં, તે વીસે આએ (નીચે જણાવેલા) બે તરીકાછે. તેમાં એક, શહુમજીને કાંમ કરવાનો તરીકોછે. અને બીજો, વગર શહુમજે કાંમ કરવાનો તરીકોછે. એમાં, જે સહુમજીને કાંમ કરવાનો તરીકોછે, તેની એચ્યાર રીતછે. અને જે વગર સહુમજે કાંમ કરવાનો તરીકોછે, તેની આઠ રીતછે. અને તે દરએકનો ખોલાસોં, દીનની રાહે નીચે જણાવેઆ પરમાંણેછે. જેમકે, (દીનમાં) જાહેર કરેલુંછે કે; જે (ઈનસાંન), સહુમજીને સવાબનું કાંમ કરનારૂંછે અને ગુનાહ-(નાં કાંમ) થી દુર રેહનારૂંછે; તે દીનની રાહે, તેહનાં તે કાંમથી, યજદોની બરાબરની પાક જાતવાલુંછે. (બીંજુ), જે (ઈનસાંન), સહુમજીને ગુનાહ (નું કાંમ) કરનારૂંછે અને સવાબ (નું કાંમ) કરવાથી દુર રેહનારૂંછે; તે દીનની રાહે દેવના જેવી પાપી જાતવાલુંછે. (તરીજું), જે (માંણસ), સવાબ અને ગુનાહ, એ બંધે (કાંમ) સહુમજીને કરનારૂંછે; તે દીનની રાહે, આએ પ્રકારનુંછે કે, તે સવાબ કરવાએ સારો બદલો મેલવનારૂં, અને ગુનાહ કરવાએ સજા ભોગવનારૂંછે. (ચોથું), જે (ઈનસાંન), જાંણવા છતાં, નહી સવાબ, કે નહી ગુનાહ, એ બેમાંનું કોઈ કાંમ કરનારૂં નથી, તે વીસે દીનમાં એમ જણાવેલુંછે કે, (તે ઈનસાંને) ગુનાહ નહી કરવાથી, ઈનસાફની રાહે કેદ વગરનુંછે. અને જે સવાબ તેહની ફરજીઆત તરીકેનો હોએ, તે નહી કરવાથી, (ઈનસાફની રાહે) તે કેદવાલું, (ઈઆને દોજખની સજા ભોગવનારૂં) છે. વલી વગર સહુમજે કાંમ કરનારાં આદમીઓમાં, જે (ઈનસાંન), વગર સહુમજે સારી ચાલચલણના વીચારથી, સવાબનું કાંમ કરનારૂં, અને ગુનાહ (નાં કાંમ) થી દુર રેહનારૂંછે, તે વીસે દીનની અંદર એમ જણાવેલુંછે કે, તે (આદમી), ભલાઈના એરાદાવાલું છે, તેથી સવાબ (નું કાંમ) કરવાએ, તે અહડતો દરજો મેલવનારૂંછે. પણ જે (માંણસ), વગર જોવે, (ઈઆને તપાસ કીધા વગર), સવાબનું કાંમ કરે તથા ગુનાહ (નાં કાંમ) થી દુર રેહ, તો તેથી, તેહને (આવતી દુનીઆંમાં) બુજોરગીનું ૨ ૩ ૪ ૫ ૬ ૭

૮ મલતું નથી.* (બીજું), જે (માંણુસ), વગર સહમજે, બુરી ચાલચલંણુના વીચાર, સાથે સવાબનું કાંમ કરનારૂં અને ગુનાહથી દુર રેહનારૂં હોએ, તો તે વીસે દીનની રાહે જણાવેલું છે કે, તે (ઇનસાંન) બુરાઇના
૯ એરાદા છતાં, (દોજખની) સજામાંથી છુટકારો મેલવાનારૂં છે. (તરીજું), દીનને લગતા વીચાર વગર, જે ઇનસાંન બેહશતનો બદલો મેલવવા સારૂ, સવાબનું કાંમ કરનારૂં હોએ. અને તેહનીથી જે કાંઇ ગુનાહ થએઓ હોએ, તેનો ધીકાર કરનારૂં તથા ફરીને તે ગુનાહનું કાંમ નહી કરનારૂં હોએ, તો તે વીસે દીનમાં એમ જણાવેલું છે કે, તે (આદમી), સારી ચાલચલંણુના વીચારે કરી, ભલાઇના એરાદાવાલું છે, તોપંણુ તે, ગુનાહ કરવાએ સજા ભોગવનારૂં છે. અને
૧૦ સવાબથી દુર રેહવાએ (દોજખનું) બંદીખાંનું ભોગવનારૂં છે. (ચોથું), જે (ઇનસાંન) વગર સહમજે, બુરી ચાલચલંણુના વીચારથી ગુનાહ કરનારૂં અને સવાબથી દુર રેહનારૂં છે, તે વીસે દીનમાં એમ જાહેર કરેલું છે કે, તે (આદમી), બુરાઇના એરાદાવાલું છે, તેથી તે ગુનાહ કરવાએ ઘણી સજા ભોગવનારૂં અને સવાબથી દુર રેહવાએ (દોજખનું) સખત બંદીખાંનું
૧૧ ભોગવનારૂં છે. (પાંચમું), જે (ઇનસાંન) વગર સહમજે, સારી ચાલચલંણુના વીચારથી, સવાબ અને ગુનાહ, એ બેહુ કરનારૂં છે. તે વીસે દીનમાં એમ જણાવેલું છે કે, તે ભલાઇના એરાદાવાલું છે; માંટે તે (આદમી), સવાબ કરવાથી બુજોરગી મેલવનારૂં છે. પંણુ જો તે (સવાબ) ની તપાસ નહી કીધી હોએતો, તે (દોજખથી) છુટકારો મેલવનારૂં નથી. અને ગુનાહ કરવાએ
૧૨ (દોજખનું) બંદીવાંનછે. (છઠું), જે (ઇનસાંન), વગર સહમજે ઉલટી ચાલચલંણુના વીચારે, સવાબ અને ગુનાહ, એ બેહુ (કાંમ) કરનારૂં હોએ, તો તે વીસે દીનનો એવો હોકમછે કે, તે બદીના એરાદાવાલું (માંણુસ) છે. માંટે સવાબનું કાંમ કરવાએ (પોતાના પેદા કરનારનો) આભાર માંનનારૂં થતું નથી. અને

---

* વગર જોને, સવાબનું કાંમ કરવાની અને ગુનાહથી દુર રેહવાની મતલબ, એ સહમજવી કે, દરએક આદમી પોતાને સારૂ બીજાને ધરમનું કાંમ કરવાનું સોંપે, અને તેહને તે કાંમ કરવા સારુ, પોતાની તરફથી રૂપીઆ આપે, પણ તે કાંમ તેણે કીધું છે કે નહી ? તે વીસેની તપાસ નહી કરે, અને જો તે કાંમ નહી થાઇઉં હોએતો, પેલા કરાવનારા ધણીને તેહનો બેહરો મલે નહી. જેમકે એક દાખલો લઇએ કે, એક ગાંમમાં જરતોશતીઓની હાલત ઘણી કંગાલ હોએ, તેઓની હાલત સુધારવાનું અને તેઓને બખ્શેશ કરવાનું કાંમ, અતરેનો એક જરતોશતી ગરહસ્થ, તાંહાંના રેહવાસી એક જરતોશતીને સોંપે, અને તેહની જોસ્તજોઇ કીધા વગર તે (પઇસા આપનારો ગરસ્થ) બેશી રેહ, અને પેલો શખ્સ તે કાંમ નહી કરે તો, તે કરાવનારને સવાબનો બદલો મલતો નથી.

વગર ચોકસીથી તે કાંમ કરવાએ, (દોજખથી) છુટકારો મેલવેઆ વગરનું અને ગુનાહ કરવાએ, સખત બંદીખાનું ભોગવનારૂંછે. (સાતમું) જે(ઈનસાંન ૧૩ દીનને લગતી) વગર સહુમજે, સારી ચાલચલંણના વીચારની મારફતે, (સવાબ અને ગુનાહ) એ બેહુ કાંમથી દુર રેહનારૂંછે, તે વીસે દીનનો એ હોકમછે કે, તે (ઈનસાંન) ગુનાહ કરવાથી દુર રેહવાને લીધે બુજોરગી ભોગવનારૂં અને સવાબ કરવાથી દુર રેહવાને લીધે (દોજખનાં) કેદખાંનાં વગરનુંછે. (આઠમું), જે (ઈનસાંન), વગર સહુમજથી, ઉલટી ચાલચલંણના વીચારે, ૧૪ (સવાબ અને ગુનાહ) એ બેહુ કાંમથી દુર રેહનારૂં હોએ, તે વીસે દીનનો એવો હોકમછે કે, તે (માંણસ), ઉલટી ચાલચલંણના વીચારને લીધે, બદીના એરાદાવાલુંછે; જેથી તે ગુનાહ કરવાથી દુર રેહવા છતાં, (બેહેશતની) બુજોરગી વગરનું અને સવાબથી દુર રેહવાએ (દોજખનુ) બંદીવાંનછે.

(૧૦૧) જે માંણસો, પોતાને (આએ દુનીઆંમાં) અમરગ હાલતમાં, તથા (સ્પન્તોમઈનીઊશ અને અંઘરમઈનીઊશનાં) પંતીઆલાંમાં, અને સઘલો વખત તેઓની તરફેનમાં, ચલાવેછે. તે વીસે ભલી દીનને લગતા ખોલાસો. ૧

જાંણવું કે, જે માંણસ, એબ આપનાર (એહરેમન) ને પોતાની ૨ અંદરથી દુર રાખનારૂંછે, તે પોતાને અમરગીને માટે ચલાવનારૂંછે. અને તે (ઈનસાંન), તેહની દરએક હીલચાલમાં ઉલટી અકલનો ભાગ લીધા વગર, પુરતી હુશીઆરીવાલી આદતથી (આએ દુનીઆંમાં) પોતાને ચલાવનારૂંછે. માંણસનાં દરએક કાંમની વલાંણ, (ભલી અને બુરી ગેબી ૩ સકતીઓની સાથે), પંતીયાલાંનો સંબંધ ધરાવનારીછે. અને તેનું કારંણ, આગલા દીનના પેશવાઓએ એવું જણાવેલુંછે કે, જે (ઈનસાંન), ભલા મીનો (ઇઆને સ્પન્તોમઈનીઉશ) ની મારફતે, પોતાને (આએ દુનીઆંમાં) ચલાવીને, જે આએપત મેલવનારૂંછે, તે (આએપત), પવીતરાઈને માંટેના સવાબની મદદવાલીછે. અને જે આદમી, બુરા મીનો, (ઇઆને અંગ્રમઈનીઉશ) ના ફરેબથી, પોતાને (આએ દુનીઆંમાં) ચલાવીને, જે આએપત મેલવનારૂંછે, તે (આએપત), અપવીતરાઈને માંટેના

૪ ગુનાહની મારફતે પોતાને બંદીવાંન કરવાનીછે. *માંટે, દાદારે તેહની હરવેસ્પ આગહીની મારફતે, સઘલાં આદમીઓને, પેદાએશની શરૂઆતથી, દરૂજનો ઘટાહો કરવા સાથે (આએ દુનીઆંમાં) ચાલવાની સહમજ આપેલીછે. કેમકે, તે દરૂજનો ઘટાહો કરવાનાં કાંમથી, (માંણસને) સેવટના સુધારાને માંટે, આખેરશને લગતા છુટકારાનું મેલવવું, અને તનપસીનના વખતમાં શુખ, પુરતાં ખોરેહ અને ચહડતા દરજાજામાં જાહેર થવું (ઇઆને જાણુમવું) છે.

---

૧ (૧૫) **આસમાંનની અંદર સરવેથી ઉનચી જગોએ, કે જેયાંથી, દાદારે ખોરશેદને, દુનીઆંની શરૂઆતમાં પેદા કરેઓ હતો, ત્યાંથી તેને કેટલી વખતે પાછું પ્રકાશવું છે? તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.**

---

૨ જાંણવું કે, આસમાંનની અંદર સરવેથી ઉનચી જગોએ, જેયાંથી, દાદારે ખોરશેદને, દુનીઆંની શરૂઆતમાં પેદા કરેઓ હતો, ત્યાંથી, તે (ખોરશેદ) ને ચેઆર મરતબે પ્રકાશવુંછે. અને (ખોરશેદને) તેમ (પ્રકાશવા) ની મતલબ, (ચેઆર મરતબે આએ દુનીઆંનાં લોકોને) દીનની સહમજ આપવા વીસેનીછે. દાદારે પરથમ દુનીઆં પેદા કીધી, તે વખતે ખોરશેદને આસમાંનની અંદર સરવેથી ઉનચી જગોએ ઠંમ, (ઇઆને હીલચાલ વગરનો), પેદા કરેઓ હતો. અને (તેઆરપછી તે ખોરશેદને), તે સરવેથી ઉનચી જગોએથી, ચેઆર તબક્કે, દરએક તબક્કાના અરસામાં, તેની શુરજમુખીની અંદર તેને વધતો જતાં, ઘણો કઉઅતદાર દેખાવે, એઠે ઉતારેઓ હતો. અને તેજ હાલતમાં, ખલકનાં લોકોને ફાએદો કરવા સારૂં, અને ફશોકન્તના વખત શુધી તેહને હમેશાં ચાલુ રેહવા સારૂં, ચાલતો કીધોછે. તે (ખોરશેદ) ને, દુનીઆંમાં હમેશાં ચાલુ રેહવું, સઘલી દુનીઆંને પેદાના કરનાર દાદારની કઉઅતવાલા એરાદાથી (ઇઆને અશો અહુરમજદની મરજી મુજબની વલાંણથી) છે. અને તેને પરથમ પેદા થવાની સરવેથી ઉનચી જગોમાં, (એટલે જે) જયાં તેહને (ખોદાએતાલાએ) પરથમ પેદા કરેઓ હતો, ત્યાં પાછું આવવું, ખલકનાં લોકોને ફાએદો કરનારાં ફરમાંન લાવનારા (પેગમબરો) ના વખતને (બતલાવવા) સારૂછે. ખોરશેદને ફશોકન્તના વખત શુધીમાં, (તેની અસલ જગોએથી) જેટલી વખત ચાલુ રેહવું તથા જેટલી વખત, (આસમાંનના

અંદરનાં) તેનાં સરવેથી ઉંચાં મકાંનમાં પાછું જવું છે, તે તેના પેદા કરનારની કઉઅતના એરાદાથી (ઇઆને તે સાહેબની મરજીનાં બલથી) છે. ખોરશેદનો, એ કઉઅતને લગતો એરાદો, (ઇઆને ખોરશેદને તેહનાં અસલ ૩ મકાંનમાં જવું અને ત્યાંથી પાછું ચાલુ થવું), એ અશો જરતોશતની મારફતે (દુનીઆંમાં) પરસીધ થાએલી મજદીયસની દીનને ફરીને ચાલુ થવાં વીસે (ની નીશાંન તરીકે) છે. અને તે(ને લગતો ૪ પેહલલો એરાદો), હવે પછી જરતોશતનો હજારો ((ઇઆને જરતોશતીની મારફતે ચાલુ થાએલી દીનની હદ), પુરી થવાના વખતને લગતોછે. આએ વખતે, (સુરજને ફરવાની સ્પાટીને) મથાલેથી (સુરજને) પાછું ઉપર જવાની એક હદ, કે જે (હદ), પેહલલા અંદરગાહ (ઇઆને તબક્કા) ને નાંમે ઓલખાએછે, તે (સુરજને) પરકાશવાનાં આસમાનની અંદરનાં પેહલલાં મકાંનમાં, (સુરજને) અટકવુંછે. અને તે તબક્કાની અંદર ૧૦ દાહડા અને રાત શુધી તેહને રેવુંછે. (એ પછી) હોશેદરનો ૫ હજારો, (ઇઆને હોશેદરની મારફતે ચાલુ થાએલી દીનની હદ), પુરી થતી વખતે, (સુરજને ફરવાની સ્પાટીને) મથાલેથી, (સુરજને) પાછું ઉપર જવાની બીજી હદછે, કે જે (હદ), બીજા અંદરગાહ, (ઇઆને તબક્કા) ને નાંમે ઓળખાએછે, તે (સુરજને) પ્રકાશવાના આસમાંનની અંદરનાં બીજાં મકાંનમાં, (સુરજને) વધારે કઉઅતવાલા એરાદાથી પાછું આવવુંછે. અને તે તબક્કાની અંદર ઘણાં કઉઅત સાથે (સુરજને) ૨૦ દાહડા અને રાત શુધી રેહવુંછે. (એ પછી) હોશેદરમાહનો હજારો, (ઇઆને હોશેદરમાહની મારફતે ચાલુ ૬ થાએલી દીનની હદ), પુરી થાતી વખતે, (સુરજને ફરવાની સ્પાટીને) મથાલેથી, (સુરજને) પાછું ઉપર જવાની તરીજી હદછે, કે જે (હદ), તરીજા અંદરગાહ (ઇઆને તબક્કા) ને નાંમે ઓલખાએછે, તે સુરજને પ્રકાશવાનાં આસમાંનની અંદરનાં તરીજાં મકાંનમાં, (સુરજને) ઘણાં વધારે કઉઅતવાલા એરાદાથી પાછું આવવુંછે. અને તે તબક્કાની અંદર ઘણાં વધારે કઉઅત સાથે (સુરજને) ૩૦ દાહડા અને રાત શુધી રેહવુંછે. (એ પછી) સોસીઓશ ૭ (ની મારફતે ચાલુ થાએલી દીન) નાં ૫૭ વરસ પુરાં થાતી વખતે, (સુરજને ફરવાની સ્પાટીને) મથાલેથી, (શુરજને) પાછું ઉપર જવાની ચોથી હદછે, કે જે (હદ) ચોથા અંદરગાહ, (ઇઆને તબક્કા) ને નામે ઓલખાએછે, તે શુરજને પ્રકાશવાનાં આસમાંનની અંદરનાં ચોથાં મકાંનમાં, (સુરજને) ઘણાંજ કઉઅતવાલા એરાદાથી પાછું આવવું અને તે તબક્કાની અંદર રેહવુંછે.

કે જયાં તેહની જાતને, ખલકને ફાએદો પોહચાડવા સારૂ પરથમ પેદા કરેઆમાં આવી હતી. અને શરૂઆતમાં વગર હીલચાલે રાખેઆમાં આવી હતી. આએ વખતે, કે જે વેલા સુરજ આસમાંનની અંદરના સરવેથી ઉનચા ચોથા તબકાની અંદર પ્રકાસ્સે, ત્યારે જે કોઈ એહરેમનને લગતાછે, તેઓને હાંણી પોહચવી, તનપસીનનું બનવું, અને ખલકને પાછું સવછ થવુંછે.

—◦◦◦—

૧ (૧૫૧) મજદીયસની દીનની ચહડતે દરજજેની સહમજ, (અવસ્તાના) તરંણ ભાગની અંદર (આપણને) મલવા વીસે, (ભલી દીનને લગતો ખોલાસો).

—◦◦◦—

૨ જાંણવું કે, દીનનો જે પેહલ્લો પેશવા (અશો જરતોશત) હતો, તેણે મજદીઅસની દીનને લગતી ચહડતે દરજજેની સહમજ, (અવસ્તાના) તરંણ ભાગની મારફતે, જેકાંઈ ભલી દીનની અંદર બતલાવેલીછે, તે એટલા સારૂછે કે, દાત* ની મદદથી, હાત માથ્ર† અને ગાથા‡ ને લગતાં કાંમછે. અને 'હાત માથ્ર' ની મદદથી, 'દાત' અને ગાથાને લગતાં કાંમછે. તેમજ 'ગાથા' ની મદદથી, 'હાત માથ્ર' અને 'દાત' ને લગતાં ૩ કાંમછે. એ વીસેનો સહમજ પડવા જોગ ખોલાસો એછે કે, 'દાત' ની અંદર આએ દુનીઆંને લગતાં આદમીઓને, આએ દુનીઆંમાં કેમ ચાલવું, તે વીસેનું ચહડતે દરજજેતું ગણેઆંણ આપેલુંછે. અને 'હાત માથ્ર' અને 'ગાથા,' ૪ તેના (ઇઆને દાતના) વસીલા તરીકેછે. ગાથાની અંદર મીનોઈ દુનીઆં અને તાંહાંના રેહવાસીઓનાં કાંમને લગતું ચહડતે દરજજેનું ગણેઆંણ આપેઆમાં આવેલુંછે. અને તેના વસીલા તરીકે 'હાત માથ્ર' અને 'દાત' છે. ૫ 'હાત માથ્ર' ની અંદર, મીનો અને ગેતી (ઇઆને આવતી મીનોઈ દુનીઆં

---

* દાત—એ, જે અવસ્તાની અંદર આએ દુનીઆંમાં માંણસે કીહાં કાંમ કરવાં અને કીહાં કાંમથી દુર રેહવું, તે વીસેની સહમજ આપેઆમાં આવેલીછે; તે અવસ્તાના ભાગને કેહછે.

† હાત માથ્ર—એ પાક ઓદાએતાલા અને તેના નેક ગુણવાલી સકતી ધરાવનારા યજદ-અમેશાસ્પંદોની આરાધણા અને અસ્તુતી કરવાના તથા તેઓની હજુરમાં નેક દુઆ માંગવાના અવસ્તાનો, જે ભાગછે; તેહને કેહછે.

‡ ગાથા—એ અવસ્તાના જે ગાએણરૂપી ભાગની અંદર, પાક દાદાર અને તેહની મીનોઈ દુનીઆંને લગતાં કામની સહમજ આપેઆમાં આવેલછે, તેહને કેહછે.

અને આએ ફાંની દુનીઆંને ના લોકોનો એકબીજા વચ્ચે સંબંધ રાખવા વીસેના વસીલાઓને લગતું મહુડતે દરજજેનું ગણેઆંણ આપેઆમાં આવેલુંછે. અને 'ગાથા' અને 'દાત' તેના વસીલા તરીકેછે. (એટલેજે દાતને લગતા અવસ્તાની અંદર માંણસને આએ દુનીઆંમાં નીતી અને પરહેજગારીથી રેહવાની સહમજ આપેલીછે. અને ગાથાના અવસ્તાની અંદર મીનોઈ દુનીઆને લગતાં કાંમ અને તાંહના રેહવાસીઓને લગતી સહમજ આપેલીછે. તેથી આદમીને જેમ આએ દુનીઆંમાં તેણે શું કાંમ કરવાં, કીહાં કાંમથી દુર રેહવું, એ બાબત જાણવાની જરૂરછે, તેમજ તેને આવતી મીનોઈ દુનીઆં કેહવી પરકારનીછે, અને તેઆં શુખ અને દુખ કેહવી રીતે મલેછે, તે વીશેની સહમજ મેલવવાની અગતછે; કેમકે એ બેહુ જાતની સહુમજ મલેઆ વગર માંણુસ આએ દુનીઆંમાં કાએદાસર રેહી સકે નહી, અને આવતી દુનીઆંનું શુખ મેલવવાને કબુ લાએક થાએ નહી. પણુ આએ ઉપલી બેહુ જાતની સહમજ મેલવવા છતાં, આએ દુનીઆંમાં માંણુસથી, મીનોયજદોની સાહેતા વગર, એકસરખી રીતે દીનનાં ફરમાંન મુજબ, શુધરેલી હાલતથી રેહવાઈ સકાતું નથી. કેમકે, તેહની ઉપર, સ્પન્તોમઈનીઉશ અને અંગ્રમઈનીઉશને લગતી સારી અને માઠી ગેબી સકતીઓનું ખેંચાંણુ ચાલેછે; તેથી માંણુસ અંગ્રમઈનીઉશની ખરાબ વલાંણુ તરફ નહી ખેંચાએ અને સ્પન્તોમઈનીઉશની તરફેનમાં રેહ તેહને સારૂ, તેણે આએ દુનીઆંમાં ગેબી યજદ અમેશાસ્પંદોની મદદ, દોસ્તી અને તેઓનો પ્રતાપ મેળવવા થકી, તેઓની બંદગી અને સ્તુતી કરવી જોઈએછે. અને તેમ કરવાનાં સાંધણુ તરીકે તેને સારૂં આઅના અવસ્તાછે. કે જે પહવાથી, તે માંણુસ સાથે, યજદ અમેશાસ્પંદોની મોહબત જોડાએછે, અને તેઓની મદદથી તે અંગ્રમઈનીઉશની વલાંણુથી દુર રેહી સકેછે.) અને તેમજ અવસ્તાની દરએક બંદગી જોડેઆમાં આવેલીછે.*

---

* આપણા અવસ્તામાં પેગમબર અશો જરતોશતની તરફથી જેબી બંદગી જોડવામાં આવેલીછે, તે દરએક બંદગીની અંદર, ઉપર જણુવેઆ મુજબ 'દાત', 'હાતે માંથ્ર', અને 'ગાથા,' એ તરણે ભાગના અવસ્તા એકબીજાની વચ્ચે પઢવા સારૂં મુકરર કરેલાછે. જેમકે દાખલા તરીકે, વંદીદાદની બંદગીની અંદર, 'હાતે માંથ્ર', 'ગાથા," અને 'દાત' એ તરણે ભાગના અવસ્તા એકબીજા વચ્ચે પઢેઆમાં આવેછે. તેમજ એક મુરોશબાજની બંદગીની અંદર તપાસીને જોસુંતો, તેમાં પણુ ઉપલી તરણે બાબતને લગતા અવસ્તા આવેલાછે. અને એજ પરમાંણે આપણા દરએક અવસ્તાની બંદગી, ઉપલા તરંણુ જાતના અવસ્તાની મતલબ વગર જોડાએલી નથી. માટે એવી રીતની પેગમબર જરતોશતની મારફતે દીનને લગતાં

૧ **(૧૫૨) અંઘરમઈનીઊશની જે ઘાત, સ્પન્તોમઈનીઊશની પેદાએશની ઊપર ગલબો કરવા સારૂં છે, તે ઘાતને દુર કરીને, દાદાર તે(હની પેદાએશ) ને, (આએ દુનીઆંમાં) ચાલુ રાખનારછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.**

—◎◎|◎◎—

૨ જાંણવું કે, અંગ્રમઈનીઉશે, (તેની) ઘાતમાંની દરએક ઘાતને, સ્પન્તો-મઈનીઉસની પેદાએશ ઉપર ગલબો કરવા સારૂં કરેલીછે. તે ઘાતનો હમેશાં ૩ સ્પન્તોમઈનીઉશ, તેની પેદાએશથી ઘટાડો કરેછે. અને આએ (નીચે જણાવેલા) પાંચ તરીકાથી, સ્પન્તોમઈનીઉશ, તે(ની પેદાએશ)ને તે (ઘાત)ની ઉપર, (ઇઆને ૪ તે ઘાત હોવા છતાં), ચલાવનારછે. જેમાંનો પેહલો તરીકો, અંગ્રમઈનીઉશની ઘાતનો એક રીતનો ઘલબો, જે (વસ્તુ)ની ઉપર થએલો હોએછે, તેહને દુર કરવાનોછે. એટલા વાસતે કે, અંગ્રમઈનીઉશનું કાંમ હરીફ તરીકે, ખાલેસ ગરમીની અંદર, સરદીને પોહચાડવાનું, અને ખાલેસ તરાવતની અંદર, સુકાસને પેવસ કરવાનુંછે. અને તેનો એરાદો સરદીની મારફતે ગરમીનો, અને સુકાસની મારફતે તરાવતનો, અંત લાવવાથી, ભલી જીનદગી ધરાવ-નારાઓને વગર તેજના કરવાનો, ખલકને નકાંમી કરવાનો અને લોકોને (દુનીઆંમાં) ચાલુ રેહવાથી અટકાવવાનોછે. સ્પેન્તો મઈ-નીઉશ, ખાલેસ ગરમીની સાંહાંમણે દુશમનીથી પોહચનારી સરદી, જે તરાવતને હાંણી પોહચાડનારીછે, તેને અટકાવનારછે. તથા ખાલેસ તરાવતની સાંહાંમણે પોહચનારો સુકાસ, જે ગરમીને ખરાબ કરનારોછે, તેનો અટકાવનારછે. જાંહાં, તરાવતની સાથે સરદીનું, અને સુકાસની સાથે ગરમીનું મલવું થાએચ, તાંહાં (દમનું) બંધ થવુંછે. (કેમકે), ગરમીના દુશમન તરીકેની સરદીને, ગરમીની ઉપર (વધી) જવાથી, (બદનની) અંદર ગરમી રેહતી નથી; તેથી બદનને મદદ કરનાર તરીકે, તરાવત સાથની ગર-

---

ખોદાઈ ગણેઆંણુથી જોડાએલી બંદગીને, આપણ જરતોશતીઓએ ખરી અને ખોદાતાલાની પસંદગી ભરેલી બંદગી ગણવી જોઇએછે. અને જાંણવું કે, તેજ બંદગી ખરા એતેકાદથી કરવાએ, દરએક જરતોશતીને સારૂં, આવતી દુનીઆમાં નેજાત અને સુખનો મારગ ખોલો થવાનોછે. બાકી હાલમાં કેટલાએક મહમજની હદથી બાહેર ગએલા જરતોશતીઓ, પોતાને મનગમતાં લખાંણો કરીને, તેને ખોદા-એતાલાની અવસ્તામાં જોડાએલી બંદગીની જગોએ, જરતોશતીઓને પઢાવવાની કુશેશ કરેછે, તેમાં તેઓ પોતે ઠગાએછે. અને તેથી તેઓ, પાક ખોદાએતાલાના તકસીરવાર થાએછે. અને પેગમબર અશો જરતોશતની બદ દુઆ મેલવેછે.

મીનાં એકસરખાં પ્રમાંણવાલી સરદીછે. તેમજ સરદીના દુશમન તરીકેની ૬
ગરમીને સરદીની ઉપર (વધી) જવાથી, બદનની અંદર સરદી રેહતી નથી;
તેથી બદનને મદદ કરનાર તરીકે, તેમાં ગરમીની સાથે તરાવતનાં એકસરખાં
પ્રમાંણવાલો સુકાસછે. અને તેઓનો સંબંધ, (બદનના) સુધારાને માંટેનો
છે. બદનની અંદર ગરમી અને તરાવતનો મેલાપ રેહવાથી, બદનનો
શુધારો થાએછે; અને તેથી જીનદગીને ઘણીજ કઉઅત અને તવાંનાઈ
મલેછે. અને તેથી અંઘ્રમઈનીઉશ, અહુરમજદની પેદાએશનો અટકાવ ૭
કરવા સારૂં, તેહને લગતી વસ્તુની બનાવટ કરવાના એરાદામાં, નીરાસ થાએછે.
(સ્પન્તોમઈનીઉશનો) બીજો તરીકો, જે કાંઈ પેદાએશની અંદર, દરૂજને ૮
આમીજશ ભરેલાં કાંમો કરવાની રીતછે, તેથી પેદાએશને ભલી ઇચ્છાની
મદદ કરવાનો અને તેહને ફાએદેમંદ બનાવવાનોછે. એ પરમાંણે કે, પેદા-
એશની અંદર, જે કાંઈ એઘ્રમનીઉશની સરદી અને સુકાસનો મેલાપ હોએ
છે, તે પેદાએશને સ્પંન્તોમઈનીઉશ, તેજ આપનારી ગરમી અને તરાવતના
મેલાપની ફાએદાકારક મદદ કરનારોછે. વલી એ કારંણ ઉપરથી દેખાઈતુંછે ૯
કે, જેમ હયાતી વાલી જાતનો અંદરથી, સ્પન્તોમઈનીઉશની ગરમીને, એબ
અપનાર (એહરેમન) ની તરફની સરદીનો વંધારો થવાથી, નીકલી જવુંછે.
તેજ પરમાંણે ગરમીના સાથી તરીકેની તરાવતને, (એબ આપનાર એહરેમ-
નની તરફના) સુકાસ (ના વધારા) થી, નીકલી જવુંછે. પણ પ્રમાંણીક
કાંમોથી, માંણસ જાતને તેને લગતા ભલા ફાએદાનું પાછું મલવુંછે. અને
(સપેનામીનો), દરૂજનાં દુરગણી, એબવાલાં અને ઘાતના કાંમથી, દાંનાઈની
મારફતે, માંણસને ઘણો ફાએદો પોહચાડેછે. તરીજો (સ્પેનામીનોનો) તરીકો, ૧૦
(માંણસને) આલાએશ ભરેલી હાલતમાં લાવવા સારૂં, (આએ દુનીઆંમાં)
ઘણી ઘાત થવા છતાં, (માંણસની હયાતીને) આલુ રાખવાનો તથા તેહનો સેલ-
સેલો (આએ દુનીઆંમાં) ચલાવવાનોછે. જે (ઘાત), ખલકનાં લોકો ઉપર
એકેદમ, એકજગોએ અને એક વખતે પોહચેછે; જેમકે (દાખલા તરીકે)
દેખાઈતુંછે કે, અંઘ્રમઈનીઉશ તેહની જાલેમીને લગતા બુરા લોભને, તેમજ
બીજી બદીઓને, એકની મારફતે, (એટલે જે ઉલટી અકલના વસીલાથી), સઘલા
સાચુ બોલનારા લોકો ઉપર, સઘલે વખતે, સઘલી જગાઓ અને સઘલાં
શેહરોમાં નાંખેછે, તેને (સ્પન્તોમઈનીઉશ), તે લોકોથી દુર કરેછે. અને તેઓને
ફાએદામાં રાખીને, સારા દેખાવવાલા બનાવેછે. (સ્પન્તોમઈનીઉશનો) ૧૧
ચોથો તરીકો, જે કાંઈ ઘાત લોકોને ખરાબ કરવા સારૂં દરૂજ કરેછે, તે

ઘાતને પાછી તે દરૂજની ઉપર ફેરવવાનોછે. જેમ દુશમનોના ગુરૂજથી, તેઓનું, (ઇઆને દુશમનોનું), માથું ભાંજવામાં આવેછે; તેમ દેવનાં (હથીઆર) દરૂજથી, દેવને માર ખાવોછે. જેમકે દેવની મરજી મુજબનાં કાંમ કરનાર અફરાસીઆબને, દરૂજથી (ઇઆને તેનાં પાપથી) ઇજા પોહચી

૧૨ હતી. અને તેમજ જેમસ્તાંનથી ખ્રફસ્તરોને ઇજા પોહચેછે. તેમજ દાદારના ફ્રશોકર્ત કરવાના વખતમાં, અંગ્રમઇનીઉશે કરેલા લોભથી, અંગ્રમઇનીઉશને પોતાને પાછું ફરવા સારૂં, તથા તેહના સઘલા કાંમદારીઓને ગરક જવા, તથા તેઓને હાંણી પોહચવા અને પરેશાંન થવા સારૂં, (દીનમાં) જણાવેલુંછે.

૧૩ (સ્પેનામીનોનો) પાંચમો સરવેથી સરશ તરીકો, દાદારની તરફથી (તેહની પેદાએશને) સંપુરંણ સહમજથી ચલાવવાનો, તથા પુરતાં બલથી ફ્રશોકર્તના વખતમાં દરવંદ (એહરેમન) નાં સઘલાં પાપી કઉઅતને વગર તેજનું ફરવાનો અને પાપી સકતીઓનું મુલ (જે અંગ્રમઇનીઉશછે તે)ને, (તેને લગતી) હસ્તી વગર ખરાબ થવાનો તથા પાછો તેને બીજી વખત નહી શુધરવાનો, બલી દીનની અંદર જાહેર કરેલોછે.

---

૧ (૧૪૩) આદમીઓએ દશતુરાંન દશતુરને માંન આપવાની, અને સરવેથી વડા એક દશતુરના કેહવાને કબુલ રાખવાની જરૂર વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, બલી દીનની સહમજ આપનારા દશતુરાંન દશતુરને આદમીઓએ માંનવો અને તેહને તેઓની દીનનો આસરો આપનારા સરવેથી સરસ હાકમ તરીકે, તેમજ તે દીનની સરવેથી ચહડતે દરજજેની

૩ નીશાંન દાખલ ગણવો સજાવારછે. આદમીઓની અંદર જે મજદીઅસની દીનનો તાબેદાર હોએ, તેણે પોતાનાં મકાંન-મોહલ્લા, ગાંમ, અને શેહરના વડા ધરમગુરૂ તરીકે તેને ગણવો. અને મજદીઅસની દીનના તાબેદારોમાં, જે બલી દીનવાલા અથોરનાંનો હોએ, તેઓએ તેને, પોતાના સોનગાર અને ચલકાટ તરીકે સહમજવો. જેઓ અરથેશતાર હોએ, તેઓએ તેને પોતાનાં પેહલવાંની બખતર તરીકે ગણવો. જેઓ વાસ્ત્રોશ (ઇઆને ખેડુત) હોએ, તેઓએ તેને પોતાની ખેતીનાં પુરતાં શુખ તરીકે માંનવો. અને જેઓ

હુતોખ્શ (ઇઆને સારો વેપાર તથા ઉદ્દીઓગ કરનારા) હોએ, તેઓએ તેને, પોતાના પેહડવાના પોશાક તરીકે સહમજવો.* અથોરનાંનોની અંદર, જેઓ (ધરમને લગતી) કેળવણી લેનાર અને કેળવણી આપનાર હોએ, તેઓ અથોરનાંનોનાં બદનની આંખડી તરીકે છે. જેઓ મોબેદ અને દસતુર તરીકે હોએ, તેઓ અથોરનાંનાં હાડ અને બુદ્ધિ તરીકે છે. અથોરનાંનોની અંદર જેઓ ઘણીંજ ઓતમ ભલાઇવાલા હોએ, તેઓ અથોરનાંનોના દેલ અને જેગર તરીકે છે. અને તેઓમાં જે, ખલકનો સંભાળ લેનારા પાદશાહનાં કરતાં અહડતે દરજજેનો હોએ, તે અથોરનાંનોનાં (શરીરનાં) ગદ્દ તથા સાંધા તરીકે છે. માંટે તેઓએ, (ઇઆને મજદીઅસનાંનોએ), તે જુદી જુદી પદવી વાલા અથોરનાંનોને અહડતે દરજજેના ગણવા. અને પોતાને વાસ્તે દરએક નેકી તથા હલાકી (ઇઆને સુખ તથા દુ:ખ) તેઓની મારફતે સહમજવું. ૪

---

* ઇજિશનેના ૧૪ મા હાના પાક અવસ્તામાં આપણા પેગમબરે નીચે લખી જણાવેલી સેફત અને ગુણવાલા અથોરનાંનને દસ્તુરાંન દસ્તુર તરીકે પસંદ કરેલોછે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

'જે મજદીઅસ્નની દીનને લગતી સુરવેથી સરસ સહમજથી અથોરનાંનોને ઘણીજ સારી કેલવણી આપનારોછે, તેને હું અથોરનાંનોનો વડો કેહુંચ. અને જે અમેશાસ્પંદોની ઘણીજ ફાએદા ભરેલી દાંનાંઇવાલો (એટલેજે યજદ અમેશાસ્પંદોથી ગેબી બેશારત મેલવનારો), ઘણું સાચ્ચું બોલનારો, ઘણી મદદ મેલવનારો અને (લોકોને) અતી અંન્ત અકલ આપનારોછે, તેને અથોરનાંન, અરથેશતાર અને આબાદી કરનારા વાસ્ત્રીઓશની મજદીઅસ્નની દીનને લગતી ઘણી સરસ હીમત તરીકે તથા તેઓને વડા ધરમગુરૂ તરીકે ગણુંચ અને તેને લગતું માન આપુંચ.'

આએ ઉપલા અવસ્તામાં આપણા અશો પેગમબરે દીનના દસ્તુર તરીકે બે તરેહની સકતીવાલા ગરહસ્થોને ગણેઆછે; તેમાં એક દીનનો એલમ સીખેલા અને તે એલમ બીજાને સીખવનારા શખ્સને અથોરનાંનોમાં વડો ગણેઓછે. અને દીનના એલમ ઉપરાંત જે દસ્તુરમાં રીઆજતની મદદથી યજદ અમેશાસ્પંદોનો સંબંધ હોએ અને તેથી તેહને જે કાંઇ ગેબી બેશારત મલેછે, તેવા એજમતી દસ્તુરને પેહલાના કરતાં અહડતે દરજજેનો ગણેલોછે. અને આએ છેલ્લી પદવીવાલા દસ્તુરોમાં, દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારાસ્પંદ અને અરદાએવીરાફ સેવાએ બીજાઓ આપણને જણાએલા નથી.

૧ (૧૫૯) **આદમીઓએ, પાદશાહનાં ફરમાંણીક ફરમાંનોને કબુલ રાખવાં, અને (તે મુજબ) પોતાને (આએ દુનીઆંમાં) ચલાવવાં સજાવારછે. તે વીશે, ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાંણવું કે, આદમીના આતમાની ઉપર હકુમત કરનાર તરીકે તેહનું પોતાનું ખાલેસઅન્તકરંણ છે. અને તેહનાં અન્તકરણની ઉપર હોકમ કરનારી, તેહની નેક અને બદને પીછાંણનારી અકલ છે. અને એ બેહુની સાથે, (માંણસને) પુરતી રીતે આબાદ રાખનારી ઈચ્છાવાલી અહુરમજદની દીન છે. (આએ) તરંણ ચહડતે દરજજેની દરએક (વસ્તુ) ની ઉપર, ખલકનો સંભાળ કરનારા પાદશાહનું ફરમાંન, પુરતી મોંહોટાઈવાલું છે. માંટે (મજદીઅસનાંનોએ) પોતાનો આતમા, બદન અને આએ દુનીઆંની દરએક દોલતને, તે (દીનદાર પાદશાહ) ની તાબેદારી તથા હોકમ તલે રાખવી. અને કાળજી રાખીને, પોતાને નીતીની અંદર ચલાવવું. તથા સઘળા લોકોએ દરએક ગુનાહને સારૂ, પોતાને કેદની અંદર, (ઈઆને હદમાં), રાખવું. અને કઉઅત આપનારાં સઘળાં સવાબનાં ઓત્તમ કાંમો કરવાં.

૧ (૧૬૦) **મજદીઅસની દીનના (હાતેમાંથર-દાત-અને ગાથાને લગતાં) તરણ તરેહના અવસ્તા, એકબીજાને લગતી મતલબને જાહેર કરનારા છે. તે વીશે ભલી દીનને લગતો ખાલાસો.**

૨ જાંણવું કે, ગાથાના વચનોની સહમજ, હાતમાંથ્ર અને દાત (ના અવસ્તા) થી છે. અને હાતમાથ્ર અને દાતના અવસ્તાની સહમજ ગાથાના કલાંમોથીછે. અને તેનું કારણ એ છે કે, પાક ખોદાએતાલાની તરફ બુરો વીચાર ધરાવનાર તથા તે સાહેબનાં ફરમાંનને તોડનારને સારૂ, જેમ હાતેમાથ્ર અને દાત (ના અવસ્તા) માં ઘણાએક હોકમો અને ઘણીએક ઘટતી સજા જણાવેલીછે; તેનું કારણ ગાથાની બાધણીવાલા અવસ્તાની

અંદર એવી રીતે જણાવેલુંછે કે:—તે ભલાઇનો માલેક (પાક ખોદાએતાલા), દુનીઆંના જે માલેકો તેહના હોકમને તાએબે રેહનારાછે, અને સઘલા લોકોને તેની (ઇઆને પાક ખોદાએતાલાની) માફક રાખનારાછે, તેઓને, તેમજ જે લોકો તેવા માલેકોના ફરમાંબરદાર અને તાબેદારછે તેઓને, તેઓની તેવી ઇચ્છાનો ચહડતે દરજેનો બદલો બખ્શનારછે. અને જે માલેકો, પાક ખોદાએતાલાની તાબેદારીમાં રેહીને દુનીઆંના લોકોની જાતને તથા તેઓની દોલતને, પાક ખોદાએતાલાના હોકમ મુજબ રાખનારાછે, તેઓની નાફરમાંની કરનારા તથા તેઓની તરફ બુરો વીચાર રાખનારાઓને, તેઓનાં તે કાંમથી, (બેહુ) દુનીઆંમાં કોઇબી પરકારનો ઇનસાફ કે કોઇબી ચીજની બખ્શેશ મલવાની નથી; પણ તેના બદલામાં તેઓને (બેહુ) દુનીઆંના લોકોથી દુઃખ ભોગવવુંછે. હાતેમાંથ્ર અને દાત (ના અવસ્તા) નું જાહેર થવું, ગાથાના વચણોને સારૂંછે. અને ગાથાનાં પ્રમાંણવાલા અવસ્તામાં, આએ મતલબ જણાવેલીછે કે, જે સચાઇથી ચાલનાર (ઇનસાંન) છે તેહને, તયારપછીના વખ્તમાં, (ઇઆને આવતી દુનીઆંમાં) નોકસાંન પોહચવું નથી. હાતમાંથ્ર (ઇઆને પાક દાદારની બંદગી તથા તેની નુરી પેદાએશની સ્તુતી કરવા વીસેના અવસ્તા) ની ઉતપન્તીનો સબબ, (દીનની અંદર) એમ જણાવેલોછે કે, જેમ હજાર ગણું લશકર તેના સાચ્ચા માલેકની, તેને લગતી સચ્ચાઇનાં પ્રમાંણથી મદદ કરેછે, અને તેને નોકસાંનથી બચાવી રાખેછે; અને તેથી તેની જાતને નોકસાંન પોહચતું નથી. તેમ હાત માંથ્ર, સાચ્ચી દીનવાલા શખ્સની મદદ કરેછે.† અને જેમ (માંણસને) બુરા વીચારવાલા (અંગ્રમઇનીઉશ) ની એબવાલા ગુનાહોથી, તેહને લગતી સજા કરવાએ વગર ધાસતીનું બનવુંછે. અને તેથી તેને ઇજા થવી

---

† 'અહુરમજદ યશત' ના પાક અવસ્તામાં અશો અહુરમજદે, તેહનાં નાંમની હમેશાં ઇઆદ કરનાર શખ્સનાં સઘલાં દુઃખને ટાલવાની આપણા પેગમબરને કબુલાત આપેલીછે, અને તેમાં તેણે જણાવીડંછે કે:—

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

નથી. તેમ માંથ્રથી, ગુનેહગારોની સજાને પાછી ફેરવવી, (એટલે જે માણસની તકસીરનું નીવારંણ કરવું) છે.‡ વલી 'ગાથા', મીનોઇ (દુનીઆંની) સહમજ ધરાવવાને લીધે, (ગેતી અને મીનોની) વચ્ચેના 'માંથ્ર' ના (અવસ્તા) ઉપર, તથા ગેતીને લગતી દાનાઈવાલા 'દાત' ના અવસ્તા ઉપર, વધારે મહડતા દરજાવાલાછે. તેથી 'દાત' અને 'માંથ્ર' ના અવસ્તાની અંદર ગાથાને પઢવાનું અને 'ગાથા' ની સાથે 'દાતમાંથ્ર' અને 'દાત' ને પઢવાનું કારંણ, (માંણસનાં) બેઆજારપણાંને સારૂં દેખઈતું (ઇઆને જરૂરતું) છે.

---

૧ (૧૫૫) દુનીઆંને લગતા સરવેથી સારા અને સરવેથી બુરા વખતની નીશાંની તથા તે દરેક (વખત) ને લગતી ચેઆર આએપત વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, દુનીઆંમાં સરવેથી સારા વખતનું વીચારવું, દીનના તાબેદારોની દાંનાઈની મારફતે, સઘલાં આદમીઓનો ખવાસ ઘણો સારો બનવાએછે. અને તે (દીનની) દાંનાઈની મારફતે શુધરેલા અને સમરેલા વખતનું ફલ (ઇઆને પરીનાંમ), દરએક સારા ગુણ, ભલાઇ, આબાદી અને પુણને લગતુંછે. અને તે સઘલા તરીકા, આએ દુનીઆંને લગતી તેમજ

° [illegible]

° [illegible]

એ સુપીતમાંન જરતોશત ! જે કોઈ તનોમંદ દુનીઆંની અંદર મારાં તે, (ઇઆને ઉપર કહેલાં), નાંમોને રાત અને દાહડો ગણીને પઢે, (એટલે જે તેની વેરદ કરે). તે દાહડા અને રાતની અંદર, બુરા 'હેશમ' નો બદ વીચાર, તે મરદને નોકસાંન નહીં કરે. અને તેને મકરાજ, ગોફન, તીર, તલવાર, ગરૂજ અને ફતરથી કસ્સું નોકસાંન નહી થાએ; કારંણ કે, જેમ હજામરદો એક મરદની ઉપર નેગેહબાંની રાખેછે; તેમ એ મારાં નાંમો, ઉલટી અકલવાલા ગેબી દરૂજથી, અને વેર રાખનારા એહેરેમનથી, તથા અંગ્રમઇનીઉશની તરફથી (માણસને) હાંણી પોહચાડનારી સઘલી બદીથી, તે શખસનો સંભાલ કરેછે.

‡ માંથ્રથી ગુનેહગારોની સજાને પાછી ફેરૂવવી—તેની સહમજ એછે કે, કેટલાએક ગુનાહઓનું નીવારણ, આપણી દીનનાં ફરમાંન મુજબ, તેને લગતી મુકરર કરેલી બંદગીઓથી, પ્રસ્ચાતાપ કરવાએ થાએછે.

મીનોઈ દુનીઆંને લગતી નેકી અને શુખવાલાછે. અને ઘણાજ બુરા વખ- ૩
તનું વીચારવું, સઘલાં આદમીઓની સજા ભોગવવા જોગ આલુદગી ભરેલો
યાહુદી ધરમની ખાસીઅતોથીછે. અને તેનું ફલ ખરાબી અને ઘણીજ
બદકારીને લગતા વખતનુંછે. અને તે (ધરમને લગતી) બુરી બુદ્ધિ અને બીજી
એબોથી, આએ દુનીઆંનાં લોકોની દરએક (આએપત), ખરાબ ચાલચલણ,
બુરાઈ, કંગાલીઅત અને પાપને લગતીછે. અને તેથી (માંણસોને) મીનોઈ
દુનીઆંને લગતું દુઃખ અને હલાકીછે.

(૧૫૪) જાંહાંબી બદકારીનો ઘણો વધારો હોએ, તાંહાંથી તેનો ઘટારો કરવા સારૂં (દીનમાં) ફરમાવેલુંછે. તે વીસે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, અહુરમજદની પેદાએશની અંદર, (તે પેદાએશને) ૨
હાંણી પોહચાડવા સારૂ દરૂજ, (ઇઆને અંઘ્રમઈનીઉશ) થી, બદી પેવસ
થાએલીછે. તેથી, દાદાર અહુરમજદ, પેદાએશની શરૂઆતથી (તેનાં) શેવટશુધી,
પોતાની પેદાએશને, તેને ખરાબ કરનારા દરૂજની ઉપર, ફતેહમંદ કરનારછે.
અને સઘલાઓને બદીથી શુધારનારછે. કારણ કે, તે સાહેબ પોતે, તેની અગમ
બુદ્ધિથી વાકેફછે કે, આખેરને વખતે ભલી કઉઅતવાલી પેદાએશથી, દરૂજની
સકતીનો (ઇઆને અંઘ્રમઈનીઉશનાં બુરાં બલનો) નાસ થવોછે. પણ દરૂજને
(ઇઆને અંઘ્રમઈનીઉશને), તેનો સેવટે નાસ થવાની ખબર, શરૂઆતમાં
તથા વચલા વખતમા પડવાની નથી. બલકે આખેરના વખતની નજદીકીમાં,
જ્યારે તેની ઘણીએક બુરી સકતીઓનો નાસ કરેઆમાં આવસે, તેવારે
તેને તેનો વખત પુરો થવાની સહમજ પડસે. અને તે વખતે નાંઉમેદીથી તે
દુનીઆંમાં પોતાનાં સઘલાં સખત બલથી કુશેશ કરતો જણાસે. (પણ) વખત
પુરો થવા પછી દુશમનોની શઘલી કુશેશ કરેલી ફોકટ છે. કેમકે તે વખત,
એકીનદાર નેક લોકોને, આતશી કઉઅત (ઇઆને યજદી ખોરેહ) ના સંબંધથી,
વધારે ચલકાટવાલી કઉઅતના બનાવવાનોછે. દરૂજના ઘણા બુરાં જોરનો ૩
ઘટાડો થવાના વખત પછી, તેનાં બુરાં બલને જેમ શરૂઆતમાં દોડવું હતું,
અને તેહની સઘલી સકતીઓને જોલમ ગુજારનાર થવું હતું, તેમજ તેને
તેના વચલા વખતમાં જે કાંઈ ઘણું બલવંન્ત બનવું હતું, તેમ તેને (તે વખ-
તમાં) પાછું બનવું નથી.

૧ (૧૫૮) આદમીની અંદર (યઝદાની) ભલી યાદ, હમેશાં કરવાનો જે મારગ વીચાર સકતીથીછે, તે વીચાર સકતી તેની અંદર બંધ પડવાથી, તે ભલી યાદ કરવાને લગતો સારો ખયાલ, તેનામાં મુતલક રેહતો નથી. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, આદમીની અંદર હમેશાં સવછ નેકીનો વીચાર હોએછે. ત્યાં જેઆરે હલાકીને લગતો વીચાર પોતાનું મકાંન કરેછે. તેયારે તે (ઈનસાંન) માં જે કાંઈ હમેશાં ભલી યાદ કરવાનો વીચાર હોએછે તે, તેનામાં મુતલક રેહતો નથી. અને તેથી તે આદમી, હમેશાં નેકી વગરની હલાકીવાલું રેહછે. તેનાં (દીલ) માં ઉલટા વીચારે મકાંન કરવાથી, તેનામાં સારી યાદ

૩ કરવાનું મુતલક રેહતું નથી. જે આદમી, તેહને લગતી હલાકી વગરનું અને સઘલી નેકી સાથનુંછે, તે ઓત્તમ બેહસ્તનાં મકાંનવાલુંછે. અને જે આદમી, નેકી વગર, સઘલી હલાકી વાલુંછે, તે સરવેથી બુરાં દોજખવાલુંછે. આએ બેહુ મકાંન (ઇઆને બેહશત અને દોજખ) ની વચ્ચે, ગેતી (ઈઆને આપણાં હાલનાં રેહઠાંણવાલી દુનીઆં) છે. તેમાં જે ઈનસાંન, અંધકાર વીચારવાલું (ઈઆને શેતાંની મારગ ઉપર ચાલનારૂં) છે, તેનો

૪ ઉતારો તાબેદારીવાલાં (દોજખનાં) મકાંનમાંછે. જે મેહમાંનનો વીચાર, તેનાં અસલ વીચારની વીગત મુજબ, તે મકાંનમાં જનમ લેવાનો હોએછે, કે જે જગો, વગર શુખની અને ઘણી ઘાતવાલીછે. તો, તાંહાં તે જાએછે.

૫ અને જે મેહમાંનનો વીચાર, તેનાં અન્તકરંણના વીચારની વીગત મુજબ જણમ લેનારાં ફાએદેમંદ કાંમો અથવા બીજા તેવાજ સબબોને લગતો હોએછે. તો, તે (આદમી) વગર ચલકાટ અને ઘણી ઘાતવાલી જગા સેવાનાં, ચલકાટ ભરેલાં બેહસ્તનાં મકાંનમાં જાએછે. કે જે વગર ઘાતનું મકાંન, ઘણું કરીને યજદાંની હમેશાં યાદ કરવાને લગતુંછે. અને તે વગર ચલકાટવાલાં તથા ઘણી ઘાત સાથનાં (દોજખનું) મકાંન નથી; પણ તેથી ઉલટું તેના અસલ જનમવાલી (યાને પાક ખોદાએતાલાએ જાંહાં પેહલ્લાં

૬ તેહનાં રૂહને પેદા કરીઉં હતું તે) જગોછે. જે શખસની વીચાર શકતીમાં દીનને લગતી દાંનાઈનો મારગ હોએચ, અને તે અહુરમજદી વીચારવાલો હોએચ, તો તે ચલકાટવાલું અને વગર ઘાતનું મકાંન મેલવનારોછે. વલી

જે શખ્સનો વીચાર, તેની જનમ ભોમીમાં પોતાને પોહચાડવાથી ઉલટો હોએછે, તો તે શખ્સ, તેહની જનમભોમીને સારૂ ખાંમી ભરેલો હોવાથી, તેહનું મકાંન, વગર સુખવાલી અને ઘણી ઘાતવાલી (દોજખની) જગો વાલુંછે.

(૧૧) પસંદ કરવા જોગ સારી કીરીઆવાલાં ધરમી કાંમોછે. અને (તેથી) ઊલટાં, નરસી કીરીઆવાલાં, બુરાઈ અને જાદુઈને લગતાં કાંમોછે. તેનું નીવારંણ કરવાના ઉપાએ વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, પસંદ કરવા જોગ, સારી કીરીઆવાલાં ધરમી કાંમોછે. અને તેથી ઉલટાં, નરસી કીરીઆવાલાં બુરાઈ અને જાદુઈનાં કાંમછે. અને તેનું નીવારંણ આએ પ્રકારેછે કે, જેકોઈ, દાદાર અહુરમજદનાં અને પાદશાહનાં ફરમાંનની ઉપર એોસ્તવાર રેહીને, ધરમી કાંમ કરનારો હોએછે, તેનું મકાંન, બદન અને પોશાક, દરએક તરેહની રીમનીથી, દીનનાં ફરમાંન પરમાંણેનું, (ઇઆને પાક), અને બદબોઈને ઢાંકી નાંખનારી તથા દરૂજને તોડનારી ફતેહમંદ ખુશબોઈવાલું હોએછે. અને તે (પાક) મકાંનમાં, યજદાંની યજશને કરનારા ભલા લોકો, તેઓનાં નેક દીનને લગતાં, અથોરનાંનપણાંને લગતાં, ખુબી ભરેલાં મનથી વીચારવાને લગતાં, અને સાચ્ચું બોલવાને લગતાં, નાંમદારી ભરેલાં, નેક કાંમો કરવા સારૂ, ઘણીએક રોશનીવાલી, પાક અને ખુશબોદાર વસ્તુને લેઈ જાએછે. ધરમી અને પાક આદમીઓએ, હમેશાં બદીથી દુર રેહવું. તથા તેઓએ દેવના તરીકાને લગતી, બુરી કીરીઆવાલી જાદુઈથી તથા બુરાઈ ભરેલાં કાંમથી, હાંણી પોહચાડનારા એહરેમનની સ્તુતી નહી કરવી. અને ઘણીજ બેમાલુંમ રીતે પોહચનારી રીમની તથા ગંદગીને, પોતાનાં મકાંન, બદન અને પોશાકથી, દુર રાખવી. (કારંણ કે), નસા, (ઇઆને મુરદાંને લગતી વસ્તુ), અને અહેર, (ઇઆને મુરદાંને લગતી પ્રવાઈ તથા શુકી ચીજ) ને પસંદ કરનારાં આદમીથો, યજદો દેલગીર અને દેવો ખુશી થાએછે. દેવની પ્રસ્તેશ કરવાની બુરી ૨

દીનથી, તથા જુઠું બોલવાનાં ઉલટાં મનવાલા વીચારથી, અને ઉલટાં કાંમે કરવાથી, આદમીઓ દેવપ્રસ્તી ઉપર ઇમાંન લાવનારાં અને પોતાનાં કાંમમાં દેવોની નાંમ બ નાંમ યાદ કરનારાં થાએછે. અને તેથી તેઓ, બુરી નાંમદારીવાલાંછે. જાદુઇને સારૂ નસા અને બીજી દેવને લગતી સઘલી વસ્તુને

૩ પસંદ કરનારૂ આદમી, જાદુગરોનું સરદારછે. આએ (બે તરેહનાં આદમીઓ) માંનાં દરએકને પીછાંણવું, એ અકલને લગતા ઉપાએથીછે. અને તે, આએ રીતેછે કે, બેમાંથી જે ધરમવાલો, (ઇઆને મજદીઅસની દીનનાં ફરમાંન પરમાંણે ચાલનારો) શખ્સછે, તે ગરમ આતશમાં કાંમ કરનારાઓ, (એટલેજે) જેઓ તાવેલાં કાંસાની અંદર ચાલનારાછે, તેઓને લગતી તકરારથી જુદોછે. (કેમકે) તે આતશી વસ્તુથી તેની જબાંનને, અને તે આતશની ચાહથી તેના પગને, ડાહાગવું નથી. પણ કોઇબી રીતની આતશની સોજશ તેહને નહી લાગવાથી, તે આતશની ચાહ તેને એક નુરવાલી ચીજ તરીકેછે. વલી જો તે (તાવેલી ધાતુની ગરમી), તે આદમીનાં બદનને સજા થવાજોગ તથા દુઃખ આપવાજોગ લાગેછે, તો તે તેનાં ખોટું બોલવાના છુટકારા તરીકેછે. અને જે લોકો પોતાની જબાંન તથા હીલચાલથી પાકીવાલાછે, તેઓને (તે વેલા) કોઇ પરકારનું કેદખાંનું નથી. વલી જે કોઇ જાંણીજોઇને દરૂજ તથા દેવની આરાધના કરનારાછે, તેઓની છાતી, જબાંન અને પગની ઉપર (ખોદાતાલાની તરફની) બેઇમાંનીની નીશાંણનું દેખાવુંછે. અને આએ (સજાને લગતા) બંદોબસ્તથી, (એટલેજે તાવેલાં કાંસાંની ધાતુમાં ચલાવવાથી), બેહુ તરેહના ધરમી લોકો, (એટલેજે અશો અને દરવંદ), તે ખોદાઇ સકતીનાં કાંમથી, દેખાવમાં સેતારાના જેવા (ઇઆને ચલકાટ ભરેલા) થાસે. આએ (બે તરેહના લોકોમાં), એકને, (એટલેજે પાપીઓને), તે આતશને લગતી ધરમી કીરીઆની મારફતે સજા થવીછે, (એટલેજે) તેઓને દજાડનારી હલાકીથી, તેઓના અસલ ગુનાહને બરતરફ કરવોછે.

૪ અને બીજા જે સાચ્ચું બોલનારા લોકોછે, તેઓને જુઠું બોલનારા તથા જુઠાં કાંમ કરનારા લોકોની અંદરથી ચુંટી કાહડી, તેઓને ચહડતો દરજજો આપવોછે. અને ઇજા ભોગવનારા લોકોથી તેઓ છુટાછે, તેનું તેથી જણાવુંછે. વલી જેહની હયાતી (આએ દુનીઆંમાં) કાએદાસરની હોએ. અને તેણે પોતાની જીનદગીને (અપવીતરાઇથી) પુરતી રીતે પરહેજમાં રાખેલી હોએ; તો તેની જાતને આતશની મારફતે બરવાથી અને નકાંમી થવાથી છુટકારો મેલવવોછે. પણ જેની હયાતી (આએ દુનીઆંમાં પાપી કાંમોથી), પરેહજથી રાખેઆમાં

નહી આવેલી હોએતો, તેની જાતને આતશની મારફતે, (એટલેજે તાવેલાં કાંસાની ધાતુથી), નકાંમુ (ઇઆને રદ) થવુંછે. અને તેથી, એહરેમને તેને, ઘણી ઠગાઈ કરનારો બનાવેઓ હતો, એવું તેને જણાસે.*

(૧૪૦) બાપે, તેનાં ફરજંદ ઉપર, તે (ફરજંદ) ની બચગીથી તે, તે મોહટું થાએ તાંહાંશુધી, પેઆર રાખવો સજાવારછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૧

જાંણવું કે, ભલી દીનનું ફરમાંનછે કે, મા બાપે તેઓનાં ફરજંદો જણમે, તેઆરથી તે, તે ફરજંદ ૭ વરસ† ની ઇઆ તેથી વધારે ઉમરનું થાએ તાંહાંશુધી, તે ઉપર ઘણો પેઆર રાખવો. અને તે હદની અંદર, બે વરસ ઇઆ તરણ વરસ શુધી, દુધના ખોરાકથી તે બચ્ચાંને ઉધારવું. અને તેની બચ્ચગીથી તે, તે સાત વરસની ઉમરે પોંહચે તાંહાંશુધીમાં, તેની જાતથી જે કાંઈ ગુનાહ

૨

* આએ ઉપલી બાબતને લગતી, તનપસીનના વખતમાં તાવેલી ધાતુમાં માંણસોને ચલાવવાની શાખ્શી, 'અહુનવત્' ગાથાના તરીજા હાની સેવટે આવેલીછે. અને તે આપણા પેગમબરે પોતાના વચણોમાં આએ પરમાંણે જણાવેલીછે:—

[illegible]

'(તનપસીનના વખતમાં), અશો અહુરમજદ તે બેહુ તરેહનાં આદમીઓને, (એટલેજે નેક તથા બદ લોકોને), તેઓને લગતા એતેકાદની સહમજ આપવા સારૂ, તાવેલી ધાતુમાં નાંખસે. તે વેલા જેઓ અશો હસે, તેઓ કાએમ રેહસે; (એટલેજે તેઓને તે તાવેલી ધાતુની સોજશ લાગસે નહી). અને જેઓ પાપી હસે, તેઓ તેથી ઇજા પાંમસે. અને સેવટે તેથી, અશો લોકોને ફાએદા થાસે.'

વલી એ વીસેની બીજી જીકર, એજ 'અહુનવત ગાથા' ના ચોથા અને પાંચમા હાના પાક અવસતામાં પણ આવેલીછે.

† જાણવું કે, આપણી મજદીઅસની જરતોશતી દીનની અંદર, માબાપ વગરના ઇતીમ બચ્ચાંની સાત વરસ સુધી, અને સગનાં બચ્ચાંની છ મહીના સુધી, પરવરશી કરવાની, કોઇબી જરતોશતીની ફરજ જણાવેલીછે. અને તેને લગતું ફરમાંન અવસ્તામાં નીચે લખી જણાવેઆ પરમાંણે આવેલુંછે.

[illegible]

છ મહીના સગની પરવરશી કરવી. અને સાત વરસ (આદમીનાં ઇતીમ) બચ્ચાંની પરવરશી કરવી.

થયો હોએ, તેની તેને સજા નહી કરવી; કારણ કે, (તેટલી ઉમરમાં) ગુનાહ તેહને મુતલક લાગુ પડતો નથી. પણ ત્યાર પછીના સઘલા ગુનાહઓનો ઘટાડો, તે
૩ બચ્ચાંની તરફ પેઆર રાખવા સાથે, તેની કાએનાત મુજબ કરવો. બાપે તેનાં બચ્ચાંને ચહડતે દરજજેનું બનાવવા સારૂં, તેને તાબેદારીથી રેહવાની ઘટતી કેલવણી આપવી. અને બાપની અંદર જેટલી સકતી હોએ, તે મુજબ તેણે તે બચ્ચાંને ઉનચે દરજજેનો સંપુરણ એલમ સીખવીને, મોહટી પદવીએ પોહચાડવું. કારંણ કે, બાપની ફરજ, તે બચ્ચાંને તેના બાલકપણાંમાંથી, તેને ઉતરતે દરજજેથી, ચહડતે દરજજેનું બનાવવાનીછે. અને તે ફરજંદની ફરજ, પોતાના બાપની તરફ, તાબેદારી અને નમનતાઇથી રેહીને, બાપનો પેઆર મેલવવાની તથા તેને ખુશ રાખવાનીછે. જેઆરે તે બાલકની અંદર ગેબી વીચાર સકતી જણમ લીએછે, તેઆરે નીચ દેવો, (ઇઆને બુરી બુધ્ધિની તરફ ઉસકેરણી કરનારી ગેબી સકતીઓ), તેહને (આએ દુનીઆંમાં) ખરાબ થવાની નીચ સલાહ આપેછે. માટે તે આદમીની અંદર બુરા વીચારનો અટકાવ કરવા સારૂં તથા તે આદમીને હમેશાં લાંમ્બી જીનદગીવાલા (ઇઆને નીતી તથા નેકીનાં) કાંમ કરવા સારૂં, તથા તેની જાતને (ગુનાહથી) પાક રાખવા થકી, જેમ બને તેમ જલદીથી, તેની અંદરથી દરૂજને (ઇઆને ગુનાહને લગતી સકતીને) હાંકી કાહડવા સારૂં, તેને મજદીઅસની દીનને લગતી પુરતી સહમજ આપીને, તેને દીનદાર બનાવવું.

---

૧ (૧૪) અશો લોકોના (સવાબનાં) બદલા વીસે, તથા તેઓની (ગુનાહને લગતી) સજા વીસે, અને પાપીઓની (ગુનાહને લગતી) સજા વીસે, તથા તેઓને મલતા બદલા વીસે. ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, ભલી દીનનાં ફરમાંન મુજબ, સવાબને લગતી આએપતને, (સવાબનો) બદલો સહમજવો. અને ગુનાહને લગતાં દુ:ખને, (પાપની) સજા ગણવી. બીનોઇ જેહાંનમાં દરએક ઇનસાંનને સવાબ કે ગુનાહ કરવાના સબબનો મુતલક સંબંધ નથી. પણ ત્યાં (માંણસોને) સવાબનો બદલો મલવો
૩ અને ગુનાહની સજા ભોગવવીછે. દરવંદો (ઇઆને પાપીઓને જે સવાબનો) બદલોછે તે, તેઓના ગુનાહની સજા, જે ફ્રશોકેરતના

વખત શુધી દોજખ ભોગવવાનીછે, તે સજાને ફેરવવાથીછે. અને તે ગુનાહની સજાને આગમચથી ફેરવવી, એ આગ્એ દુનીઆંમાં તેને વાસ્તેના ઉપાએ તરીકેનાં સવાબનાં કાંમ કરવાથીછે. અશો ૪ લોકોને જે ગુનાહને લગતી સજાછે, તે જે કાંઈ ગુનાહ, આગ્એ દુનીઆમાં તેઓને લાગુ પડેઓ હોએય, તેનો ઉપાએ તેઓની તરફથી નહી થાવાને લગતીછે. અને તે સજાનું આગમચથી ફેરવાવું, તેઓના સવાબના બદલાની અંદરથીછે. (એવી તરેહથી કે), તે અશોનાં રવાંને ગુનાહ કરતાં સવાબ કેટલો કરેલોછે ? તેની તપાસમાં, (ગુનાહ બાદ કરતાં), તે પવીતર રેવાથી, તે અશોને ઓત્તમ મકાંનમાં જવુંછે. અને તેવા અશો લોકોને, સવાબના બદલામાં હમેશનાં બેહશતનું મલવુંછે. મજદીઅસની દીનની અંદર જણાવેલુંછે કે, ખલકનાં લોકો, સવાબના બદલાવાલાં અને ગુનાહની સજાને લગતાં દરએક મુલના સબબ તરીકેછે. માટે આગ્એ દુનીઆં (તેઓને સારૂ) મીનોઈ દુનીઆંને માટેની બખ્શેશ મેલવવાનાં મકાંન તરીકેછે. અશો ૫ લોકોના ગુનાહને લગતી સજાને ફેરવવી, એ આગ્એ દુનીઆંમાં તેઓએ પોતાનાં વાંકોનો જાહેર રીતે એકરાર કરવાથી, અને જે ચીજથી તેઓને મીનોઈ દુનીઆંમાં સવાબનો બદલો મલે, તેને લગતી યાદ રાખવાથી, તથા તેઓને કેટલીએક બખ્શેશ આગ્એ દુનીઆંમાં નહી મલે, તે ઉપર રાજી રેહવાથીછે. પાપીઓને (તેઓના) ગુનાહને લગતી સજા, નાંપસંદગી સાથે ૬ ખમવી, એ ગુનાહનાં કાંમનાં નીવારણને સારૂં, તેઓમાં મીનોઈ દુનીઆંને માટેનાં કાંમો કરવાની તથા તે કાંમોને ઉધારવાની સકતી હોવા છતાં, તેમ નહી કરવાથી, અને નેકીના બદલાની તથા તેહને લગતો (બોદાનો) આભાર માંનવાની યાદ નહી રાખવાથીછે. મીનોને લગતાં મકાંનને ખરાબ કરવું, એ, માંણુસની પોતાની ઈચ્છાથીછે.

(૧૫૪) દાદારને કોઈ જગોએથી ઈઆ કોઈ ચીજથી હાંણી પોહચવી છે કે નહી ? તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, દાદાર પોતે, દરએક માંણુસને ભલી દીન ઉપર એતેકાદ ૨ વાલાં રેહવાની ઈચ્છા રાખનારો તથા તે (દીન) ને લગતું ફરમાંન આપનારોછે. કારંણ કે, જો ઈનસાંનો, આગ્એ દુનીઆંમાં, ભલી દીન ઉપર એતેકાદ રાખ-

નારાં હોએતો, તેઓ એબ આપનાર (એહરેમન) નો ઘટાડો કરી સકે. અને જો તેઓ, ભલી દીનનો સંબંધ રાખનારાં નહી હોએતો, તેઓ (આએ દુનીઆંમાં) વગર ઘાતે, સવછ હાલતમાં અને સઘલાં સુખથી રહી સકે નહી. જેઓ ભલી દીનને લગતી (બાબદની) શોકથી પુછપ્રછ કરનારાછે, તેઓનાં કરતાં વહડતે દરજજેના તે લોકોછે, કે જેઓ ભલી દીનને લગતી સહમજ રાખવા સાથે, તે દીન ઉપર સાચ્ચા એતેકાદથી રેહનારા હોએ. જે ગુનેહગાર આદમી, એબ આપનારા (એહરેમન) ને લગતાં ઘણાં પાપથી, (દુનીઆંના) લોકોની અંદર દુખ અને ઇજા કરનારૂ હોએછે, તેનીથી લોકો દાદારનાં હોકમ અને તેની ઇચ્છાથી ઉલટા જાએછે. અને તેજ સબબછે, પેદા

૩ ના કરનાર (દાદાર) ને હાંણી પોહચાડવાનો. જે ધરમગુરૂઓ, દાદારને લગતી વસ્તુને કાંઇબી નોકસાંન કરનારા હોએ તો, તેઓનો મજહબ નેસ્તીને લગતો તથા દાદારની મરજી અને ફરમાંનને દુબારનારોછે. જે ગુનેહગાર (આદમી), આએ દુનીઆંમાં કોઇબી ગુનાહનું કાંમ નહી કરેતો, તે (આવતી દુની-આંમાં) સવાબના બદલાને તથા ગુનાહની સજાને લાએકનું નથી. પણ જો તે, દાદારનાં ફરમાંનને રદ કરવાની ઇચ્છા નહી ધરાવતો હોએ, બલકે (દાદારની) ઇચ્છા અને ફરમાંનને લગતાં કાંમ કરનારો હોએતો, તે પાપી (ધરમવાલો) હોવા છતાં, સવાબના બદલાવાલોછે. અને ગુનાહની સજાને લાએકનો નથી. જો કોઇ પાપી (ધરમવાલો), દાદારનાં ફરમાંનને પોતાની ઇચ્છાથી નહી રદ કરે તો, તે વીસે દીનમાં ફરમાવેલુંછે કે, તે શખ્સ દાદારનાં ફરમાંન વીસે તેહની ઇચ્છાની અંદર હમશરીકછે. કેમકે, જે ધરમ ઠગારાં ઇનસાંનની તરફથી કેહવાએલો હોએછે, તે ધરમ તરીકે ગણાતો નથી.

---

૧ (૧૫૪) જે કાંઇ મુલછે, તે ફલથીછે. અને જે ફલછે, તે મુલથીછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, જે કાંઇ મુલછે, તેહની હયાતીનું જણાવું, (તેનાં) ફલથીછે. અને મુલ, જે પરમાંણેનું હોએછે, તે પરમાંણેની સારી ઇમાંનદારીવાલાં તેનાં ખુદ ફલો હોએછે. અને તેઓ ખવાસની અંદર સારા દેખાવવાલાં તથા નરસા દેખાવવાલાં, ખુશબોઇવાલાં તથા બદબોઇવાલાં, અને ખાવાની અંદર સારી

લેજતવાલાં તથા નરસી લેજ્જતવાલાં, અને કઉઅતની અંદર તનદરૂસ્તી ભરે-લાં અને દુબલા દેખાવનાં, તેનાં મુલનાં જેવાં હોએછે. જેઓની હસ્તી, અંધ-કાર (અંધમઈનીઉશ) ને લગતી હોએછે, તેઓ તેના જેવી ખાસીઅતના હો-એછે. અને તેને લગતું જે કાંઈ ફલછે, તેથી દરએક ચીજની હયાતીને નોકસાંન થવુંછે. તે ફલનો ખવાસ તેનાં મુલને મલતો હોએછે. અને જેઓ તે અંધકાર મુલને લગતાછે, તેઓ આએ દુનીઆંમાં, તે (અંધકાર) ની બુરી બુધ્ધિના મેલાપને લીધે, બુરી બુધ્ધિવાલાછે. અને (તેની) પાપી હાલતના સંબંધને લીધે, પાપ કરનારા જણાએલાછે. અને જેઓ, અહુરમજદી મુલના સંબંધવાલા, (ઇઆને સ્પન્તોમઈનીઉશને લગતા) છે, તેઓ તેને લગતી દાંનાઈના સંબં-ધથી, દાંનાઇવાલા, અને તેને લગતાં પુનના સંબંધથી, પુણ કરનારાછે. તેથી જેઓ પાહુદી ધરમવાલાછે, તેઓ ખુદ એક મુલના, (ઇઆને અહુરમજદના) સંબંધવાલા, બની સકતા નથી. કારણ કે, દાંનાઈ અને બુરી બુધ્ધિ, એ જાતે એક નથી. તેથી જો જાતે દાંનાઈવાલો, બુરી બુધ્ધિવાલો જણાએતો, તે બુરી બુધ્ધિવાલાં મુલથીછે. કેમકે, બુરી બુધ્ધિવાલો પોતે, તેને માટેનો ગુનાહ કરવાના સબબ તરીકેછે. વાસ્તે ગુનાહનું કાંમ કરનારી જાત, ખાલેસ સ્પન્તોમઈનીઉશને લગતી મુતલક નથી; પણ તે ખચીત અંધમઈનીઉશને લગતી હોવી જોઈએ. ૩

(૧૫૯) છુટકારો મેલવવાની ઈચ્છાવાલું કોણછે? અને તેનું નામ અવસ્તામાં શુંછે? તથા છુટકારો મેલવવાની ઈચ્છાવાલું કરનાર કોણછે? અને છુટકારો મેલવવાની ઈચ્છાવાલું કરવાનો સબબ શુંછે? છુટકારો મેલવવાની ઈચ્છાવાલું (માંણસ), તેના દુશમનની તરફના તરીકા ઊપર શોક કરવાને માટેનું કેમ નથી? અને તેને કોણથી તથા સાને સારૂ ફાએદા અને નોકસાંનછે? તથા તેથી ખલકને શું મોહટો ફાએદા થવોછે? તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, (દોજખથી) છુટકારો મેલવવાની ઈચ્છાવાલું, આએ દુનીઆ-ની અંદરનું માંણસછે. અને અવસ્તામાં તેને અહુએ અસ્ત હુમનંદ કરીને કહેલુંછે. જેનો અરથ તનવાલો માલેક, તથા વીચારવાલો સાહેબ, એવો થાએછે. ૨

છુટકારો મેલવવાની ઇચ્છા વાલાં આદમીની હકુમત, (પોતાના) આતમાને માટેની ઇચ્છાની તરફ પોતાને ચલાવવાની તથા તેને લગતું ચહડતે દરજ્જેનું કાંમ કરવાનીછે. (આદમી સેવાએ), આએ દુનીઆંની બીજી પેદાએશ, આએ પરમાંણે પોતાની મરજી મુજબનું રાજ કરનારી નથી. જેઆરે યજદોની અંદરથી આદમીનો એક માલેકછે. ત્યારે તે સાહેબની તરફ, આદમીએ પોતાને કાંએ નહી ચલાવવું જોઈએ ? આદમીએ પોતાને, તે ખોદાએતાંલાની તરફ એટલા વાસ્તે ચલાવવું સજાવારછે, કે તે સાહેબથી તેણે આએ દુનીઆંમાં જણુમ લીધોછે. આદમી પોતાની અંદર મીનોયજદોને રાખવાથી, તે મીનોયજદોની (સાહેતાને) લીધે, પોતાને આએ દુની-

૩ આંની કાયાવાલું રાખી સખેછે. (માંણુસને) છુટકારાની ઇચ્છાવાલું કરનાર, પેદાનો કરનાર અહુરમજદછે. આદમીને વાસ્તેની હકુમત, છુટકારાને માટેની ઇચ્છા રાખવાએછે. આદમીઓ ચહડતે દરજ-જેની ઇચ્છાવાલાં, સવાબને પસંદ કરવાએ અને ગુનાહને ના પસંદ કરવાએછે. દાદારની મતલબ, (આદમીના) છુટકારાની ઇચ્છાને લગતીછે. અન્તકરંણુની આંખ, આદમીને જોતું, (ઇઆને સાવધ) રાખનારીછે. અને તેની હકુમતની મારફતે, આદમીએ પોતાને લાએક બનાવવુંછે. અને તેની હકુમતથી, (માંણુસને) દાદારની તરફની કઉઅતનું મલવુંછે. વલી આએ (અન્તકરંણુની આંખવાલી) સકતીને લીધે, માંણુસ દરૂજના સઘલાં લશકરને હાંકી કાહડવાને માટેનું સરવેથી સરસ બલ ધરાવનારૂંછે. તેમજ તે, અહુરમજદની પેદાએશને હાંની પોહચાડવા સારૂં પોહચનારા દરએક દરૂજને કજલાવનારૂંછે. અને તેને, (ઇઆને અન્તકરણુની આંખને), મદદ કરનારી ભલી દીનને લગતી નીતીનો બોધ આપનારી ખોદાઈ અકલછે.

૪ આસ્ને ખેરદ (ઇઆને ખોદાઈ અકલ) ના દુશમન તરીકે, ઉલટી અકલ તથા બુરી બુદ્ધિને લગતો બોધછે. કે જે (ઉલટી અકલ અને બુરી બુદ્ધિનું ગણેઆંણુ), અકલને આડે આવનારી અને દરૂજની બુરી દીનને મદદ કરનારી (વસ્તુ) છે. (માંણુસને) સ્પેનામીનોની તરફથી સવાબને (લગતાં કાંમને) પસંદ કરવું, વીચારવું, (તેને વાસ્તેનું) બોલવું અને કરવુંછે. અને ગુનાહને નાંપસંદ કરવો, નહી વીચારવો, નહી બોલવો અને નહી કરવોછે. તેની સાંહમણે, (માંણુસે) અંધમઇનીઉસની તરફથી, ગુનાહનાં કાંમને પસંદ કરવું, તેને માંટેનો વીચાર કરવો, તેને સારૂં બોલવું અને તેને વાસ્તેનું કરવુંછે. અને સવાબનાં ફાએદા

ભરેલાં કાંમને નાપસંદ કરવું, તેને માંટે નહી વીચારવું, નહી બોલવું
અને નહી કરવુંછે. ૫ ગુનાહનાં કાંમને નાપસંદ કરવાએ, નહી વીચારવાએ,
નહી બોલવાએ અને નહી કરવાએ; તથા સવાબનાં કાંમને પસંદ કરવાએ,
વીચારવાએ, બોલવાએ અને કરવાએ, માંણુસ પોતે પોતાને (દોજખની
ઈજાથી) છુટકારો આપવાની હકુમતવાલુંછે. તેમજ તે, આએ દુનીઆંનાં
બીજા લોકોને, યજદાંની તરફની કઉઅતની મારફતે, દરૂજનાં નોકસાંનથી
છુટકારો આપનારૂંછે. ૬ અને ગુનાહને પસંદ કરવાએ, વીચારવાએ, બોલવાએ
અને કરવાએ; તથા સવાબને, નાપસંદ કરવાએ, નહી વીચારવાએ, નહી
બોલવાએ, અને નહી કરવાએ, માંણુસ પોતાને પોતાની હકુમતની મારફતે
(દોજખનું) બંદીવાંન કરનારૂંછે. અને તેજ પરમાંણે બીજા લોકોને, તેઓને લગતી
દરૂજની સકતીની મારફતે, (દોજખનાં) કેદી બનાવનારૂંછે. ૭ ખલકનાં લોકોને
ઘણો ફાએદો થવો, તેઓની (દરૂજથી) છુટકારો મેલવવાની ઈચ્છાથીછે. અને
સઘલાં આદમીઓ પોતાને માંટેની હકુમતવાલાં, દરૂજની ઈચ્છાનો તથા
બુરી દીનનો શોક નહી રાખવાથીછે. દાદારની ભલી દીનને લગતી ઈચ્છાનો
અહડતે દરજેનો શોક રાખુવાથી, માંણુસ પોતાને શુધારનારૂંછે. અને ગુના-
હનાં કાંમને નાપસંદ કરવાએ, નહી વીચારવાએ, નહી બોલવાએ, અને
નહી કરવાએ; તથા સવાબનાં કાંમને પસંદ કરવાએ, વીચારવાએ, બોલ-
વાએ અને કરવાએ, (માંણુસ તેના) આતમાને દાદારની ઈચ્છા મુજબ સારી
રીતે રાખનારૂંછે. અને તેથી, ખલકના દુશમન તરીકે ઉભા થાએલા અંઘ્ર-
મઈનીઉશનો ઘટારો થવોછે. અને ખલકના લોકોને અમરગી, ખાલેસી અને
હંમેશનાં સુખને સારૂ તેના દુશમન અંગ્રમઈનીઉશથી દુર રેહવુંછે. ૮ જે ધરમ-
ગુરૂઓ, ગુનાહનાં કાંમને પસંદ કરવાએ, વીચારવાએ, બોલવાએ અને કર-
વાએ; તથા સવાબનાં કાંમને નાપસંદ કરવાએ, નહી વીચારવાએ, નહી
બોલવાએ અને નહી કરવાએ, માંણુસનો (દોજખથી) છુટકારો કર-
વાની અતીઅંન્ત ઈચ્છા રાખનારાછે. તેઓ સેવટે હુમેશના દોજખી
છે. અને દોજખથી તેઓનો હરગેજ છુટકારો થવાનો નથી. તેઓનો મજ-
હબ, માંણુસને (તેઓના કેહવા મુજબ), (તેઓના) ધરમની ઈચ્છાએ, (પાપથી)
છુટકારો આપવાનોછે; પણ તે (ધરમ) આદમીના ફાએદાને માંટેનો નથી એટ-
લુંજ નહી, પણ પાક યજદોને ઘણી ઈજા પોહચાડનારો અને આએ દુની-
આંનાં સઘલા લોકોને સેવટની બુરાઈ તથા હલાકી પોહચાડનારોછે. અને
(દોજખથી) છુટકારો આપનારો નથી, પણ તે, તે મજહબવાલા લોકોને ખરાબ
કરનારોછે. તેને નીતીવાલો નહી, પણ પાપી ધરમ કેહવો જોઈએછે.

આએ પુસતકને છપાતાં થાએલી ભુલને લગતું ગુજરાતી શુધ્ધી પતર.

સફો.	સતર.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૮૩	૮	નરસો...	નરસો).
૧૮૪	૨૪	જવાદાર...	જવાબદાર.
૧૯૨	૧૦	....	સરદીને લાધે સરદીવાળી.
૧૯૫	૩૩	સકતી....	સકાતી.
૨૦૭	૫	બીના.	બીજાના.
૨૦૦	૬	ધરગુરૂ	ધરમગુરૂ.
૨૦૦	૯	૯ મો ફકરોછે તેને બદલે.. ..	૧૦ મી સતરે ૯ મો ફકરો ગણવો.
૨૦૦	૨૨	અવગંર..	વગર.
૨૦૧	૬	મેલવા	મેલવવા.
૨૦૨	૧૪	પોહચેલા..	પોહચેલો.
૨૨૧	૨૦	તે.	તેનાં.
૨૨૩	૨૦	કાહેલી	દેવપ્રસ્તી, કાહેલી.
૨૩૦	૧૦	તથ..	તથા.
૨૩૮	૧૬	....	(ફકરો) ૫.
૨૪૧	૨૫	તેઓને	તેઓના.
૨૪૬	૨૩	સેવાનાં..	સેવાઓનાં.
૨૫૨	૨૬	બવાસ	રંગ.

THE ENGLISH TRANSLATION,

BY

RATANSHÁH E. KOHIYÁR, B.A., LL. B.

UNIVERSITY OF BOMBAY.

CONTENTS..

PAGE.

Of men who are strong or weak in doing deeds of righteousness or sin 189

Men become better (righteous) when their doings in this world are in conformity with (their) faith regarding the coming world; and they receive harm from holding relations with the destructive power of Ahereman... 190

From the beginning of the world the righteous and the sinners have respectively been of the side of the Good and the Evil Source 194

Regarding the power of religion over the children of men ... 196

Regarding men who belong to and men who do not belong to the religion 196

Regarding two excellent qualities connected with superior intelligence possessed by man, and two wicked qualities connected with perverse inferior intelligence possessed by him 197

Exposition regarding light and darkness... 199

How it is that men of this world have thought of doing the work of Ahereman 203

Exposition in the good religion regarding good and evil intelligence 204

It depends upon kings whether the world walks in the good path or not 205

Regarding foresight, superior rank, discrimination, wisdom, faith, belief, inference, sense, understanding, thought, speech and deed 205

Regarding the mutual connection of wisdom, desire and speech.. 206

Who in this world causes harm to Ahereman? Who is harmed by injuring man? 208

PAGE.

Regarding men of the religion who hold relations with good and with evil; how they are to be judged; and how their goodness or wickedness is to be distinguished 209
No other religion save the Mazdiasnian religion severs Anghra Mainius from man 211
Men prevail over one another in the world through good and evil deeds 213
Regarding men who exist for their good and men who do not exist for their good 215
How does a man acquire complete knowledge of his calling? ... 215
The king who brings men into the Mazdiasnian religion augments virtue and diminishes vice 216
Superior strength confers upon men rank and lustre: inferior strength brings them into a low and degenerate condition. 217
Of the thoughts that impart increased lustre and increased darkness to the Mazdiasnian religion 219
Exposition regarding physical and spiritual medicine 220
Regarding the duty of man to do the work relating to the next world and to remain aloof from doing what ought not to be done 242
Regarding the men who in this world make themselves walk in the ways of immortality and remain on the side of Spento Mainius and Anghra Mainius 245
Regarding the number of times the sun will shine upon this world from its original place 246
Of the exposition of the Mazdiasnian religion in the three parts of the Avestá 248
